આવતીકાલનાં નાગરિકોનું પત્ર

ઑગસ્ટ ૨૨૪ ઈ. ૧૯૪૨



લીનોકટ · શ્રીમતી રતિ પિટિટ

તંત્રી : રવિશંકર મ. રાવળ ★ સંપાદક : બચુભાઈ રાવત



કુમાર પ્રત્યેક અંગ્રેજી મહિનાની પંદરમી તારીખે બહાર પડે છે

મુદ્રક·બચુભાઈ રાવત, તંત્રી અને પ્રકાશક · રવિશંકર રાવળ, કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય ૧૪૫૪ રાયપુર અમદાવાદ. વાર્ષિક રૂા. ૬, બ્રહ્મદેશના રૂા. ૬ાા, પરદેશના ૧૨ શિ., છૂટક દસ આના; મુંબાઇમાં : કુમાર ઑફિસ, ૧૩૬–૧૪૨ મેડોઝ સ્ટ્રીટ; આર. આર. શેઠની કં. અથવા રાવળ બ્રધર્સ પ્રિન્સેસ સ્ટ્રીટ, વડોદરામાં : નૂતન ફોટો સ્ટૂડિયો, રાવપુરા.

સ્વ. મહાદેવભાઈ

છેલ્લાં પચીસ વર્ષથી મહાત્મા ગાંધીજીના અંતેવાસી, તેમના જમણા હાથ જેવા તેમના રહસ્યમંત્રી, અને તેમના સિદ્ધાન્તો તથા વિચારોનું રહસ્ય સમજનાર તથા પ્રચારનાર વિરલ અને શક્તિશાળી પુરુષો પૈકીના મુખ્ય શ્રી મહાદેવ હરિભાઇ દેસાઇનું, ગઇ તા. ૧૫ મી ઑગસ્ટ ૧૯૪૨ ને શનિવારે સવારે ૮-૪૦ વાગ્યે હૃદય બંધ પડવાથી કારાવાસમાં અવસાન થયું. 'મહાદેવભાઇ' તરીકેના એ પ્રિય પરિચિત અને માનભર્યાં નામથી દેશ આખાના હૃદયમાં મિઠાશભર્યું વ્યક્તિત્વ જમાવનાર મહાત્માજીના એ મંત્રી પોતાના વિશિષ્ટ સ્થાનને લીધે મહાત્માજીના જેટલા જ જગજાણીતા પણ હતા, ને જગતભરના પત્રકારો, વિચારકો તથા રાજકારણી પુરુષો એમના તેજસ્વી વ્યક્તિત્વનું મધુર સ્મરણ પોતાની સાથે લઈ ગયા છે. આપણે પણ હવે માત્ર એવું સ્મરણ જ સાચવવાનું રહ્યું!

સુરત જિલ્લાના ઓલપાડ તાલુકાના દિહેણ ગામના તેઓ અનાવિલ બ્રાહ્મણ. એમનો જન્મ ૧૮૯૨ના જાન્યુઆરીની પહેલી તારીખે થયો હતો. એમના પિતા હરિભાઇ સુરભાઈ દેસાઇ કેળવણીખાતામાં હતા. અભ્યાસકાળથી જ તેજસ્વી બુદ્ધિ દાખવીને એમણે છેક કૉલેજના છેલ્લા વર્ષ સુધી સ્કૉલરશિપો મેળવી હતી; અને ઉત્તમ અંગ્રેજી તથા ગુજરાતી ઉપરાંત બંગાળી તેમજ મરાઠી ભાષાનું પણ જ્ઞાન ધરાવતા હોવાથી બી.એ. થયા બાદ તરત જ તેમને સેક્રેટેરિયેટમાં ઓરિએન્ટલ ટ્રાન્સલેટરની ઑફિસમાં જગ્યા મળી હતી. એ કામગીરીની સાથોસાથ કાયદાનો અભ્યાસ કરીને તે એલએલ.બી. થયા અને પછી નોકરી છોડી અમદાવાદમાં બેએક વર્ષ વકીલાત કરીને સરકારના કો-ઑપરેટિવ સોસાયટીઓના ખાતામાં ઇન્સ્પેક્ટર તરીકે જોડાયા, જ્યાં ગ્રામજનતાના પ્રશ્નનું સાચું જ્ઞાન તેમણે મેળવ્યું. એવામાં ઇ. ૧૯૧૬માં મહાત્મા ગાંધીજી આફ્રિકાથી આવ્યા તેમના સિદ્ધાન્તોથી આકર્ષાઈ તે પોતાની ઉજ્જ્વલ આશાઓ આપતી નોકરી છોડી તેમના આશ્રમમાં જોડાયા અને તેમના અંતેવાસી બનીને રહ્યા. ત્યાર પછીનું તેમનું જીવન મહાત્માજીના જીવનની સાથેસાથ જ વહેતું રહ્યું હોઇ દેશભરની જનતા તેથી પરિચિત છે.

છેક તરુણ વયથી તે સાહિત્યના રસિયા ને અભ્યાસી હતા. સુરત જિલ્લાના લોકકવિ અર્જુન ભગતનાં ભજનોની 'અર્જુનવાણી'ના સંપાદનથી માંડીને કવિવર રવીન્દ્રનાથના 'ચિત્રાંગદા' નાટક જેવી ઉત્તમ કૃતિના શ્રેષ્ઠ



સ્વ. મહાદેવભાઈ (સ્કેચ : બંસીલાલ વર્મા–હરિપુરા મહાસભા વખતે)

સાહિત્યક્ષમ અનુવાદ સુધીની એમની પચીસેક કૃતિઓ એમની સાહિત્યસેવાની સાક્ષી પૂરે છે. મહાત્માજીની ગુજરાતી 'આત્મકથા'ને અંગ્રેજીમાં ઉતારનાર અને ભલભલા અભ્યાસીનેપણ સમજતાંમૂંઝવી નાખે એવા મોર્લેના 'On Compromise' જેવા ગ્રંથને 'સત્યાગ્રહની મર્યાદા'ના નામથી સુલભ ગુજરાતીમાં ઉતારનાર એ કલમની શક્તિ અજોડ હતી સરળ અને પ્રવાહી છતાં પ્રાસાદિક મધુરપવાળી એમની શૈલીથી કયો ગુજરાતી અજાણ છે? કલમકસ તો તેઓ શરૂથી જ હતા; અને 'નવજીવન', 'યંગ ઇંડિયા' તથા 'હરિજન'નાં પાનાંઓ પર રમી રહેલી તેમની કલમ પાછળ જે કાએલ હાથ અને તેજસ્વી બુદ્ધિનું દર્શન થતું તેણે એક ધ્યેયનિષ્ઠ ને સત્ત્વશીલ પત્રકાર તરીકે તેમને ખ્યાતકીર્તિ કર્યા હતા. દેશપરદેશના સાહિત્યનું તેમનું વાચન પણ વિશાળ હતું અને જગતસાહિત્યની અદ્યતન કૃતિઓ તથા વિચારોથી તેઓ સુપરિચિત રહેતા.

મહાત્માજીના અંતેવાસી તથા રહસ્યમંત્રી તરીકે ગાંધીજીની વિરાટ પ્રવૃત્તિઓને અંગેના સર્વ પત્રવ્યવહારનો ભાર તે સંભાળતા. તેમાં તત્ત્વજ્ઞાનથી માંડીને રોજિંદી ગૃહપ્રવૃત્તિઓ સુધીની અનેક ચર્ચાઓ અને શંકાસમાધાનો આવી જતાં. એમની શક્તિઓ અને નિષ્ઠા જોઇને ગાંધીજી એમને કેટલી યે વાર મહત્ત્વની વાટાઘાટોનાં નાજુક કામોમાં પણ પોતાના પ્રતિનિધિ તરીકે મોકલતા. આવા ગાંધીજીના બીજા દેહ જેવા એ મહાદેવભાઈના અકાળ અવસાનથી ગાંધીજીને જે અપાર ખેદ અને ખોટ જણાયાં હશે તેની કલ્પના નથી થઈ શકતી. દેશમાં પણ એમની ખોટ ઐતિહાસિક ગણાશે.

'મીરાંની ભક્તિ' જેવી અનન્ય ગાંધીજી પ્રત્યેની ભક્તિથી એમણે પોતાનું જીવનસર્વસ્વ એમને ધરી દીધું હતું ને પોતે એમનામાં જ જાણે સમાઇ ગયા હતા. જીવિતની ક્ષણેક્ષણ સ્વરાજ-સાધનાના તપમાં વિલીન કરીને દેશકાર્યના ઓરસિયા ઉપર સુખડની માફક ઘસાઇ ગએલા એમના જીવનની માત્ર મહેક જ હવે રહી છે.



ગામડાની ફુરસદ

ચિત્રકાર : ચન્દ્રકાન્ત ત્રિવેદી

વર્ષ ૧૯મું **કુમાર** અંક ૮મો

ઑગસ્ટ · ૧૯૪૨

પંથ દેજે !

આપજે મારગ, આપજે મારગ,
આપજે મારગ ભાઇ!
પંડ પોતાનો લોકને કાજે હોમનારાને
આપજે મારગ ભાઈ!

નીરવતાને પોપચે બેસી વગડા ને વેરાન,
પ્હાડ ફાડીને રમતાં આવે ઝરણાંનાં જો ગાનઃ
એને તું આપજે તારાં તાન!

પ્રેમસમુંદર ભેટવા જાતી છલકાવીને તીર,
લાખ તુફાનો લઇને આવે નદીયુંનાં જો નીરઃ
એને તું આપજે મારગ ધીર!

જિન્દગાનીના લોઢ કરોડો વીંઝતો જાજે ભાઈ,
કુરબાનીમાં રાચનારાંનાં ગીત તું લેજે ગાઈ:
એવાંની આંખમાં લેજે ન્હાઇ!

સૌને આપજે મારગ જેને હૈયે હોય ભલાઈ,
માનવના મનના દવ બાળે માનવની વનરાઇ
એને એક ના'પજે મારગ ભાઇ!
ભલે વાય આખરની શરણાઇ!
આપજે મારગ, આપજે મારગ, આપજે મારગ, ભાઇ!

વેણીભાઇ જ. પુરોહિત

દીવાદાંડી

· મિશ્ર ·

હિમાંશુનું રૂપ ન આજ ધારવું;
ને ધૂમકેતુ બની આજ મારે
નહીં નહીં પૂંછડીઓ હલાળવી!
કે ના બની દીપક થાળ-પૂજાને
મારે જવું કોઈક દેવમંદિરે.
નહીં બની કોડિયું ગોખલાગાં
ગરીબનાં ઝૂંપડલાં ઉજાળવાં.

આકાંક્ષ મારે ઉર એક જાગતી:
મનુજના જીવનમાં બની કો
દાંડી દીવાની દિન દિન બાળવું
અંગાંગ મારે ચીંધી વાટ સીધી.

ભૂલેલ કો માર્ગ તણા પથિકને
ચેતાવવા હું મુજ તેજ પાથરું.
કરાડ જ્યાં દ્વીપ તણી સ્વમુખમાં
લેવા મથે હોડલીને જ કોઈની
ત્યાં માહરું તેજ અખંડ પાથરી
ચહું બનું દીપક દાંડી કેરો.

પડ્યા હશે પત્થર જ્યાં તૂટેલ કે
સહસ્ર ઊઠે વિચિમાલ્ય જ્યાં; હું
ત્યાં ચેતવી મુજ શરીરદીવડો
પ્રકાશના પુંજ બધે ય પાથરું.
ક્ષિતિજની કોર લગી તદા તો
પ્રસારીને તેજ અનોખ મારું
રાચું અને તૃપ્તિ અનુભવું હું.
ને ભોમિયો માર્ગભૂલેલનો કો
બની ગણું હું નિજ ધન્ય જાતને.

લલિત ગિ. ભટ્ટ

ભરતીઓટ

· તોટક ·

દિનરાત કર્યાં બહુ કલેશ ઉરે,
જગ ભૂલી ગયો નિજ યત્ન વિષે;
અફ્સોસ નિસાસ પછી વદું છું:
'ગુરુ વીતક શેં લઘુ જીવનને?'

હસવું રડવું સમજાતું નથી,
મન શાન્ત હજી પણ થાતું નથી;
પછી અંતર એક અવાજ ઉઠે,
સહુ ગ્લાનિ નિહાળું તહીં સરતી,
'અતિ તાપ પછી પલળે ધરતી
ભરતી પછી ઓટ પછી ભરતી.'

તનસુખ ભટ્ટ

આંખો ભરી ભરી પીધો રસ રૂપનો એ
ને જે વધ્યો નયનના જલમાં વહ્યો' તો
(ને એજ માત્ર તમને સહુને જણાયું.)

હરિશ્ચન્દ્ર ભટ્ટ

આવતી કાલનાં નાગરિકો માટેનું અદ્યતન માસિક

મારી નજરે



ઉત્તર ભારતનાં કલાકેન્દ્રોની તંત્રીની સંસ્કારયાત્રામાં

આ સાથેના નકશામાંની ઘેરી લીટીની રેખાએરેખાએ કરેલી શાન્તિનિકેતન, કલકત્તા, ઝરિયા, નાલંદા, પટણા ને બનારસની મુલાકાતો પછી આગળનો હપતો.

લખનૌ

પાર્સલ ટ્રેન ગનસ્વીપણે લખનૌના ચારબાગ સ્ટેશનમાં આવી પહોંચી ત્યારે સ્ટેશને અમને લેવા કોઇ પણ હાજર હોય તેવો સંભવ નહોતો. શ્રી કૃષ્ણવલ્લભ દ્વિવેદીજીને એક કાર્ડ લખ્યું હતું; પણ તેમાં અમે ટ્રેનનો સમય લખી શક્યા નહોતા. તેઓ સ્ટેશનની પાસે જ રહે છે એવી માહિતી બનારસથી મેળવી લીધી હતી. લખનૌનું ચારબાગ સ્ટેશન આખા હિંદુસ્તાનમાં તેની સુંદર ઈમારતને લીધે પ્રખ્યાત છે. મુંબાઇના સેન્ટ્રલ સ્ટેશન જેટલું જ વિશાળ એ સ્ટેશન મુસાફરની આંખ ઠારે છે. મજૂરો પાસે સામાન ઉપડાવી અમે નિશાની પ્રમાણે અવધ પ્રિન્ટિંગ પ્રેસ પાસે પહોંચ્યા, ત્યાં દરવાજાના ઓટલા ઉપર જ એ પ્રેસના સુજ્ઞ મૅનેજર ઊભા હતા. દ્વિવેદીજીનું નામ પડતાં જ કહે: 'ચાલો, હું તમારી સાથે આવું છું.' પ્રેસની સામેની ગલીમાં મકાનોના નવા બ્લૉક પાડેલા છે, ત્યાં લખનૌના મધ્યમ વર્ગના પરદેશી સરકારી નોકરો અને સંસ્કારી વર્ગનાં કુટુંબો વસેલાં છે. એક નાની ગલીને છેડે જઇ અમે અટક્યા, અને અમારા પથદર્શકે અવાજ દીધો એટલે કૃષ્ણવલ્લભજીએ પોતે જ દ્વાર ઉઘાડ્યું.

કૃષ્ણવલ્લભ દ્વિવેદી

● 'વિશ્વભારતી' નામનો હિંદી જ્ઞાનકોષ એમની દેખરેખ અને સંપાદન નીચે ચાલુ પ્રકાશન રૂપે અવધ પ્રિન્ટિંગ પ્રેસ તરફથી નિયમિતપણે બહાર પડે છે. આ કામથી યુ. પી. (યુક્ત પ્રાંતો)માં તો તેમનું નામ જાણીતું છે. પરંતુ મારી સાથેનો તેમનો સંબંધ તો મુંબઈમાં જાણીતા (હાલ સીનેમાખ્યાત) હિંદી કવિ પ્રદીપજી (રામચંદ્ર દ્વિવેદી)ને લઇને છે. એઓ કવિના મોટા ભાઈ થાય. માળવાના રહીશ છતાં અભ્યાસ માટે અલ્લાહાબાદ યુનિવર્સિટી કૉલેજમાં ભણવા આવેલા. ત્યારથી યુ. પી. ના વિદ્વાનો, પ્રોફેસરો વગેરેના ગાઢ સંસર્ગમાં આવ્યા અને શિક્ષણના ક્ષેત્રમાં ત્યાં જ ખૂંચી ગયા. એમના જ છાયાછત્ર નીચે કવિ પ્રદીપનું શિક્ષણ વિકસ્યું અને હિંદી સાહિત્યના ઊંચા સંસ્કાર એને મળ્યા એમ કહીએ તો ખોટું નથી. અલ્લાહાબાદ અને લખનૌની વિદ્યાપીઠોના પીઢ વિદ્વાનોનો ગાઢ સંસર્ગ સાધી કૃષ્ણવલ્લભજી પોતાના સાહિત્યપ્રેમને અખંડ સરસ્વતી-ઉપાસનાથી જાગૃત રાખી શક્યા છે, એટલું જ નહિ પરંતુ 'વિશ્વભારતી' જ્ઞાનકોષ દ્વારા તેને વધુ વ્યાપક ક્ષેત્રમાં વહેવડાવ્યો છે. એઓ ધારત તો ધંધો કરીને કે મિત્ર-પ્રોફેસરોની સહાયથી જીવનમાં એક સરસ અને સુખપૂર્ણ સ્થાન મેળવી શક્યા હોત. પણ સ્વતંત્રતા અને સિદ્ધાન્તોનો ભોગ આપવો પડે એવું કશું નહિ કરવાનું દૃઢ વ્રત લઇ પોતાના કાર્યક્ષેત્રમાં એકાન્ત ધૂન પર એ મસ્ત રહ્યા છે. પોતાના નાનકડા બ્લૉકના દ્વાર ઉપર, બે મજૂરો પર બિસ્તરા સામાન લઇ આવી ઊભેલા અતિથિઓને જોઇને તે જરા વાર તો અચંબો પામ્યા; પણ નામ દીધું કે તુરત ઉમંગમાં આવી ભેટી પડ્યા. પહેલાં ખબર આપેલી તે વાયદાથી દસબાર દિવસ અમે મોડા પડ્યા, એટલે તે તો આશા છોડી બેઠા હતા, અને બનારસનું પત્તું પહોંચ્યું નહોતું. અમે તો જાણે ઘરની હૂંફમાં આવી પહોંચ્યા હોઈએ એમ જ લાગ્યું. મારે શું કરવું, કેમ કરવું, ક્યાં જવું, કોને મળવું, તેની ચર્ચા હું કરતો હતો ત્યાં તેમણે કહ્યું, 'અબ યે સબ ઝંઝટ આપ છોડ દીજીએ; મેરેકો હી આપકા પંડા સમજ લો.' અમને ચા, સ્નાન વગેરેમાં રોકી તેઓ એક કલાકનો ગાળો બહાર કાઢી આવ્યા. એટલા વખતમાં એમણે શહેરના મિત્રોને ચિઠ્ઠીઓ લખી નાખી, ટેલીફોન કરી દીધા અને જે ગૃહસ્થોને હું મળવાનો હતો તેમને મળવાના સમય નક્કી કરી નાખ્યા. લખનૌમાં કળા, વિજ્ઞાન, પુરાતત્ત્વ વગેરે વિષયોના નિષ્ણાત જગપ્રસિદ્ધ પુરુષો વસેલા છે. વનસ્પતિશાસ્ત્રના નિષ્ણાત પ્રો. શહાની, પુરાતત્ત્વના અગ્નિહોત્રી જેવા શ્રી વાસુદેવશરણ અગ્રવાલ અને યુનિવર્સિટીની અનેક શાખાઓના જાણીતા વિદ્વાનોની નામાવલિ તેઓ બોલી ગયા. જમવાનું તૈયાર થાય એટલામાં અમે લખનૌનું મ્યૂઝિયમ જોવાનું અને સરકારી આર્ટ સ્કૂલની મુલાકાત પતાવી દેવાનું ઠરાવ્યું. કલાકના હિસાબે એક ટાંગો ઉપાડ્યો. લખનૌની વસ્તી થોડી છે, પણ વસાહતનો વિસ્તાર બહુ મોટો છે. ત્યાંના રસ્તાઓની સફાઈ અને મકાનોની શોભા આખા હિંદુસ્તાનમાં પ્રસિદ્ધ છે.



લખનૌના અમારા યજમાન, હિંદી સાહિત્ય તથા સંસ્કારમંડળોમાં લબ્ધપ્રતિષ્ઠ, હિંદી જ્ઞાનકોષ 'વિશ્વભારતી'ના સંપાદક, અને સીનેમાખ્યાત કવિ 'પ્રદીપ'જીના મોટાભાઈ શ્રી કૃષ્ણવલ્લભ દ્વિવેદી

★

લખનૌ મ્યૂઝિયમ

● લખનૌ મ્યૂઝિયમમાં સંઘરાએલું પ્રાચીન શિલ્પ મથુરાથી બીજે



સંસાર ચિત્રાવલિ—(૯) શુદ્ધિનો અત્યાચાર

ધાર્મિક શુદ્ધિના અત્યાચારે માનવધર્મને કેટલી ભયંકરરીતે દબાવી દીધો છે તેનું દર્શન હિંદુ સમાજમાં દિનપ્રતિદિન થયા જ કરે છે. પૂર્વકાળની કોઈ દ્વેષભાવના કે દુશ્મનાવટે લાખો માનવબંધુઓને યુગોના યુગોથી નાગરિકના સર્વસાધારણ હક્કોથી પણ વંચિત કરી દીધા છે. તેમની સેવાઓ સમાજને અનેકરીતે અનિવાર્ય બની ચૂકી છે છતાં ગાય, કૂતરાં કે ગધેડાંને સમાજમાં ફરવાની જેટલી છૂટ છે તેટલી હદમાં પણ તેમને રોકનારા ધર્માંધોનો દંડો તેમની ઉપર તાકેલો તૈયાર જ રહે છે; તેમની દુભાએલી અપમાનિત હાલતમાં અસહાય બની તેઓ બીચારાં મૂંગે મોંએ યાતનાઓ સહન કરી રહે છે. આ સ્થિતિમાં ધર્મની વિડંબના કરનારાઓના યજ્ઞો, આરાધના કે અર્ચ્યો કયા ઈશ્વરને પહોંચતાં હશે ?

નજરે આવે એવું છે. જૂનાં નવાબી મકાનોનો ઉપયોગ મ્યૂઝિયમ માટે બંધબેસતો થયો છે. આજે તો મ્યૂઝિયમનો સંગ્રહ એટલો વધ્યો છે કે તેની બે શાખાઓ કરવી પડી છે. તેના પ્રધાન અધિકારી શ્રી વાસુદેવશરણ અગ્રવાલજી પ્રથમ મથુરા મ્યૂઝિયમના ક્યુરેટર હતા અને મથુરાનું હાલનું પ્રખ્યાત મ્યૂઝિયમ તેમના જ હાથે ગોઠવાયું છે. શિલ્પ ઉપરાંત પુરાણા સિક્કાઓનું જ્ઞાન ધરાવતા વિરલ પુરુષોમાંના તેઓ એક છે. પરંતુ એમનાં જ્ઞાન અને શક્તિને વધારે દીપાવનાર તો તેમનું પરમ સાત્વિક શીલ છે. એ શાંત, સ્થિર નેત્રવાળી દૂબળી-પાતળી મૂર્તિને ક્યાંક એકલા મળો તો ખબરે ન પડે કે તેઓ અધિકારી હશે. પણ જ્યારે તેમનો વાર્તાપ્રવાહ શરૂ થાય ત્યારે થોડી જ વારમાં શૃંખલાબદ્ધ વિવિધ માહિતીઓના કથારસથી તમને મંત્રમુગ્ધ કરી દે. અપ્રત્યક્ષ રૂપે અમે એકબીજાને પિછાનતા હતા. મથુરાનિવાસી મારા સ્નેહી શ્રી રાધેશ્યામજી દ્વિવેદીએ મને તેમની બધી વાતો કરેલી. તેમણે મારા અજંતાના પુસ્તક ઉપર ખૂબ આશીર્વાદ વરસાવેલા. આજે તેમને મળવાની ધન્ય ક્ષણ પ્રાપ્ત થતાં હું પ્રવાસની સાર્થકતા અનુભવતો હતો. મ્યૂઝિયમમાં જતાં આવતાં ટોળાંને વીંધી અમે તેમના ખંડનું બારણું ઉઘાડી દાખલ થયા તે વખતે તેઓ નવા આવેલા સિક્કાઓ તપાસવામાં મશગૂલ હતા. પણ કૃષ્ણવલ્લભજીએ પાસે જઇ ધીરેથી કંઈક કહ્યું એટલે તુરત કામ પડતું મૂકી ભાવાવેશમાં આગળ વધી દેશી રીતે મળ્યા. એવા પંડિતજન અતિથિ માટે વિવેકવાક્યો કહે તે તેમને માટે સ્વાભાવિક ગણાય; પણ તેની યોગ્યતા મારામાં સિદ્ધ કરવાની મને શંકા હતી. થોડી પળો પૂર્વસ્મરણોમાં ને મારા પ્રવાસની હકીકતમાં ગાળી તેમણે મને શિલ્પવિભાગ જોવાનું કહ્યું, અને તેમના હાથ નીચે ત્યાં રહેલા અધિકારી શ્રી ઉપાધ્યાય વિષે પ્રશંસાપૂર્વક કહ્યુ કે એ શિલ્પવિભાગ એમની સોબતમાં જોશો ત્યારે જ મજા પડશે. ફરી રાત્રે તેમના ઘર પર મળવાનું ઠરાવી છૂટા પડ્યા અને નજીક બીજા મકાનમાં શિલ્પસંગ્રહ હતો ત્યાં ગયા. લખનૌનો આ સંગ્રહ સંભાળનાર શ્રી ઉપાધ્યાય તાજા જ આ ખાતામાં જોડાએલા છે. પોતે એમ.એ. થએલા છે અને આ વિષયમાં ઓતપ્રોત બનેલા એક ઉચ્ચ શ્રેણીના સાહિત્યકાર પણ છે. તેમણે પ્રાચીન સુપ્રસિદ્ધ મૂર્તિઓના કલાવિધાનની યોગ્ય કદર અને દર્શન આપતી કેટલીક કથાઓ લખી છે, જે ત્રણેક ભાગમાં પ્રકટ થએલી છે. મ્યૂઝિયમમાં આજે કોઇ ખૂણે પડેલી એ કલાકૃતિઓ જે સમયમાં નિર્માણ પામી તે વખતે તેના સર્જક કલાકારને તે કેવા સંતોષપ્રદ હર્ષ આપતી હશે, લોકોને તે જોતાં કેવો આનંદ થતો હશે, એ કલાકારના આશ્રયકારો તેને કેમ વધાવતા હશે, તેનાં તત્કાલીન કાલ્પનિક કથાનકો, તે સમયનું વાતાવરણમાં ખડું કરતા મનોહર

ટૂંક પ્રસંગો રચીને તેમણે તેમાં આપ્યાં છે. એવા સુસંપન્ન અને સુયોગ્ય પુરુષના સંગમાં લખનૌની શિલ્પપ્રતિમાઓ જોતાં વખતનો શુમાર ભુલાઈ જવા લાગ્યો. આ મૂર્તિઓનું સ્થાન દેશની કલાશાળાઓમાં હોવું ઘટે, તેના યોગ્ય ફોટોગ્રાફો કે પ્રતિકૃતિઓ દ્વારા તેનું નવપ્રતિષ્ઠાપન કરવું જોઇએ, એવાએવા વિચારો હું કરતો હતો ત્યાં યજમાને યાદ આપ્યું કે હજી તો સરકારી કળાશાળા જોવી બાકી છે, અને પાકશાળામાં મોડું ન થવું જોઇએ !

લખનૌની આર્ટ-સ્કૂલ

● લખનૌની જાણીતી 'સ્કૂલ ઑવ આર્ટ્સ ઍન્ડ ક્રાફ્ટ્સ'ની સ્થાપનામાં ગુજરાતના બેત્રણ વિદ્વાનોનો અગ્ર ભાગ છે. સ્વ. વિનાયક નંદશંકર મહેતા, સ્વ. શિવલાલ પાનાચંદ શાહ અને શ્રી નાનાલાલ ચમનલાલ મહેતા જેવા ગુજરાતી સિવિલિયનોના પ્રયાસથી આ કળાશાળા અસ્તિત્વમાં આવી છે, અને પ્રથમથી જ તેનું નિયમન હિંદી અધિકારીને હાથ હોવાથી તેના પહેલા પ્રિન્સિપાલ શ્રી અસીતકુમાર હાલદાર નિમાયા છે. શ્રી અવનીન્દ્રનાથ ટાગોરે હિંદી કલાનું જે અભ્યુત્થાન કર્યું તેની પ્રબળ સાક્ષી રૂપ એ શાળા બની રહી છે અને ત્યાંથી ઘણા સુપ્રસિદ્ધ કલાકારો બહાર પડયા છે. એ શાળાના અધ્યાપકો પણ નિષ્ણાત અને પ્રસિદ્ધ કલાકારો છે. એક જ શાળામાં વિશેષ વ્યક્તિત્વવાળા ઘણા માણસો જો કયાં યે હોય તો તે લખનૌ આર્ટ સ્કૂલમાં છે. એ શાળાના હેડમાસ્તર શ્રી વીરેશ્વર સેન પ્રખર કલાવિદ અને નિર્માતા છે. શ્રી એલ. એમ. સેન ચિત્રવિભાગમાં પાશ્ચિમાત્ય તાલીમ પામેલા નિષ્ણાત છે. એ જ પ્રમાણે શિલ્પવિભાગમાં પણ યુરોપની કલાપીઠમાં પાર ઊતરેલા વિશારદો છે. પેઢીઓથી ત્યાં જઇ વસેલા ગુજરાતી નાગર કુટુંબના શ્રી હરિહરલાલ મેઢ પણ એ શાળામાં લાક્ષ (લાખ)–ચિત્રકળાના વિશેષ જ્ઞાતા તરીકે અધ્યાપક છે. લખનૌ કળાશાળામાં પહોંચતાં પહેલાં મેં કંઇક ખ્યાલો કરેલા. ત્યાંના પ્રિન્સિપાલ અસીતકુમાર હાલદાર, શ્રી વીરેશ્વર સેન વગેરેને મારા વિષે પત્રથી માહિતી હતી; મને તેમની દૂરની માહિતી હતી. કલાક્ષેત્રમાં અને કળાના અધ્યાપનમાં જીવનભરનો અનુભવ પામેલા એ પુરુષોને મળતાં ઘણા ખુલાસા અને નિર્ણયો મળશે એવી આશા મેં બાંધી હતી. પરંતુ શાળાના દરવાજા પાસે પહોંચતાં જ ખબર મળ્યા કે શ્રી હાલદારને અચાનક સ્ટેશન પર જવું પડયું છે. શ્રી વીરેશ્વર સેન, જેને વિદ્યાર્થીઓ ગુરુજી કહે છે, તેઓને આગલે દિવસે એક તાર મળેલો એટલે તે અલ્લાહાબાદ ગએલા. પણ મારા જૂના મિત્ર શ્રી હરિહરલાલ મેઢ હસતે વદને અમારૂં સ્વાગત કરવા આગળ આવ્યા ને બડા સાહેબોનો ચાર્જ પોતે સંભાળી લેશે એવી ખાત્રી આપી.

શ્રી મેઢ એક સંસ્કારી તરુણ કલાકાર છે. શ્રી કૃષ્ણવલ્લભજી જેવા સાહિત્યપ્રેમી સાથે તેમને ઘાડો સંબંધ હતો, એટલે મને આનંદ થયો. તેમને આ શાળા તરફથી ખાસ શિષ્યવૃત્તિ આપીને સરકારે બ્રહ્મદેશમાંથી લાક્ષરસનાં ચિત્રો કરવાનું શીખવા મોકલેલા, અને તે કળા હાલ તેઓ ત્યાં શીખવે પણ છે. એમની સાથે ચિત્રશાળાના વર્ગો નિરાંતે જોવાને મળ્યા. લખનૌ કળાશાળાનું મકાન અને બીજો વિસ્તાર બહુ મોટાં છે. કલકત્તા કે મુંબાઇ તેની આગળ ઓછાં લાગે; પરંતુ તેના પ્રમાણમાં વિદ્યાર્થીઓનો સમુદાય નહોતો. ચિત્ર અને શિલ્પમાં સારા અધ્યાપકો છે. લખનૌનું ડિઝાઇનિંગ વખણાય છે. ધંધાર્થી ચિત્રકામ (કમર્શિયલ આર્ટ) ત્યાં સક્રિય શીખવાનાં વિપુલ સાધનો છે. લીથોગ્રાફી સંપૂર્ણપણે શીખવાનો સરંજામ અને અધ્યાપકો ત્યાં છે; એટલે પોસ્ટરો, ચિત્રો ને રંગીન કામ છાપવાની સક્રિય અને પ્રત્યક્ષ તાલીમ ત્યાં મળે છે. આ જરૂરની વિદ્યા હિંદની બીજી કોઈ આર્ટ સ્કૂલમાં શીખવાતી મેં જોઈ નથી. લીથોગ્રાફીની સાથે લાઈન તથા હાફટોન બ્લૉકસ, રંગીન બ્લૉકસ અને તેનું છાપકામ પણ ત્યાં શીખવાય છે. તે બંને માટે સરસમાં સરસ સામાન સામગ્રી અને ગોઠવણ ત્યાં જોવામાં આવી.

લખનૌ આર્ટસ્કૂલની બીજી વિશેષતા પકવેલી માટીની મૂર્તિઓને પાત્રો કરવાની કળા છે. તળ લખનૌની એ તો જૂની કળા છે, પણ શાળામાં સંસ્કાર પામી આજના કળાકારોની કાવ્યમય મૂર્તિઓ સસ્તામાં ત્યાં તૈયાર થવા લાગી છે. એ શુદ્ધ હિંદી કળા છે. તેમાં વિશેષતા અને પ્રચૂરતા લાવવા આચાર્ય શ્રી હાલદારે હમણાં શ્રી મહાપાત્ર જેવા પુરાણી શૈલીના ઉસ્તાદ કલાકારને અપનાવી લીધા છે. એ શ્રી મહાપાત્રની હકીકતો 'કુમાર'ના વાચકો જાણે છે (જુઓ અંક ૨૧૨) એમને ત્યાં મળવાની મને ચોક્કસ આશા હતી, પરંતુ તે પણ તે દિવસે બીમાર હોવાથી ન આવી શકવાના ખબર મળ્યા. બીજી તરફ અમારો વખત તોળીતોળીને વાપરવાનો હતો એટલે એ મુલાકાત પણ નિરૂપાયે ન થઈ શકી.

લખનૌ કળાશાળાને લગતી વર્કશૉપ હાલ યુદ્ધ-ઉપયોગી સામગ્રી બનાવવામાં રોકાએલી છે. શાળાના પ્રવેશદ્વાર પાસે એક મોટા પાટિયા પર આજસુધીમાં એ શાળામાંથી ઉત્તમ પદક(distinction) પામેલા વિદ્યાર્થીઓની નામાવલિ આપેલી છે. એ નામોએ શાળાને ઘણી નામના અપાવેલી છે. તે પૈકીના શ્રી પી. રૉય, શ્રી જિજ્જત વગેરે લખનૌમાં જ વસ્યા છે. પણ હું માત્ર શ્રી પી. રૉયને જ મળી શક્યો. એમને પણ મારા આવ્યાના સમાચાર મળ્યા હતા અને અમે બહાર નીકળ્યા તે પહેલાં મળી ગયા હતા, એટલે પાછા વળતાં એમને એમના મુકામે–લખનૌની પસિદ્ધ એમ્પાયર હૉટેલમાં–જઇ મળ્યા. આ એકલપંથી કલાકારની કૃતિઓ એટલી તો લોકપ્રિય બની છે કે એમની પાસે ભાગ્યે જ ત્રણ કે ચારથી વધુ ચિત્રો સંગ્રહમાં હોય છે. 'કુમાર'ના વાચકોને એમની કલમનો આજ સુધીમાં સારો પરિચય મળી ગયો છે. (અંક ૨૧૩ અને ૨૧૯).

બીજા મળવા જેવા કલાકારો શહેરમાં નહોતા. મને સૌથી વધુ ખેદ તો એ થયો કે ગુજરાતના કલાકોવિદ શ્રી નાનાલાલ ચમનલાલ મહેતા (I.C.S.) પણ ન મળી શકયા. તેઓ અલ્મોડા શ્રી ઉદયશંકરના નવરાત્રના ઉત્સવમાં ગએલા હતા. એમની ગેરહાજરીની ઊણપ ખરેખર મને સાલી. બીજી બધી રીતે શ્રી કૃષ્ણવલ્લભજીએ ત્યાંના સંસ્કારી મંડળમાં જે પ્રચારકામ કર્યું તેનો હું સરસ લાભ પામ્યો.

લગભગ બે વાગ્યા સુધી શ્રીમતી દ્વિવેદીજીને રાહ જોવડાવી અમે એ નાનકડી પાકશાળાનો પ્રસાદ પામ્યા. એ નાના નમણા મકાનમાં આ ભાવભર્યાં દંપતીના આશ્રયે અમને ઘર જેવું સ્વાસ્થ્ય મળ્યું. જમીને રાતની ઊંઘની ખોટ પૂરી કરી, ત્યાં સાંજ પડી. હવે એક અગત્યની મુલાકાત પાર પાડવાની હતી. અમદાવાદના કલાપ્રેમી શેઠ ગિરિજાપ્રસાદ ચીનુભાઇનાં નાનાં બેન સૌ. સૌદામિનીબેન લખનૌના આગેવાન ગૃહસ્થ ડૉ. વ્યાસના સુપુત્ર શ્રી ડૉ. નિરંજન વ્યાસનાં સૌભાગ્યભાગી છે. સર ચીનુભાઈના કુટુંબ સાથે મારો અંગત નાતો હોવાથી ત્યાં મારે પહેલું જવું જોઇતું હતું; પણ લખનૌનાં લાંબાં અંતરો જોતાં અમારો મુકામ યોગ્ય સ્થળે થયો લાગ્યો. ડૉ. શ્રી નિરંજન વ્યાસને મળતાં તેમણે બીજે દિવસે પોતાને ત્યાં કેટલાક કલાકારો સાથે મળવાનો ઈરાદો જણાવ્યો; પણ સમય અને તબિયતના કારણે તેમને હું સંમતિ આપી શકયો નહિ.

ત્યાંથી રજા લઈ આપણા બીજા ગુજરાતી સિવિલિયન સ્વ. શિવલાલભાઈનાં સુપુત્રી શ્રીમતી કુસુમબેન પાલને મળવા અમે ગયા.

એ બહેનમાં તેમના પિતાનું સૌજન્ય અને વિદ્યાનો વારસો ઊતરેલાં જોયાં. તેમણે સ્વ. શિવલાલભાઈના સ્મરણમાં એક વિદ્વત્તા ને કલાપૂર્ણ સ્મારકગ્રંથ બહાર પાડ્યો છે, જેમાં હિંદી, બંગાળી ને ગુજરાતી વિદ્વાનો તેમજ કળાકારોએ સરસ ફાળો આપ્યો છે. એમનું મકાન પણ ક્યાંનું ક્યાં દૂરના પરામાં હતું. એમને મળી લઈ થાકતાથાકતા રાત્રે મુકામ ભેગા થયા અને બીજા દિવસે નીકળી જવાનો સંકલ્પ કર્યો.

બીજે દિવસે

● પણ શ્રી દ્વિવેદીજીના મનમાં તો કંઇ ઓર જ તૈયારીઓ થઈ રહી હતી. બીજે દિવસે સવારમાં નાહીધોઈ સાયકલ લેતાક ને કહે કે 'હું બે કલાકમાં આવું છું. કેટલાક ખાસ મિત્રો સાથે આપનો મેલાપ ગોઠવવો છે; નહિ તો તેઓ મને અપરાધી ઠરાવશે.' એ ગયા તે ગયા. લગભગ એક વાગ્યે થાક્યાપાક્યા આવ્યા, પણ મોં પર ખૂબ ઉલ્લાસ હતો. 'સાંજે બહુ સરસ મેળાવડો કાન્યકુબ્જ કૉલેજમાં થશે. તેના પ્રિન્સિપાલ મારા મિત્ર છે. બીજા કવિઓ અને કલાકારો ત્યાં મળશે અને થોડા કૉલેજના વિદ્યાર્થીઓ હશે.' મારે તો જલ્દી નીકળી જવું હતું, પણ તેમણે બંધન નાખ્યું પ્રવાસમાં અમે અલ્લાહાબાદ છોડી દીધું હતું, પણ બધેથી ત્યાંનું મ્યૂઝિયમ જોવાનો એકસરખો આગ્રહ થયો, એટલે નક્કી કર્યું કે મોડા થયા છીએ તો એ તીર્થ પણ કરી લેવું. પણ અલ્લાહાબાદમાં કાંઈ પિછાન નહોતી. કલકત્તાથી 'વિશાલભારત'વાળા શ્રીરામ શર્માએ એક મિત્રનું સરનામું આપેલું; પરંતુ કાનપુરમાં ઘણા ગુજરાતીઓનું સંસ્થાન છે અને મારા નિકટના સ્નેહીઓ પણ ત્યાં સારી સ્થિતિમાં ધંધા ચલાવે છે તેથી, તેમજ ઝરિયાથી પણ આગ્રહ થએલો કે મારે તે બધાને મળ્યા વિના જવું યોગ્ય નથી તેથી, ઝરિયામાં ખાણોના ધંધામાં અગ્ર ભાગ લેનાર સ્નેહી મુ. ગોરધનદાસભાઇના સુપુત્ર મુકુટલાલને કાનપુર તાર કરી દીધો. આમ, ત્રીજા દિવસે સવારે તો કાનપુર માટે નીકળી જવાનું નિશ્ચિત જ થઈ ગયું હતું.

કાન્યકુબ્જ કૉલેજમાં

● આગલા દિવસના થાકની અસરને લઇને આખો દિવસ ક્યાં ય પણ જઇ શકાયું નહિ મનની અને શરીરની શક્તિઓ વિશ્રાન્તિ માગી રહી હતી એટલે સાંજ પૂરતો મોરચો સંભાળવા અમે મુકામ બહાર પગ જ મૂક્યો નહિ. સાંજે છ વાગ્યે દ્વિવેદીજીએ ઉપાડ્યા કાન્યકુબ્જ કૉલેજ તરફ. લખનૌની એ સુપ્રસિદ્ધ કૉલેજ છે. અમે પહોંચ્યા ત્યારે કેટલાક વિદ્યાર્થીઓ અને પ્રોફેસરો ત્યાં રાહ જોતા હતા. અહીં શી રીતે અમારો વિચારવિનિમય થશે તેનો કોઈ જ અંદાજ નહોતો; પણ પ્રસંગને કંઈક રૂપ આપવા મેં મારી પાસેનાં ચિત્રો અને ચિત્રપટો બે મોટાં લાયબ્રેરી ટેબલો ભેગાં કરી તે પર પાથરી દીધાં અને તે વિષે અવિધિસર વાતો અને ખુલાસા આપવા માંડ્યા. એટલામાં તો કવિમંડળ, પ્રોફેસરમંડળ અને શ્રી વાસુદેવશરણ અગ્રવાલજી આવી પહોંચ્યા. તેમણે પણ એમાં ખૂબ રસ લીધો. થોડી વારે પ્રિન્સિપાલ મહાશયે દરખાસ્ત મૂકી કે આપણે કંઈક વિધિસર વાર્તાલાપ અને પરિચય કરીએ. એમ કહી સભાનું અધ્યક્ષસ્થાન લેવા શ્રી અગ્રવાલજીને વિનતિ કરી. મારી પિછાન આપવાને દ્વિવેદીજીએ કંઇકંઈ પૂર્વતૈયારી કરી હતી,–'વિશાલ ભારત'ના અંકમાંથી ને 'કલાકલાપ'માંથી. પણ પ્રમુખશ્રીએ પોતાના અરધા કલાકના પ્રારંભિક વ્યાખ્યાનમાં મારા વિષે એટલી બધી માહિતી અને કલાની ભૂમિકા આપી દીધી કે તેમને બોલવાનું રહ્યું જ નહિ. પણ મારા માટે પછી વિમાસણ થઈ કે એટલા વિદ્વત્તાપ્રચૂર ભાષણ પછી મારે કઇ રીતે સભાનું રસરંજન કરવું. વળી સભા આગળ હિંદીમાં બોલવાનું હતું. પ્રવાસના આગળના અનુભવો યાદ કરી મારા વક્તવ્યમાં સરળતા ને નિખાલસતા જાળવી જે કંઈ અનુભવસિદ્ધ હતું તે જ મેં કહ્યું. પોણા કલાક પછી કૉલેજના પ્રિન્સિપાલ આભારદર્શન માટે ઊભા થયા ત્યારે જ સમજી શક્યો કે ઈશ્વરે મને કસોટીમાંથી પાર ઉતાર્યો હતો. એમણે તો બીજે દિવસે કૉલેજની મોટી સભા ઠરાવી મને રોકી પાડવાનો અનુરોધ કર્યો, પણ તે મારા માટે તદ્દન અશક્ય હતું. રાત્રે મુકામ પર આવ્યા ત્યારે દ્વિવેદીજીએ જણાવ્યું કે એ લોકોએ એમના પર બહુ દબાણ કર્યું છે કે મારે અહીં વધારે માણસોને મળવું. પણ તેમણે જ મારી તબિયતમાં ફેર પડેલો જોયો હતો, એટલે ટેકો ન આપ્યો.

સલૂણા દ્વિવેદી દંપતીથી રજા લેતાં કુટુંબ વિખૂટું પડતું હોય એવી લાગણી થઇ. કોઈ સાધનસંપન્ન યજમાન કરતાં યે વધુ સેવા અને સ્વાસ્થ્ય તેમને ત્યાં અમને મળ્યાં હતાં. સવારે કાનપુર જતી ટ્રેનમાં અમે ઠસાઇને અડી ગયા ત્યાં સુધી દ્વિવેદીજીનાં શ્રમ ને કાળજીનો પાર નહોતો. બે કલાકની જ મુસાફરી હતી. દસ વાગ્યે તો કાનપુરના વિસ્તારવંતા જંકશનમાં મુસાફરોની ભરપૂર ગિર્દીમાં અમે ઊતર્યા. (ચાલુ)

સ્વ. ઑન. જે. બી. પંડયા સી. બી. ઈ.

● સ્વ. જગન્નાથભાઈ ભવાનીશંકર પંડ્યાનું જીવનક્ષેત્ર આફ્રિકામાં વિકાસ પામ્યું હતું; પણ તેઓ એક એવા પુરુષ હતા કે પોતાની આત્મશ્રદ્ધા અને સંકલ્પશક્તિ વડે જગતના કોઈ પણ ખૂણે સ્થાન સર કરી શકે. ભાવનગર રાજ્યના શિહોર પાસેના ધાંધળી ગામના એક સુજ્ઞ શિક્ષકના એ પુત્ર હતા. ઘરની જરૂરિયાતને અંગે મૅટ્રિક થયા પહેલાં જ ભાવનગરની હાઇસ્કૂલ છોડી તેઓ આફ્રિકા ગયા અને ત્યાંના કસ્ટમખાતામાં પંચોતેર રૂપિયાના પગારે કારકૂન થયા. પણ એક જ વર્ષમાં તેમની મહત્ત્વાકાંક્ષાએ એ બંધન તોડી નાખ્યું અને વેપારના ક્ષેત્રમાં ઝુકાવ્યું. ક્રમેક્રમે તે કેન્યાના મંડળમાં અગ્રસ્થાન પામ્યા, 'કેન્યા ડેલી મેલ' નામનું વર્તમાનપત્ર શરૂ કર્યું અને રાજદ્વારી નેતા બની પ્રજા તેમજ સરકારમાં એવી જબ્બર લાગવગ ધરાવતા થયા કે આફ્રિકાના હિંદી મુત્સદ્દીઓમાં તેમનું નામ પ્રથમ પંક્તિમાં આવ્યું. તેઓ એક વખત આફ્રિકાની ઇન્ડિયન નૅશનલ કૉંગ્રેસના પ્રમુખ થયા હતા અને 'ઈસ્ટર્ન ગ્રૂપ' પરિષદ હિંદમાં આવી તેમાં તેઓ એકલા જ હિંદી પ્રતિનિધિ હતા. એ પ્રસંગે અમદાવાદ આવતાં શાળાના સહાધ્યાયી અને અંગત મિત્ર તરીકે આ લખનારને ત્યાં અચાનક એકલા જ આવી ચડ્યા અને પોતાની સરળતા તથા સ્નેહની પ્રતીતિ આપી. ત્યાર પછી તેઓ અહીં હતા ત્યાં સુધી વખતોવખત એ જ ભાવપૂર્વક મળતા. ગુજરાતના કવિઓ, ચિત્રકારો તથા સાહિત્યકારોનું એક મંડળ આફ્રિકાની મુલાકાતે આવે તો તેનો સર્વ ખર્ચ ત્યાં રહેલા ઉત્સાહી સંસ્કારી જનો ઉપાડી લેશે એવું એમણે ઠરાવ્યું હતું, અને તે માટે ત્યાંના 'તરુણ મંડળ'ના પ્રમુખ, મારા મિત્ર શ્રી મહમદઅલી રતનસીભાઈએ મંડળ તરફથી પત્ર પણ પાઠવેલો.

મર્હૂમ હિંદના રાજકારણમાં પણ સારો ભાગ લેવા ઇંતેજાર હતા પરંતુ જીવનની ક્ષણભંગુરતા અને વિધિના દાવ કોણ સમજ્યું છે! જીવનભર તેમણે ગીતાના સિદ્ધાન્તો વ્યવહારમાં ઉતારવા પ્રયત્ન કર્યો હતો અને જાતે બહુ જ નીડર તથા સાહસમાં ઝંપલાવનાર હોઈ અનેકવાર મૃત્યુપ્રસંગોમાંથી પાર ઊતર્યા હતા. પણ તા. ૭-૮-૪૨ની સાંજે મુંબાઈમાં હૃદય બંધ થતાં અવસાન પામ્યા. તેમનું રોમાંચક જીવન આત્મકથા તરીકે 'કુમાર'માં આપવા તેમને વિનતિ થએલી, પણ હવે તો એમણે વિસ્તારેલ અનેક વેપાર અને ઉદ્યોગની સંસ્થાઓ તેમજ રાજદ્વારી લાગવગ જ માત્ર સ્મરણરૂપ રહેશે. એમના જેવા આત્માની તો પરમ ગતિ જ હોઈ શકે. ૐ શાંતિઃ ર. મ. રા.



બાપુની શોધમાં

★ નાટિકા



પ્રવેશ પહેલો

[સ્થળ: શહેરનો ગિર્દીવાળો રસ્તો. દસ વર્ષનો એક કુમાર ચકિત થએલા માણસો વચ્ચે હાંફતોહાંફતો ચાલ્યો આવે છે.]

છોકરો: મુસાફર, ઓ મુસાફર! અરે ભાઇ! તમે સાંભળતા કેમ નથી? શું મારો સાદ ધીમો છે કે તમને પહોંચતો નથી? મુસાફરભાઈ! ઓ મુસાફરભાઈ!

મુસાફર: તેં મને બોલાવ્યો?

છોકરો: હા, હું જ બોલાવું છું.

મુસાફર: હું શું જાણું કે તને મારો જ ખપ છે? નામ દીધા વગર કોણ બોલે? અહીં તો બધા મુસાફરો છે. કોઈ આમ જાય છે તો કોઈ બીજી જગ્યાએ જાય છે. હવે કહેવું હોય તે ઝટ કહી દે. મારે મોડું તો થયું છે અને હજુ ઘણે દૂર જવાનું છે.

છોકરો: ભાઈસાહેબ! કૃપા કરીને મને મારા બાપુનું ઘર બતાવો. હું મારગ ભૂલ્યો છું. હું તેમની આંગળીએ અહીં આવ્યો હતો, પણ શહેરની મેદનીમાં તેમનાથી છૂટો પડી ગયો. અહીં તો બધા રસ્તા એકસરખા જ લાગે છે, અને બધે ચોક પણ સરખા જ દેખાય છે. કયે રસ્તે થઇ હું બાપુને ઘેર પહોંચીશ તે સમજી શકતો નથી.

મુસાફર: (હસીને) ઓ બચ્ચા! હું તારા બાપુનું નામ ન જાણું, તારા ગામનું નામઠામ ન જાણું અને તને મારગ કેવી રીતે બતાવી શકું?

છોકરો: (અજબ થતો) હેં! તમે મારા બાપુજીને ઓળખતા નથી? હું તો ધારતો હતો કે સૌ તેને ઓળખે છે. (જરા થોભી, વિચાર કરી) બધા તેને 'બાપુ' કહે છે. મારા ગામના નામની તો મને ય ખબર નથી. લોકો તેને સ્વર્ગ કહીને ઓળખે છે. પણ મારા ગામની કેટલીક એંધાણીઓ હું જાણું છું.

મુસાફર: તો એ બધું કહે તો તને હું કંઈક દિશા બતાવી શકીશ.

છોકરો: મારું ગામ એક સુંદર ટેકરી ઉપર છે અને ત્યાં સ્ફટિક જેવાં જળવાળી એક સુંદર નદી વહી રહી છે. તેના બીજે કાંઠે લીલી હરિયાળી અને ઘટાદાર વૃક્ષો છે. ગાય, ભેંસ અને હરણાં ત્યાં ચરી રહ્યાં છે, સસલાં ફરી રહ્યાં છે, બકરી અને સિંહ એક આરાએ પાણી પી રહ્યાં છે, રંગબેરંગી ફૂલો રોજરોજ ત્યાં ખીલી રહે છે. પંખીઓનો કલરવ ચાલુ છે. બધાં સુખ અને સ્નેહમાં જીવન વીતાવે છે.

મુસાફર: (અકળાઇને) ભાઈ! તારી વાતો તો મજાની છે; પણ એટલાથી તારું ગામ હું શોધી શકીશ નહિ. જોકે એવું કોઇક ગામ મેં જોયું હોય અથવા તેની વાત સાંભળી હોય એવું થોડુંથોડું યાદ તો છે.

છોકરો: (વચ્ચે બોલી ઊઠે છે) આહા..હા... કેવી મજાની એ જગ્યા છે? તમે મારી સાથે ત્યાં ચાલોને! હું ખાત્રીથી કહું છું કે તમે ત્યાં આવશો પછી પાછા આવવાનું મન જ નહિ થાય.

મુસાફર: (વધુ અકળાઇને) અરે એ તે કંઇ બને? મારે ય મારા બાપનું કામ છે. એ કાંઈ રઝળાવાય નહિ. લાચાર છું, ભાઇ.

છોકરો: (ફરી વચ્ચે બોલે છે) હેં! તમારે પણ બાપુ છે? તે શો ધંધો કરે છે?

મુસાફર: (ગરમ થઇને) એની તારે શી પંચાત? તારી સાથે વાત કરવામાં મારો મોંઘો વખત બગડે છે. તું તારે જમણે હાથે ચાલવા માંડ. ત્યાં એક મહાદેવનું મંદિર આવશે, ત્યાં લોકોને પૂછી લેજે. ત્યાંથી તારા બાપુને ઘેર પહોંચવાનો રસ્તો મળશે.

છોકરો: અરેરે, તમે તો અકળાઈ ગયા. વારુ, કૃપા થઇ; જય જય.

[છોકરો બોલતો રહે છે અને મુસાફર ચાલતો થાય છે. એક કુમારિકા પૂજનનો થાળ લઇને ચાલી આવે છે.]

છોકરો: ઓ બહેન! જરા કહેશો મહાદેવનું મંદિર કયાં છે?

કુમારિકા: ચાલ મારી સાથે, બતાવું.

છોકરો: અહો! તમારી પાસે તો મધુરાં ફૂલો છે! પણ મારે ગામ હોય છે એવાં સરસ નહિ જ. તમે એ કોના માટે લીધાં છે?

કુમારિકા: (જરા નવાઇથી રસ લેતી) એટલી યે ખબર નથી! જોને હું એ મહાદેવને ચડાવવા લઈ જાઉં છું. તારી બાને કદી પૂજા કરતાં જોયાં નથી?

છોકરો: ના, અમારા ગામમાં કોઈ એવું કરતું નથી. ફૂલો છોડ પર ઊગે છે અને છોડને ખોળે જ ખરે છે. અમારાથી તે તોડાય નહિ. પણ તમારા હાથમાં બીજું કાંઈક છે તે શું છે?

કુમારિકા: શું હોય વળી? પ્રસાદ. તું ય કોઈ ભલો ભાઇ છે, કે કશી ખબર નથી. તું કોઇ વિચિત્ર ઠેકાણેથી આવ્યો લાગે છે.

છોકરો: એ બધાંને દેવ શું કરશે?

કુમારિકા: દેવ તેનો સ્વીકાર કરશે.

છોકરો: બહેન, મને ખૂબ જ ભૂખ લાગી છે. એમાંથી થોડો પ્રસાદ આપોને!

કુમારિકા: એવું બોલાય? દેવને ધર્યા પહેલાં તેને અડાયપણ નહિ.

છોકરો: એમ છે? દેવને તમે આવો પ્રસાદ દરરોજ ધરો છો?

કુમારિકા: કેવું પૂછે છે? રોજ કયાંથી અપાય? આપણને તેની કૃપા જોઈતી હોય, કંઇ માગવું હોય ત્યારે પ્રસાદ ધરીએ. મારો ભાઈ પરીક્ષામાં બેઠો છે ને તે પાસ થાય એવું માગવા હું મંદિરે જાઉં છું.

છોકરો: આ પ્રસાદ આપવાથી પરીક્ષામાં શી રીતે પાસ થવાય?

કુમારિકા: દેવ પ્રસન્ન થાય એટલે તે આપણું માગેલું આપે જ ને!

છોકરો: આપણે માગીએ તે મેળવવાનો આ રસ્તો બહુ સહેલો છે. પણ છતાં તે નાપાસ થાય તો?

કુમારિકા: જા જા, એવું ગાંડું ન બોલ. જો આ મંદિર આવ્યું. હાથ જોડીને ભાવથી દેવનાં દર્શન કર. [બંને અંદર જાય છે]

છોકરો: (અંદર જોતો) આ તો કાળો પથ્થર છે!


ગણેશજનની શિલ્પી : શ્રીધર મહાપત્ર



રમત જુએ છે. મારા બાપુ મારી જોડે એવું જ કરે છે. અત્યારે તો હું તેનાથી વિખૂટો પડી ગયો છું, પણ હું જરૂર તેમના ભેગો થઈ જઈશ. હું થાકી જઈશ ત્યારે જરૂર એ મને આવી મળશે.

તાપસ: બિચારા લડકા! આગે બઢે જાઓ, ઔર હમારા કામ મત બિગાડો.

છોકરો: જી હાં. પરમાત્મા પંડિતો અને યોગીઓથી છુપાએલા છે, પણ બાળકોને સુલભ છે. (નદીમાં ઊભેલો એક બીજો સાધુ દેખાય છે તેને) સાધુજી, હાથ ઊંચા રાખી આપ પાણીમાં શું કરો છો?

સાધુ: હું તપ કરું છું. મેં મારા હાથ પ્રભુને અર્પણ કરી દીધા છે. મને દર્શન દેશે ત્યારે જ હું તે નીચા કરીશ.

(એવામાં 'બચાવો બચાવો'ની બૂમ પડે છે.)

છોકરો: જુઓ જુઓ, સામે એક સ્ત્રી તણાય છે તેને બચાવો.

સાધુ: મારાથી આ તપનું આસન ન છોડાય. હું લાચાર છું.

છોકરો: અરે વાહ રે વાહ! પ્રભુએ તમને હાથ આપ્યા છે તે તો તમારાં અને બીજાનાં કામોમાં સહાય કરવા. તમે તેમ નથી કરતા, એટલે એ તમને પણ ભારરૂપ છે ને બીજાને માટે પણ નકામા છે.

સાધુ: અબે ઉંદર! તું કોની સામે બકે છે? આ તપથી મારામાં કેવી શક્તિ આવે છે તે તું જાણતો નથી. જાન પ્યારી હોય તો ચાલતી પકડ. અબે ચેલે, નિકાલ દો ઇસકો.

છોકરો: (હસીને) હા . . હા . . હા! મારા જેવા ઉંદરને નિકાલવાની યે તાકાત તમારામાં તો નથી ને? તેને માટે પણ ચેલાઓને બોલાવવા પડ્યા ને?

સાધુ: કાઢો એને; નિકાલો, જલદી કરો! આપણા પ્રાણપ્રિય ધર્મની તે નિંદા કરે છે અને પંથ પર તે ઘા કરે છે.

છોકરો: સંપ્રદાય, પંથ કે અંધશ્રદ્ધા કરતાં પ્રેમ અને દયા ચડી જાય છે. (જાય છે.)

[પડદો]

પ્રવેશ ત્રીજો

[પ્રાર્થના સંભળાય છે: 'સ્વર્ગ વિરાજિત ઓ પિતા! તારા નામનો જય હો, તારું સામ્રાજ્ય વધો અને સ્વર્ગ સમ તારું શાસન પૃથ્વી પર પ્રસરો. અમને આજનું ભોજન આપ અને અમારા પ્રતિ દ્વેષ કરનારને અમે દરગુજર કરીએ છીએ તેમ તું અમારાં પાપો દરગુજર કર.']

છોકરો: મારી જેમ કોઈ બાપુથી ભૂલા પડ્યો છે અને સાદ કરે છે: (મોટેથી) ઓ મિત્રો! તમે પણ બાપુ ગુમાવી બેઠા છો એમ જાણી મને દુ:ખ થાય છે.

એક દંપતી: (પ્રવેશ કરીને) દુ:ખી ન થતો ભાઈ; અમે કંઈ બાપુ ગુમાવ્યા નથી. અમે તો માત્ર ઉપર સ્વર્ગમાં રહેલા પરમેશ્વર પિતા પ્રત્યેની અમારી રાતની પ્રાર્થના કરી રહ્યાં છીએ.

છોકરો: ઉપર સ્વર્ગમાં રહેલા?

દંપતી: હા.

છોકરો: (ઊંચે જોતાં) હું તો ઉપર કંઇ જોઇ શકતો નથી! મને તો માત્ર તારા દેખાય છે.

[નોકર એકાએક પ્રવેશ કરીને સાથે એક ભિખારીને ઘસડી લાવે છે.]



નોકર: સાહેબ! જુઓ, આ છોકરો આપની મૅચબૉક્સ લઈને ભાગી જતો હતો.

પતિ: ખરેખર? તેને પકડીને પોલીસને હવાલે કરો.

છોકરો: (વચ્ચે પડીને) કૃપા કરી એમ ન કરશો. આ એક વખત તેનો ગુનો માફ કરો.

દંપતી: છોકરા! તું વચ્ચે ન પડીશ. બોલવું સહેલું છે, પણ—

છોકરો: તમે હમણાં જ પ્રભુની પ્રાર્થનામાં ન બોલ્યાં કે 'અમે અમારા પ્રતિ પાપ આચરનારને દરગુજર કરીએ છીએ, તેમ તું અમારાં પાપો દરગુજર કર?'

દંપતી: નાદાન છોકરા! તું એ નહિ સમજે. તને બીજાના કામમાં માથું મારવાનું કોણે સોંપ્યું છે! (નોકરને) આને બહાર કાઢ.

છોકરો: (બહાર નીકળી રસ્તા ઉપર સ્વગત) ચારે બાજુ અંધારું ઘોર છે. હું સાવ થાકી ગયો છું. હવે એક પણ ડગલું ચલાશે નહિ. ઘર જડે તેમ લાગતું નથી. કેટલા માર્ગ બદલ્યા? માઇલોના માઇલો ચાલ્યો, પણ બાપુ કે ઘરનો પત્તો મળ્યો નહિ. બધા ય પિતાને શોધે છે, પણ કોઈને સાચા માર્ગની ખબર નથી. (સામે જોઇ) આ કોઈ ધર્મશાળા લાગે છે (બહારનું પાટિયુ મોટેથી વાંચે છે) 'અહીં ગમે તે વખતે સૌને આશરો મળશે' વાહ! કેવું મનનું! આવી જ જગ્યા હું શોધતો હતો. લાવ, જઇને અંદર આરામ લઉં.

(સાંકળ ખખડાવે છે પણ કંઈ જવાબ મળતો નથી. સ્વગત) અરે! કેમ કોઈ બોલતું નથી? લાવ ફરી ખખડાવું.

(અંદરથી) 'અત્યારે કોણ છે એ, આટલી મોડી રાતે?'

છોકરો: અરે ભાઈ, હું મુસાફર છું. મારે આજની રાત અહીં પડી રહેવું છે, જરા ઉઘાડોને?

રખેવાળ: દિલગીર છું. બહુ મોડું થઈ ગયું છે. જાઓ, બીજી જગ્યા શોધી લ્યો.

છોકરો: પણ તમે તો અહીં લખ્યું છે ને કે 'અહીં ગમે તે વખતે સૌને આશરો મળશે.'

રખેવાળ: છો લખ્યું; ચાલતો થા, નહિ તો બીજે મોડો પડીશ.

છોકરો: હશે, કંઈ નહિ, ભાઈ; હું બીજે જઇશ.

[જરા આગળ અંધારામાં જાય છે એવામાં એક મોટરકાર ધસી આવે છે અને છોકરાને ભોંય પર પટકી નાખે છે. તેના માથા સાથે મોટરનો પંખો ભટકાય છે અને લોહીની ધાર થાય છે છોકરો ચીસ નાખે છે. મોટર થોડે દૂર જઈ થોભી જાય છે

અને અંદરથી એક વ્યક્તિ બહાર નીકળી ગુસ્સે થઇ બોલે છે.]

વ્યક્તિ: આ પંચાત વળી કયાંથી ઊભી થઈ ? આવડી મોડી રાતે આમ રસ્તા ઉપર લાંબા થઇને સૂએ તે આપણને શું ખબર પડે ? સાલા ભિખારાને બીજી જગ્યા પણ ન મળી ? હવે તો પોલીસ આવે તે પહેલાં અહીંથી રવાના થવાગાં જ સલામતી છે.

[મોટરમાં બેસી ઝડપથી હાંકી મૂકે છે.]

છોકરો: (દર્દભર્યા અવાજે) ઓ બાપુ! આવોને! તમે કયાં છો ? ઓ....હું મરી ગયો. ઝટ આવો, ઓ બાપુ.....

(રસ્તે જતી કોઇ એક અજાણી વ્યક્તિ તેને લઇ જાય છે)

[પડદો]

પ્રવેશ ચોથો

[છોકરો એક ઝૂંપડીમાં ખાટલા પર પડ્યો છે. તેની આંખ અને માથા પર પાટા બાંધેલા છે. એક વ્યક્તિ તેના હાથ પકડી ખાટલાની ઈસ પર બેઠેલી છે ને બારણા તરફ આતુરતાથી નજર નાખે છે.]

છોકરો: ઓ....હ! ઓ....હ! હું કયાં છું? બધે અંધારૂં છે. મને કંઈ દેખાતું નથી. મને બહુ દર્દ થાય છે.

સહાયક: ભાઇ! તું જ્યાં છે ત્યાં સહીસલામત છે. તું શાન્તિથી સૂઈ રહે. જરા ય ગભરાઈશ નહિ. તને એક મોટરનો ધક્કો વાગવાથી ઇજા થઈ છે; પણ ઈશ્વર સૌ સારાં વાનાં કરશે. જો હમણાં જ ડૉકટર સાહેબ આવી પહોંચશે, હોં!

છોકરો: (તેનો હાથ વધુ આવેશથી દબાવીને) હેં? તમે કોણ છો? તમે બાપુ છો?

સહાયક: ભાઈ! હું તારો મિત્ર છું. હું તારો બાપુ નથી.

છોકરો: પણ તમારો અવાજ તો મારા બાપુના જેવો છે. તમે મને ખરૂં કહોને? તમે મારા બાપુ નથી? મારી આંખે પાટા કેમ બાંધ્યા છે? મને તમારૂં મોઢું જોવા દ્યો. તમે મારા બાપુ જ છો.

સહાયક: (વાત્સલ્યથી) ભાઇ! જરા ધીરજ ધર. જો, જરા પણ હલીશ નહિ. તારે તારા બાપુને મળવું છે ને? જો, જરાક તને સારૂં થઇ જશે, એટલે જરૂર તને હું તારા બાપુ પાસે લઈ જઇશ. પણ અત્યારે તું પાટાને જરા પણ અડકીશ નહિ. તારો પાટો જરાક પણ ઢીલો થઈ જશે તો બધું લોહી વહી જઇને ખલાસ થઈ જશે. માટે મારૂં કહ્યું માનજે.

છોકરો: હેં?.... ખરેખર, તમે મને બાપુ પાસે લઈ જશો? તમે મને બહુ ગમો છો? બાપુને મળવાની મને બહુ મજા પડશે.

[થોડી જ વારમાં તે થાકીને સૂઇ જાય છે. બારણે ટકોરા થાય છે અને ડૉકટર અંદર આવે છે]

સહાયક: (ધીરેથી) ડૉકટર તમે આવ્યા? આને જરા જુઓ. (ડૉકટર છોકરાની નાડી તપાસે છે.)

ડૉકટર: (સહાયક તરફ જોઇને) અરે! આ કોણ છે! આને તમે કયાંથી લાવ્યા?

સહાયક: કાલે રાત્રે રસ્તા પરથી હું પસાર થતો હતો ત્યારે તે રસ્તા પર આ સ્થિતિમાં પડ્યો હતો. આનાથી વધુ વાતની મને ખબર નથી.

ડૉકટર: (નાડી તપાસી ગંભીર ચહેરે) કેસ બહુ સીરિયસ છે. હવે એ થોડા કલાકનો મહેમાન લાગે છે. અત્યારે તો તેને શાન્તિથી એમ ને એમ પડી રહેવા દેજો અને આ દવા આપી રાખું છું તેમાંથી દર અર્ધા કલાકે થોડીથોડી આપ્યા કરજો. તેના માથામાં કંઇક સખત અફળાયું લાગે છે. હું ધારૂં છું કે મોટરનો અકસ્માત થયો લાગે છે. કોની મોટર હતી?

સહાયક: એનો કંઈ પત્તો નથી લાગતો.

ડૉકટર: મને લાગે છે કે આ બાબતનો રીપોર્ટ તો આપણે કરવો જોઇએ. ચાલો એક કાગળ લાવો. નકામી આપણને પાછળથી તકલિફ નડે નહિ.

સહાયક: અરે, પણ અત્યારે એની શી ઉતાવળ છે? વખતે એ બચી પણ જાય. હજુ આપણે આશા ન છોડીએ (કટાક્ષથી) તમે ડૉકટરો તો અમને પરમ શાન્તિ આપવાને જ ઉતાવળ કરો છો.

ડૉકટર: (હસતાં હસતાં) તમને મારૂં કહેલું ગળે ન ઊતર્યું, ખરૂં? ચાલો ત્યારે હું તો જઇશ. મારે તો ખાતાને ખબર આપવાની મારી ફરજ બજાવવી જ પડશે. (એવામાં છોકરો એકાએક જાગી ઊઠે છે)



છોકરો: એ બાપુ! આવ્યા? બાપુ! ઓ બાપુ! અંતે તમે આવી પહોંચ્યાને!

(બેઠો થઇ જઈ એકદમ હાથ લાંબા કરે છે. ડૉકટરે ઢીલો કરેલો કપાળ ઉપરનો પાટો સરી જઈ આંખ ખુલી જાય છે અને બેઠેલા મિત્રને જોઈ પહોળા હાથ કરી છોકરો તેને ભેટી પડે છે. અને તેની છાતી ઉપર માથું નાખી દઈ આંખ બંધ કરી બબડે છે)

બાપુ! હું જાણતો જ હતો કે તમે આવશો. મને બહુ થાક લાગ્યો છે. પણ હવે હું નિરાંતે ઊંઘી જઈશ. મેં તમને ઓળખી લીધા છે. હેં બાપુ, આ આપણું જ ઘર છે ને? (આટલું બોલીને છોકરો ઢળી પડે છે.)

સહાયક: હા બેટા! તું હવે સદાને માટે તારા મહાન બાપુને ઘેર પહોંચી ગયો છે. (તેનું માથું ઓશીકા ઉપર ગોઠવે છે અને કપાળ પર ચુંબન લે છે.)

[શ્રી હરિશ્ચંદ્ર જોષી, એમ. એ. (પ્રિન્સિપાલ ચંડી હાઇસ્કૂલ, પંજાબ)ના મૂળ અંગ્રેજી નાટક ઉપરથી; 'કુમાર' માટે તેમણે ખાસ આપેલી અનુમતિથી]

ગામડાના બે વહેપારી શહેરના એક શેઠિયા મિત્રને ત્યાં જમી રહ્યા પછી વાતે ચડયા. શેઠે પૂછ્યું : 'તમને કલાપી ગમે કે?'

'ના ભાઇ, આપણને તો તડબૂચ ભાવે'. એકે જવાબ દીધો.

શેઠે જાણ્યું કે સાહિત્યમાં એ લોકોને ગમ નથી, એટલે વાત પડતી મૂકી. પાછળથી પેલા બે ઘેર જવા નીકળ્યા ત્યારે બીજાએ પહેલાને કહ્યું : 'અલ્યા તને કોઇ વાતની ગમ ન હોય ત્યારે ના ન પાડીએ. તારા મનથી કે કલાપી એ કાંઈ ચીભડા જેવું ફળ હશે; પણ તેં ના પાડીને સારી મિઠાઇ ખાવાની ખોવડાવી!'

કુમારિકા: (ચમકીને) હેં! તું મારા દેવને પથ્થર કહે છે! નીકળ અહીંથી.

છોકરો: મારી ભૂલ થઈ. તમને દુઃખ લાગ્યું? પણ મને તો કોઇએ કહ્યું કે આ બાગમાં બીજી ઘણી સરસ મૂર્તિઓ છે. આ તો હાથપગ વગરના દેવ છે. એને પ્રસાદ ધરશો તો એ ખાશે કેવી રીતે? અને આ ફૂલો પણ કેવી રીતે લેશે?

કુમારિકા: તારે શું કામ છે, વાંદરા! નીકળ અહીંથી. મને ન બોલાવ. (કુમારિકા હાથ જોડી ધ્યાન કરે છે અને પૂજારી બારણેથી પ્રસાદ લઈ લે છે.)

છોકરો: જો, જો, આ ભાયડો તારો પ્રસાદ અંદર લઇ ગયો. તું આંખો મીંચી માને છે કે દેવ આરોગી જશે. આંખો છતાં જોતી નથી? અરેરે, મને કકડીને ભૂખ લાગી છે, છતાં એક કકડો યે તેં મને ન આપ્યું.

કુમારિકા: તારે તોફાન જ કરવું છે. તને પ્રસાદ નથી મળ્યો એટલે બળતરા કરે છે. પણ હવે જો વધુ બોલીશ તો માર ખાઈશ.

[પૂજારી પાછો આવી થોડો પ્રસાદ અને ફૂલો કુમારિકાને આપે છે]

છોકરો: જો જો આ તો ઝાઝું બધું પોતે રાખીને તને માત્ર થોડું જ આપે છે. એની મોટી ફૂંદ ભરવાને તો વધારે જ જોઇએ ને? તું અને તારા ભગવાન મને તો વિચિત્ર લાગે છે. અહીં તે મને કોણે મોકલ્યો? મારા બાપુ આવી જગ્યાએ હોય જ નહિ.

પૂજારી: બદમાશ છોકરા! ખરૂં જ બોલ્યો તું. તારી જાતના લોકો અહીં હોય જ નહિ. નીકળ અહીંથી; નહિ તો જોયો છે આ ધોકો?

છોકરો: જોયો જોયો. પણ તમારા કરતાં હું વધારે સાચું કહું છું.

[પડદો]

પ્રવેશ બીજો

સ્થળ : નદીકાંઠો

છોકરો: અહા! કેવું રમણીય સ્થાન છે! મારા બાપુનું ઘર આટલામાં નજીકમાં જ હોવું જોઇએ. આ નદી વહી રહી છે (નજીક પહોંચતાં) આ દેખાવ પણ કેવો અજબ છે! પણ અહીં આટલા બધા લોકો શા? એ બધા શું કરતા હશે? કોઇ નાહી રહ્યા છે, કોઇ ગાઇ રહ્યા છે, કોઈ સ્થિર થઈ બેઠા છે. કોઇએ તો આંખો બંધ કરીને નાક પકડી રાખ્યું છે. તેઓ આવા સુંદર દશ્ય તરફ નજર પણ કેમ કરતાં નહિ હોય? (એક સાધુની પાસે જઇને) મહારાજ! એ મહારાજ!

સાધુ: (ધ્યાન છોડીને) કયા હય બચ્ચા?

છોકરો: આ તમારી આંખે અથવા નાકે કંઇ થયું છે, વારૂ?

સાધુ: (ગુસ્સે થઇને) બેવકૂફ! જોતો નથી, હું પૂજા કરૂં છું.

છોકરો: પૂજા? શેની પૂજા?

સાધુ: ભગવાનની વળી; બીજા કોની?

છોકરો: ભગવાન ક્યાં છે?

સાધુ: ભગવાન ઇંદ્રિયોથી અગોચર અને અજ્ઞેય છે. એ અનંત છે. પણ તું તો બાળક છે; તારાથી આ બધાં ધર્મરહસ્ય નહિ સમજાય. ચાલતો થા; મારી પૂજામાં ભંગ પડે છે.

છોકરો: ભલે જાઉં છું, તમને વધારે કષ્ટ નહિ આપું. પણ એક વાત પૂછી લઉં? હું મારા બાપુથી વિખૂટો પડી ગયો છું. મને મારા ઘરનો રસ્તો બતાવશો?

સાધુ: લાચાર છું. આ સંસારની કોઈ વાત હું જાણતો નથી. ભગવાનને પ્રાપ્ત કરવાને છેલ્લાં વીસ વર્ષથી દુનિયાનો મેં ત્યાગ કર્યો છે.

છોકરો: તો પછી ભગવાન મળ્યા?

સાધુ: ના રે ના.

છોકરો: ત્યારે મારી સાથે પાછા સંસારમાં ચાલો ને? ત્યાં ભગવાન જરૂર મળશે. પોતે રચેલા સંસારથી ભગવાન પોતે જુદા કેમ રહી શકે તે તમે જ કહોને?

સાધુ: (હસીને) ધન્ય છે તને કે આવી અક્કલ છે! પણ તું માને છે એવો સંસાર નથી. ત્યાં શોક, દુઃખ ને વિપત્તિઓ ભરી છે; એટલે તો એ માર્ગ છોડી હું અહીં આવી બેઠો છું. હવે ત્યાં પાછા ન જવાય. પણ તું જ અહીં મારી પાસે રહે તો?

છોકરો: ના, ના; મને મારા બાપુ વગર ચેન પડે નહિ. હું ગમે ત્યાંથી તેમને ઢૂંઢી કાઢીશ; જયજય.

[જરા દૂર જાય છે, ત્યાં કોઈ પંડિતજીનો વેદપાઠ સાંભળે છે.]

છોકરો: (સ્વગત) કેટલો સુંદર અવાજ! હું તેમને જઇને પૂછું. (મોટેથી) મહાશય! તમે આ બોલો છો તેનો અર્થ સમજાવશો?

પંડિત: (ઊંચે જોઇને) ઓત્તારી! તું વેંત જેવડો થઇને આ પવિત્ર મંત્રનો અર્થ શું જાણવાનો હતો? અરે! મને પોતાને ય હજુ સમજણ પડી નથી. પ્રાચીન પવિત્ર સંસ્કૃત વાણીમાં તે લખાએલા છે. મારા પિતાએ પણ અર્થ સમજાવ્યા વિના મને મુખપાઠ કરાવ્યો છે. તારી જેમ મેં પણ તેમને અર્થ પૂછ્યો હતો, ત્યારે તેમણે કહ્યું કે તેઓ પોતે પણ અર્થ જાણતા નથી, અને મને ચાવળો છોકરો ગણીને કાઢી મૂકયો. એનો અર્થ કોઇએ જાણવાની જરૂર નથી. માત્ર તેનું વારંવાર પારાયણ કરવાથી જ સર્વ પાપોનો નાશ થઈ જાય છે ને આત્માને મોક્ષપ્રાપ્તિ થાય છે. એ આખો યે ગ્રંથ મને મુખપાઠ થઈ ગયો છે.

છોકરો: આપ મહાશક્તિમાન છો; પણ રોજરોજ અર્થ સમજ્યા વિના આટલુંબધું બોલતાં કંટાળતા નથી? આપને કદી થાકલાગતોનથી?

પંડિત: મને કદી એવું લાગ્યું નથી. હવે તેની ટેવ પડી ગઈ છે.

છોકરો: તો તો પછી તમને એમાંથી કંઈ પ્રાપ્તિ થઈ હશે, અને મોક્ષ જડી ગયો હશે? મારી આપને વિનતિ છે કે હુ મારા બાપુથી વિખુટો પડી ગયો છું, તો આ ગ્રંથોમાંથી તમને ખબર પડશે કે હું તેમને કેવીરીતે પ્રાપ્ત કરી શકું?

પંડિત: એ હું શું જાણું? તારા બાપુની ખોજ તો તું જ કરી લે. અને મને મારૂં કામ કરવા દે.

છોકરો: મને લાગે છે કે આપ માર્ગ ચૂકયા છો અને કોક ઠેકાણે ભટકાશો. જયજય. (જરા દૂર એક તાપસને જોઈ સ્વગત) અરે કેવો દેખાવ! સૂર્ય તપી રહ્યો છે, છતાં ચારે બાજુ તાપણી કરી છે! (મોટેથી) તમને સૂર્યની ગરમી ઓછી લાગે છે કે આ તાપણાં કર્યાં છે?

તાપસ: તુમ કયા જાનો? તુમ બડે હોગે તબ સબ સમજોગે. યે પંચાગ્નિ હય. ઈસસે પાપ સબ જલ જાયગા, ઔર પવિત્ર હોનેકે બાદ પરમાત્માકા દર્શન હોગા.

છોકરો: હું એ કાંઈ ન સમજું. મને તો લાગે છે કે આથી તમારૂં શરીર બળશે, પણ તમારી વાસનાઓ નહિ બળે. અને જો તમારી બધી વાસનાઓનો નાશ થઈ જાય તો પરમાત્મા મેળવવાની જરૂર નહિ રહે. મને તો દીવા જેવું લાગે છે કે પરમાત્માને મળવું હોય તો તેની તેના વિશ્વમાં શોધ કરવી જોઇએ. એ તમે નહિ માનો. ઓલે સ્થળે સંતાઇને આ બધા



ધ રાઈટ ઑનʼબલ

વી. શ્રીનિવાસ શાસ્ત્રી



હિંદમાં એવા વિરલ પુરુષો છે જેના ચારિત્ર્યની અભેદ્યતાને શ્રીનિવાસ શાસ્ત્રી કરતાં ઊંચું સ્થાન આપી શકાય. રાજકારણમાં એમનાથી મતભેદ ધરાવનારાઓ પણ એમની નિષ્ઠા સામે કદિ સવાલ નથી ઉઠાવતા. આ એક જ હકીકત એમની સમગ્ર ઓળખાણ આપવા બસ છે.

સ્વ. ગોખલે સર્વન્ટ્સ ઑવ ઇન્ડિયા સોસાએટી (ભારત સેવક સમાજ) માટે પોતાના ઉત્તરાધિકારી તરીકે એમને નીમવામાં ખરેખર પોતાનું શુદ્ધ આંતર્દર્શન બતાવી ગયા છે. ગોખલેની પેઠે જ એમનામાં બૌદ્ધિક પ્રમાણિકપણા સાથે ઉચ્ચ આદર્શવાદિતા છે; ચાહે તેવા વિરોધનો સામનો કરવાની તૈયારી અને ઊર્મિના વેગમાં તણાઈ ન જવાની મક્કમતા છે.

શ્રીનિવાસ શાસ્ત્રીનો જન્મ ઈ. ૧૮૬૯ના સપ્ટેંબરની ૨૪મીએ થએલો. મહાત્મા ગાંધીનો જન્મ પણ એ સાલના ઑક્ટોબરની ૨જીએ થએલો હોઈ બંને સમવયસ્ક છે. હિંદુ કોમની સર્વોચ્ચ વર્ણમાં તેમનો જન્મ થએલો હોઇ દક્ષિણની બ્રાહ્મણ સંસ્કૃતિના સર્વ ઉચ્ચ અંશો શ્રી શાસ્ત્રી ધરાવે છે. એમની શાળા ને કૉલેજની કારકિર્દી બહુ તેજસ્વી હોવા છતાં એમને બહુ વિખ્યાતિ આપી શકેલી નહિ. એમને વિખ્યાતિ તો એમના પાછલા જીવનમાં વણમાગી મળી છે.

યુનિવર્સિટીનો અભ્યાસ પૂરો કરીને શાસ્ત્રીએ કેળવણીના ક્ષેત્રમાં ઝંપલાવ્યું, કારણ પહેલેથી જિંદગીનો એ આદર્શ એમણે નક્કી કર્યો હતો. આખરે દક્ષિણ હિંદની એક અગ્રગણ્ય હાઈસ્કૂલના હેડમાસ્તર તેઓ નિમાયા. તેઓ પોતાના એ ઇપ્સિત આદર્શને જ મનીમત માની લેત, પરંતુ ગોખલેજીએ એમની પ્રચ્છન્ન પ્રતિભાને શોધી કાઢી અને એથી ઉદાત્ત સેવાકાર્યમાં ઘસડ્યા.

લૉર્ડ કર્ઝનની રાષ્ટ્રવિરોધી કારકિર્દીનો વિરોધ કરીને ગોખલેજી ત્યારે રાજદ્વારી કીર્તિની ટોચે પહોંચ્યા હતા. યુનિવર્સિટીની કામગરી તથા નાણાં વિષયક લૉર્ડ કર્ઝનના આંકડા સામે એમણે આહ્વાન ફેંક્યું અને એમાં વાઇસરૉય કરતાં પણ એમની તજ્જ્ઞતા વિશેષ પુરવાર થઇ. કર્ઝન પણ એમની પ્રસંશા કરવા જેટલો ઉદારદિલ હતો. આથી કર્ઝનની જગ્યાએ જ્યારે લૉર્ડ મિન્ટો ને ઇન્ડિયા ઑફિસમાં જૉન મૉર્લી આવ્યા ત્યારે ગોખલેજી હિંદી શાસન પાછળની એક સબળ સત્તા બની ગયા હતા.

અને પોતાના જીવનની એ સર્વોચ્ચ કારકિર્દી દરમ્યાન એમને માલૂમ પડ્યું કે અસાધ્ય દરદના ભોગ થવાના કારણે એમનું જીવન હવે બહુ ટૂંકું રહ્યું છે. આથી એ સમાપ્ત થાય તે પહેલાં પોતાનું સઘળું નૈતિક ને આધ્યાત્મિક બળ ઠાલવી એમણે એક સંસ્થા ઊભી કરી, જે પાછળથી ʻસર્વન્ટ્સ ઑવ ઇન્ડિયા સોસાએટીʼ તરીકે ઓળખાઈ રાજકારણની સક્રિય પ્રવૃત્તિમાંથી એમના ટૂંકા જીવનગાળાનો જે સમય બચતો તે તેઓ આ સંસ્થાને સમર્પતા રહેતા. આ સંસ્થામાં જોડાનાર સભ્યે જીવનભરનું સેવાવ્રત સ્વીકારવાનું હતું. બ્રિટિશ કૉમનવેલ્થનું હિંદને સમાન ભાગીદાર બનાવવાના પ્રયત્નમાં એમને પોતાની જાત સમર્પવાની હતી. આ બીજા મુદ્દામાં ગોખલેની વિનીતતા દેખાઈ આવે છે. છતાં એ દૃષ્ટિબિંદુ ધરાવતા અનેકોને એ સંસ્થાએ આકર્ષેલા.

ઇ. ૧૯૧૨માં દક્ષિણ આફ્રિકામાં ગાંધીજીને મળ્યા પછી એમને પોતાની સંસ્થાના ઉત્તરાધિકારી માટે ચિંતા થવા લાગી. એમના એક શબ્દથી ગાંધીજી એ સંસ્થામાં જોડાઈ જાત, પરંતુ એથી પોતાની સંસ્થાનો હેતુ જેમ ને તેમ જળવાઈ શકે એમ નહોતો. એથી ઊલટું, શાસ્ત્રી અનેકરીતે ગોખલે સાથે સામ્ય ધરાવતા હતા. બંને જીવનના આરંભમાં શિક્ષકો હતા; બંને વિદ્વાનો હતા; નાની નાની બાબતોમાં બંને ઝીણવટભરી ચોકસાઈ ધરાવનાર હતા અને બંને રાજકારણમાં, વિનીત દૃષ્ટિબિન્દુ ધરાવતા હતા.

પરંતુ કંઈ આખરી નિર્ણય થતાં પહેલાં જ ગોખલેનું અવસાન થયું, એમના પછી એ સંસ્થાની સભામાં સર્વાનુમતે ગાંધીજીને બદલે શાસ્ત્રીને ચૂંટી કાઢવામાં આવ્યા. આખા હિંદે એ નિમણૂક વધાવી લીધી.

૧૯૧૪ના મહાયુદ્ધમાં કાઉન્સિલ ચેમ્બરમાં સરકારને પડખે રહી એમણે પોતાની શક્તિ વાપરી હતી, છતાં રોલેટ ઍક્ટનો વિરોધ કરતાં તે અચકાયા નહોતા. એમની પ્રમાણિકતા અને વફાદારીને લઈ સરકારે ઈ. ૧૯૨૧માં એમને ઈમ્પીરિયલ કૉન્ફરન્સના પ્રતિનિધિ તરીકે લંડન મોકલ્યા. આ કૉન્ફરન્સમાં દક્ષિણ આફ્રિકાના પ્રાઇમ મિનિસ્ટર જનરલ સ્મટ્સ અને એમના વચ્ચે ઝગડો જામ્યો. ખૂબ તડાતડી થઈ. શાસ્ત્રી સંસ્થાનોમાં વસેલા હિંદીઓ માટે સમાન નાગરિકત્વ માગતા હતા. જનરલ સ્મટ્સ તેમાં આર્થિક કારણો આગળ આણી ના પાડતા હતા. પરંતુ સ્મટ્સની દલીલો પાંગળી હતી ને બધા સમજી ગયા કે એ નકાર પાછળ રંગદ્વેષ જ રહેલો છે.

હિંદીઓ માટેના આ સમાન નાગરિકત્વને શાસ્ત્રીએ હવે પોતાનો જ પ્રશ્ન બનાવી લીધો ને બધાં સંસ્થાનોમાં હિંદીઓની હાલત તપાસવા એ જગતસફરે નીકળ્યા. એક માત્ર દક્ષિણ આફ્રિકાએ તેમને પ્રવેશવા ન દીધા. એ સફર દરમિયાન જ વૉશિંગ્ટન કૉન્ફરન્સમાં એમણે હિંદી પ્રતિનિધિ તરીકે ભાગ લીધો. એવી જ રીતે ૧૯૨૩માં હિંદી સરકારની વતી કોલોનિયલ ઑફિસમાં કેન્યામાંના હિંદીઓના સંપૂર્ણ નાગરિકત્વની માગણી એમણે મૂકેલી.

કેન્યાની લડતમાં લૉર્ડ ડેલામીઅર એમનો જબરો પ્રતિસ્પર્ધી હતો. સરકારના આર્થિક રીપોર્ટમાં હિંદીઓના ચારિત્ર્ય પર એણે સખત ટીકાઓ કરેલી. શાસ્ત્રીને એ પ્રતિસ્પર્ધી ઉપરાંત આખી વ્યવસ્થિત લડતનો પણ સામનો કરવાનો હતો. પૂર્વ આફ્રિકામાં હિંદીઓના આગમન સામે અંકુશ મૂકી દેવાયો. ʻડર્બને આફ્રિકાનો પાછલો દરવાજો બંધ કર્યો છે તો મોમ્બાસાએ આગલો દરવાજો બંધ કરવો જોઇએʼ એ દલીલ ત્યારે યુરોપિયનો આગળ કરતા હતા. આ પરિસ્થિતિ પર શાસ્ત્રીએ હિંદમાં તાર કર્યો કે ʻIf Kenya is lost, all is lost.ʼ

એ લડત દરમિયાન જ એમના પર ગંભીર માંદગી આવી પડી અને લંડનના એક નર્સિંગ હોમમાં એમને જવું પડ્યું. ડૉક્ટરોએ

એમને આરામ લેવા કહ્યું, પણ એમનું અંતર એટલું કકળી ઊઠયું હતું કે એ સલાહ છતાં ક્વીન્સ હૉલની સભામાં એમણે ભાષણ આપ્યું. આથી હૃદયરોગ વધુ ગંભીર બન્યો. એમની તબિયત લથડી ગઇ ને હિંદ આવી એક વરસની સારવાર લીધા પછી જ તે સાજા થયા.

વ્હાઈટ પેપર બહાર પડયાં ત્યારે તેનો ચુકાદો હિંદની તરફેણમાં આવ્યો. કૉલોનિયલ ઑફિસે જાહેર કર્યું કે જાતીય ભેદોને લગતો કોઈ કાયદો હિંદીઓ પર નહિ નાખવામાં આવે. કેન્યામાં સ્વતંત્રતાપૂર્વક હિંદીઓ જાય એટલે યુગાન્ડામાં પણ જઈ શકે. અને ટાંગાનિકા તો મૅન્ડેટેડ પ્રદેશ હોઈ, સમગ્ર પૂર્વ આફ્રિકાનાં દ્વાર હિંદીઓ માટે ખુલ્લાં રહ્યાં. પરંતુ આ સિવાયની બીજી બાબતોમાં વ્હાઈટ પેપરમાં જાતીય વિશેષતાનો સ્વીકાર થએલો જોઈ શાસ્ત્રીને બહુ ખેદ થએલો.

બ્રિટિશ કૉમનવેલ્થને આપેલી આ સેવાની કદર કરીને સરકારે શાસ્ત્રીને પ્રિવી કાઉન્સિલર બનાવ્યા અને રાઈટ ઑનરેબલનો ઇલકાબ આપ્યો. પરંતુ બ્રિટિશ પાર્લામેન્ટના સીધા કાબૂ હેઠળ રહેલા કેન્યા જેવા દેશમાં પોતાના લોકો ઉપેક્ષિત થતા હતા એ વાતને એથી કશું સાંત્વન ન મળ્યું. થોડાઘણા યુરોપિયનો ત્યાં જમીનના મોટામોટા ટુકડાલઇ બેઠા છે જ્યાંથી હિંદીઓને તદ્દન બાકાત રાખવામાં આવ્યા છે. એ અન્યાયને કાઉન્સિલે તાજેતરમાં જ ન્યાય્ય ઠરાવી એ પ્રશ્ન વધુ વિકટ બનાવ્યો છે.

આ આખી લડતથી થએલા આઘાતે શાસ્ત્રીનો આખો જીવનક્રમ બદલાવી નાખ્યો. મોકો મળતાં જ એ દક્ખણ આફ્રિકા ગયા. ૧૯૨૧માં જનરલ સ્મટ્સના પોતે કરેલા વિરોધને કારણે ત્યાં બહુ સફળતા નહિ મળે એમ તે ધારતા હતા. પરંતુ ત્યાં પહોંચતાં જ જનરલ સ્મટ્સે એમને હાર્દિક આવકાર આપ્યો. કેપ ટાઉનની પહેલી કૉન્ફરન્સ પછી તુરતમાં જ એમને દક્ખણ આફ્રિકાના એજન્ટ જનરલ બનાવી દેવામાં આવ્યા. ખુદ મહાત્મા ગાંધીએ વાઈસરૉયને એમના નામની ભલામણ કરેલી. થોડા જ વખતમાં એ ત્યાં એટલા લોકપ્રિય થઇ પડયા કે સર્વ જાતિના લોકોનાં ટાળેટોળાં એમને સાંભળવા ઉમટતાં. ત્યાંના હિંદીઓમાં પણ એ એટલા પ્રિય થઈ પડેલા કે ડર્બનમાં હિંદીઓ માટે એક કૉલેજ ઉઘાડવામાં આવી તેનું નામ શાસ્ત્રી કૉલેજ રાખવામાં આવ્યું.

હિંદના નવા રાજબંધારણ માટે ભરાએલી ગોળમેજીમાં એ પ્રતિનિધિ તરીકે ગએલા ને પહેલી તથા બીજી બંને બેઠકમાં ભાગ લીધેલો.

દક્ખણ આફ્રિકાથી પાછો આવી હું શાસ્ત્રીને મળ્યો ત્યારે એ પૂનામાં રહેતા હતા ને દૂધ તથા ભાજી પર જ રહી મોટો ભાગ ચિંતનમાં ગાળતા હતા. મેં એમને હસતાંહસતાં કહ્યું, 'તમે તો સંન્યાસી બની ગયા.'

'તમને ખબર છે ? હું નાનો હતો ત્યારે એક જ્યોતિષીએ મારૂં એવું જ ભવિષ્ય ભાખ્યું હતું!' એમણે જવાબ આપ્યો.

જોકે હજુ એ સંન્યાસીની જેમ બિલકુલ નિવૃત્ત બની નથી બેઠા, પણ એમની રખડપાટના દિવસો પૂરા થયા છે. અન્નામલાઈ યુનિવર્સિટીનું વાઇસચાન્સેલર પદ એમણે સ્વીકાર્યું છે, છતાં એની કામગીરી એટલી બધી ન હોઈ, એમને ધ્યાન અને અભ્યાસનો પૂરતો સમય મળી રહે છે.

એમની માતૃભૂમિ ભારત ને જગતના કલ્યાણ અર્થે એ દીર્ઘાયુ થાઓ. (સી. એફ. ઍન્ડ્રુઝના લેખ પરથી)

શ્રમજીવીઓનાં બાળકો માતપિતાના કાર્યમાં હમેશાં મદદ કરતાં રહેતાં જણાય છે. એવા એક પ્રસંગના ભાઈ ગંગારામના 'હળવી મજૂરી' ચિત્રમાં ધોબીનું બાળક છીછરા પાણીમાં મેલાં કપડાંનો ગાંસડો તેની લાક્ષણિક ઢબે ઘસડી જતું નજરે પડે છે. ફોકસિંગ ખામીવાળું ન હોત તો એ સુંદર ચિત્ર બનત. **બલવન્ત ભટ્ટ**

ફોટોગ્રાફી

હરીફાઇનું પરિણામ

પહેલું ઇનામ: 'સૂર્યાસ્ત'–ગઝઢર માસ્તર (પાલણપુર); બીજું ઇનામ: મોકૂફ; ત્રીજું ઇનામ: 'ઘર ભણી'–ચીમન મેવાડા (કલોલ). નોંધપાત્ર: (૧) 'પાંખો વિનાનું પક્ષી'–હાસમ સુતાર (નડિયાદ); (૨) નામ વગરનું–જમનાદાસ પંચોલી (અમદાવાદ); (૩) રાજહંસ–આર. એમ. મિસ્રી (નડિયાદ); (૪) 'હળવી મજૂરી'–ગંગારામ પ્રજાપતિ (અમદાવાદ).

પહેલું ઈનામ જીતનાર 'ટેબલ ટૉપ (Table-Top) ફોટોગ્રાફી-'નો ઠીકઠીક નમૂનો ગણાય. ઊંટ, ઝાડ અને મુસાફરોની પૂંઠામાંથી કાપીને બનાવેલી આકૃતિઓને તદ્દન સફેદ પશ્ચાદ્‌ભૂમિ આડે ટેબલ કે એવી બીજી સપાટ વસ્તુ ઉપર ગોઠવી સિલ્હુએટ નેગેટિવ ઉપજાવી જણાય છે, અને પછી સૂર્યાસ્ત સમયનું વાદળાંવાળું આકાશ, બીજી નેગેટિવમાંથી ફરીથી પ્રિન્ટિંગ કરીને આ ચિત્રમાં ઉતાર્યું હોય એમ લાગે છે. પહેલી નજરે જોતાં ચિત્ર કુદરતી દ્રશ્યનો ખ્યાલ ઉપજાવે છે; આ જ તેની વિશિષ્ટતા છે. ફોટોગ્રાફીનો ક્રિયાભાગ અને સંયોજન સારાં છે. ચોમાસાના દિવસોમાં ઘરમાં બેઠાં, આ પ્રકારના અખતરા કરવામાં છબિકારની કલ્પના ને સર્જનશક્તિને પુષ્કળ અવકાશ રહે છે, સાથેસાથે સંયોજન અને ટૅકનિકનો અભ્યાસ પણ વધે છે. આ ચિત્રમાં પશ્ચાદ્‌ભૂમિનાં વાદળાંના આકારો તથા આકાશના વર્ણભેદ વિષયની સમગ્ર યોજનાના પ્રમાણમાં ઉગ્ર છે અને એથી ચિત્ર જોઇએ તેટલું રસપ્રદ ને આકર્ષક બનતું નથી. કોમળ ભાવ રજૂ કરતી બૅકગ્રાઉન્ડ ચિત્રમાં સુસંવાદ (harmony) લાવત. ખાસ કરીને ઊંટની ડોક વાદળમાં ભળી જાય છે એ બીના ચિત્રમાં ક્ષતિ ઉપજાવે છે.

ગામડાના સીમાડે ગોરજ સમયે સીમમાંથી પાછાં વળતાં ઢોરનાં ટોળાં ફોટોગ્રાફીનો સરસ વિષય બની રહે છે. ભાઇ ચીમન મેવાડાએ 'ઘર ભણી'માં એવાજ પ્રસંગનું ચિત્ર રજૂ કર્યું છે. તેમાં વાતાવરણની જમાવટ છે. મૂળ વિષયમાં કલાતત્ત્વો હતાં જ; પરંતુ અભ્યાસની કચાશના કારણે ચિત્ર ફતેહમંદ નીવડયું નથી. ઘાસનો ભારો માથે લઇ આવતા પાત્રને ચિત્રનું કેન્દ્ર બનાવવામાં ભાઇ મેવાડા નિષ્ફળ ગયા છે. જમણી ધારથી ચિત્રને સવા બે ઈંચ કાપી નાખો. આથી ભેંસોને હાંકતી છોકરી ચિત્રનું મુખ્ય લક્ષ્ય બનશે. રસ્તાનો વળાંક તથા પાછળ ધૂળ ઉડાડતાં આવતાં ઢોર વિષયને અનુરૂપ વાતાવરણ જમાવવામાં મદદરૂપ થશે ને ચિત્રના ગુણમાં અનેકગણો વધારો થશે.

ભાઇ હાસમ સુતારનું 'પાંખો વિનાનું પક્ષી' ચિલ-ઝડપ (high speed) ફોટોગ્રાફીનો નિષ્ફળ પ્રયાસ કહેવાય. વિષય માટે એકસ્પોઝરની ગતિ (speed) પૂરતી ઝડપી છે, પરંતુ પ્રકાશના પ્રમાણમાં તે ઓછી હોવાથી નેગેટિવ 'અન્ડર' આવી છે. પાત્રોનાં પરિધાન ને યોજના યોગ્ય સ્વરૂપમાં રજૂ થયાં ન હોઈ ચિત્ર નીરસ લાગે છે. શહેર કે ગામડાની પોળોમાં રખડતી ગાયોનું રોજનું સામાન્ય દ્રશ્ય ઝડપીને ભાઈ જમનાદાસ પંચોળીએ નામ વિના હરીફાઈમાં મોકલ્યું છે. ગાયોની ગોઠવણ સુરૂચિકર નથી, પણ ચિત્ર વિષયની મૌલિકતા સૂચવતું લાગવાથી ઉલ્લેખપાત્ર બન્યું છે. ભાઇ મિસ્રીના 'રાજહંસ' ચિત્રનો ક્રિયાભાગ બહુ સારો છે, પણ અયોગ્ય દૃષ્ટિકોણથી અને કવખતે કૅમેરાની ચાંપ દાબી હોવાથી હંસનું નૈસર્ગિક લાવણ્ય (grace) તે દાખવતું નથી. (જુઓ જોડેનું કૉલમ)

કાઠિયાવાડી ગ્રામકુમારોના બીનજવાબદાર બાળપણનાં રમૂજી પરાક્રમોનો એક વધુ પ્રસંગ: જેમાં

નંદો અને કુર્ણો



મુંબાઈની પાઠશાળાએ પંડિત થવા જાય છે

ચૈત્ર-વૈશાખનો ધોગ ધખતો હતો. એમાં જો પા અરધો કલાક ફર્યા હોઇએ તો જરૂર લબરકી થઈ જાય. પણ નંદાને તેની ચિંતા ન હતી. ગમે તેવી ઠંડી કે ગરમીના મારણનો પ્રયોગ નંદો બારે માસ એકાંતરે કર્યા કરતો. ઘી, ગોળ અને ઘઉંના લોટની પોણો-શેરીયા ગોળીઓનું સેવન એ સર્વ રોગનું મારણ હતું. ખસખસ ચોપડેલી આ ગોળીઓમાં ગમેતેવા હઠીલા રોગને નાબૂદ કરવાની શક્તિ હોવાની તેની પૂરી ખાત્રી હોવાથી, માંદા પડેલા મિત્રો, સગાં-વહાલાં વગેરેને આ ગોળીઓ જ લેવાનું તે સૂચવતો; અને પુરાવામાં પોતાનું ત્રાંબાના રંગ જેવી સુરખીવાળું શરીર બતાવતો. નદીએ સ્નાન કરી પાછા ફરતા નંદાને બન્ને ખભા ઉપર પાણીના હાંડા ઊંચકી ઝડપથી ચાલ્યો જતો જોઈ પાણી જતી સ્ત્રીઓ પણ થોડી ક્ષણ પાછું વાળી જોઈ લેતી, ને અચરજ પામી હોઠે હાથ મૂકી વાતો કરતી: 'લે બાઇ, નંદો તો એના ઘરનું બધુંય કામ ઉપાડી લે છે!' ત્યાં તો બીજી બોલી જ હોય: 'રસોઇ કરવાથી તે વાસીદું સુધ્ધાં નંદો જ કરે. એના બાપને તો ઘણી નિરાંત. આવા દીકરા તો ભાગશાળીને જ હોય બાઈ!'

નંદાને જનોઈ દીધા પછી તેના બાપાએ મુંબાઈ સદાને માટે છોડયું હતું અને દેશમાં રહી યજમાનવૃત્તિ કરી ગુજરાન ચલાવવાનું નક્કી કર્યું હતું. મુંબાઇ છોડયા પછી નંદાએ વતનની શાળામાં મોટા માસ્તરને વિનંતિ કરી મહામુસીબતે નામ નોંધાવ્યું હતું. નિશાળમાં નંદાનો જરાક આઘેરો મામો કુર્ણો નંદાથી એક જ ચોપડી આગળ હતો. તેની સાથે નંદાને દોસ્તી થઈ ગઈ હતી. ઉંમરમાં કુર્ણામામા નંદા કરતા બેત્રણ વર્ષ મોટા; અભ્યાસમાં બેજનું; અને સ્વભાવ માટે તો આખા ગામે જ એના પગની ખોડને લીધે 'સત્તર કંદા લંગડા'ની કહેવત એમને લગાડી દીધી હતી.

મામોભાણેજ જ્યારે મળતા ત્યારે દિલ ખોલીને વાતો કરતા અને કંઇકંઈ બેત રચતા. એક દિવસ અચાનક કુર્ણાના ભેજામાંથી નીકળ્યું: 'નંદા, આપણે સંસ્કૃત ભણવા જઇએ તો? પછી તો મોટા મોટા પંડિતોને પણ શાસ્ત્રાર્થમાં હંફાવી દઇએ. આપણા ગામમાં પેલા વનમાળી દવે કેવા વિદ્વાન અને જ્યોતિષના જાણકાર છે? મહારુદ્ર વખતે કેવી પલોંઠી વાળી બેસે છે? આપણા કુબેરકાકાને જ જોને? ભાગવતનો એકેએક શ્લોક એમને મોઢે, અને લોકો પણ એમને પૂજે છે! આપણે જો પંડિત થઈ જઇએ તો આબરૂ કેટલી વધે? શાસ્ત્રમાં પણ કહ્યું છે: "સ્વદેશે પૂજ્યતે રાજા, વિદ્વાન્ સર્વત્ર પૂજ્યતે."' નંદાને પંડિત થવાની તો બહુ ઉમેદ નહોતી, પરંતુ પંડિત થયા પછી થાળી ભરીને દક્ષિણા મળે અને વખતોવખત ઘેર કેળાં, પેંડા, કોપરાં, ધોતી-જોટા વગેરે આવતું રહે એ લાલચે એની કલ્પનાને બહેકાવી મૂકી. તરત કુર્ણામામાના મતને એણે મંજૂરી આપી અને ત્યારથી પંડિત થઈ સૌથી આગળના પાટલે બેસવાનાં સ્વપ્નાં એ રચવા લાગ્યો.

નિશાળમાં ઉનાળાની રજાઓ હતી. પીપળા શેરીના ઢાળે આવેલા કુબેર તરવાડીના ઘરનાં બારણાંની તડમાંથી નંદો અને કુર્ણો કંઇક કૌતુક જોતા પેટ પકડીને હસતા હતા. ચાર હાથ પહોળી ને પાંચ હાથ લાંબી ઓરડીમાં ખાટલા ઉપર કુબેરદાદા ઘસઘસાટ ઊંઘતા હતા. તેમનું પ્રિય પુસ્તક ભાગવત તેમની છાતી ઉપર પડ્યું હતું. દાદા બપોરે જમ્યા પછી કે ગમે ત્યારે આવી રીતે સૂતાં સૂતાં જ ભાગવતનાં પાનાંઓનું અધ્યયન કરતા, ને એ જ સ્થિતિમાં એમને ઘારણ વળી જતું. ઝીણીભર્યા નસકોરાંની અંદર ખેંચાતી ને બહાર છૂટતી હવાને લીધે ધમણનાં પાટિયાંની જેમ દાદાની છાતી પર પડેલાં પાનાં ઊંચાંનીચાં થતાં હતાં. ઉંદરનાં નાનાં નાનાં બચ્ચાં એક બે ક્ષણ દાદાની ફાંદ પર બેસવાનો લ્હાવો લઈ પાછાં નાસી જતાં. ખૂણામાં પડેલા ઘડા પર મૂકેલા કોડિયામાં બે દિવસ પહેલાં યજમાનમાંથી આવેલો પાકનો લાડવો પડ્યો હતો; તે એક બિલ્લીબાઈ નિરાંતે આરોગતાં હતાં.

'નંદા, હવે ક્યાં સુધી જોયા કરીશ? કુબેરદાદા એમ ઊઠે એમ લાગતું નથી. એ તો જો હિલોળે ચડ્યા છે. હાલ્ય, સાંજે આવીશું.' કુર્ણાએ નંદાનું બાવડું પકડી ખેંચ્યું.

'હવે શી ઉતાવળ છે? દાદા હમણાં જાગ્યા સમજો.'

'એલા કોણ છે ઇ?' બહારનો અવાજ સાંભળી દાદાએ પડખું ફરતાં પૂછ્યું.

'એ તો હું નંદો ને કુર્ણો છીએ, દાદા.'

'કેમ આવ્યા છો, અટાણે?'

'કાલે સ્મશાનમાં આભડવા ગ્યા ત્યારે તમે અમને પાસે બોલાવી નો'તું કહ્યું કે, આવતી કાલે બપોરે ઘરે આવજો; તમને પાઠશાળા વિષે કાંઈક કહીશ?' નંદાએ કારણ આપ્યું.

ભાગવતનાં પાનાં છાતી ઉપરથી એક બાજુ મૂકી દાદાએ બારણું ઉઘાડ્યું. ઓરડીમાં પોણા ભાગની જગ્યા તો ખાટલે જ રોકી લીધી હતી, એટલે કુર્ણો ખાટલાની ઇસ ઉપર બેઠો અને નંદો ઉંબરા આગળ જ બેસી ગયો.

ગામમાં દાદાની એક પંડિત તરીકે સારી શાખ હતી. ભાગવતના ભણેલા ને વ્યાકરણના જ્ઞાતા કુબેરદાદા શેરીનું નાક અને બ્રાહ્મણ જ્ઞાતિનું ભૂષણ ગણાતા. ગામમાં કોઇને ત્યાં લગ્ન પ્રસંગે ગાદલાંગોદડાં, ખાટલા કે પાણીનાં માટલાંની જરૂર પડે તો અરધી રાતે કુબેરદાદાને ત્યાંથી જ મળી શકે. ઉનાળામાં પરબ માટે માટલાં જોઈતાં હોય ને કુંભાર પાસે અછત થઇ હોય તોપણ દાદાનો ભંડાર એ ભીડ ભાંગી શકે. કુબેરદાદા ગોર રહ્યા, એટલે શુભ અશુભ પ્રસંગે યજમાનોને ત્યાંથી મેળવેલી આ સમૃદ્ધિના તે સ્વામી હતા. મરી ગએલાઓને સ્વર્ગમાં પણ વગર મુશ્કેલીએ દરેક વસ્તુ મળી શકે તે માટે પહેલેથી જ યજમાનો પાસેથી આ વસ્તુઓ મેળવી ચિઠ્ઠીઓ ફાડી આપતા. ન્યાતની વાડીમાં બ્રહ્મભોજન વખતે તેમનો પરિચય 'એકાદશ રુદ્ર' તરીકે અપાતો, કારણકે અગિયાર લાડવાનો આંક તો દાદા માટે સામાન્ય ગણાતો. એ જ પ્રમાણે બીજાનાં પણ ઉપનામો હતાં. કોઈ 'મહારુદ્ર' ગણાતા;

કોઇ વળી 'દ્વાદશ જ્યોતિર્લિંગ' હોય, તો કોઈ 'શુક્રાચાર્ય'; કોઇ 'દશમ સ્કંધક' હોય તો કોઈ 'પંચ ત્યાં પરમેશ્વર'માં માનતા હોય. પણ કોઇ 'દ્વિવેદી' કે 'ત્રિવેદી' ન મળે. નાનો બટુક બ્રાહ્મણ પણ 'ચતુર્વેદી' તો ખરો જ. ચાર લાડવા ખાવા એ તો નાતમાં પ્રવેશકી ગણાતી!

'જુઓ, એક પાઠશાળા તો મુંબઇમાં વાલકેશ્વર—બાણગંગાને કાંઠે આવેલી છે. ત્યાંના શાસ્ત્રીજી મારા સ્નેહી છે, અને વ્યાકરણ તથા કર્મકાંડના પ્રખર વિદ્વાન છે. ત્યાં કહે તો ભલામણચિઠ્ઠી લખી આપું. દાદાએ પોથી પરનું પૂઠું ઉપાડી હવા ખાતાં કહ્યું.

નંદાએ કુર્ણામામા સામે જોયું. સંસ્કૃતમાં 'વ્યાકરણ' અને વળી 'કર્મકાંડ' અને 'પ્રખર વિદ્વાન' એવા શબ્દોમાં એની બુદ્ધિ તો ગુંચવાઈ ગઈ, એટલે નિર્ણય કરવાનું એણે મામા ઉપર છોડ્યું. નંદાને તો નવા ભાઈબંધો, નવું વાતાવરણ, રખડવા માટે નવી જગ્યા મળશે એ જ ઉત્કંઠા હતી. અભ્યાસનો પ્રશ્ન એણે પોતાની જાત માટે છેલ્લો ગોઠવેલો.

કુર્ણાએ તુરત નિર્ણય કર્યો: 'અમારે તો, દાદા, ગમે ત્યાં જઇને અભ્યાસ કરવો છે ને? એટલે જ્યાં ભલામણ કરી આપશો ત્યાં જઈશું. અભ્યાસ માટેનું સ્થળ સારૂં હોય તો બસ.' કુબેરદાદા પણ કુર્ણાની અભ્યાસ માટેની ધગશ જોઇ ખુશ થઈ ગયા અને ભલામણચિઠ્ઠી લખવા હાથમાં કાગળ-કલમ લીધાં.

આટલા જલદી કોલકરાર થઈ જશે એમ નંદાએ ધાર્યું જ નહોતું. બધી જાતની ચોખવટ કુર્ણામામા કરી નાખશે એ ભરોસે એ ટાઢક વાળીને બેઠો હતો. પણ મૂળ મુદ્દો જ રહી જતો જોઇ એ વચ્ચે પડ્યો: 'મામા, ભણવાનું તો ઠીક; પણ ખાવું, પીવું ને રે'વું ક્યાં?'

'શું ક'યું નંદા?' અરધી ચિઠ્ઠી લખી રહ્યા પછી નાકનાં ટેરવાં ઉપર ઉતરેલાં ચશ્માને ભમર ઉપર ટેકવી દાદા બોલ્યા.

'એ તો અમથો, દાદા; તેને થયું કે ખાવા ને રે'વાના પૈસાનું શું?'

'ગાંડો થયો, ગાંડો! બામણના છોકરાને તે વળી ખાવા-રે'વાના કે ભણવાના પૈસા આપવાના હોય? એ તો બધું શ્રીમંતોએ આપેલી રકમોના વ્યાજમાંથી નીકળે.'

'તો જ, દાદા, ભણી શકાય ને?' નંદાના કોઠામાં ટાઢક વળી. ચિઠ્ઠી લઇ બંને બહાર નીકળ્યા.

કાલે પોણા અગિયાર વાગ્યે નિશાળનો ઘંટ વાગે ત્યારે નિશાળે જવાનું બહાનું કાઢી ખટારાવાળે લીંબડે તું તૈયાર થઇને ઊભો રે'જે. જો ઘરમાં કોઇને ખબર પડી તો તું ને હું બન્ને પંડિત થઈ રહ્યા!' મામાએ સલાહ આપી.

'નંદાને એવી બાબતમાં કે'વું પડે, મામા? તમે જ સંભાળથી નીકળજો.'

દફતરપેટીમાંથી ચોપડીનાં થોથાં કાઢીને અનાજના કોઠલામાં સંતાડી, દફતરપેટીમાં એકેક જોડ કપડાં ગોઠવી, તથા દક્ષિણાના મળેલા એકેક બબ્બે રૂપિયાની ખાનગી મિલ્કત લઇને મામો ભાણેજ નીકળ્યા અને ધોળા સ્ટેશનની જાળી વટાવી પ્લૅટફોર્મમાં પેસી એક વાગ્યાના મેલમાં બેઠા. 'ટિકિટ-ચેકરો'ની જોહુકમીને લીધે જુદાંજુદાં ગામોમાં રાતવાસો ગાળતા અઠવાડિયા પછી મુંબઇ પહોંચ્યા અને કાંદાવાડીમાં કુર્ણાની બહેન રહેતાં હતાં તેમને ત્યાં પહોંચ્યા. નંદાને એકાએક આવેલો જોઈ તેનાં માશી ખૂબ નવાઈ પામ્યાં અને ખુશી પણ થયાં. નંદો પહોંચ્યાનો કાગળ પણ તેના બાપાને તેમણે લખી નાખ્યો. થોડા દિવસ મુંબઈના 'હેવાયા' થવામાં ગાળી મામો ભાણેજ વાલકેશ્વરની પાઠશાળામાં ઊપડ્યા.

બાળપણના સ્નેહીના અક્ષરો વાંચી પાઠશાળાના શાસ્ત્રીજીએ મોં મલકાવ્યું: 'ઠીક ઠીક, બહુ સારૂ કર્યું. તમે આવ્યા તો ખરા; પણ બરાબર અભ્યાસ કરશોને?'

'જી હા; આપના ગુરુપદ નીચે કેમ નહિ કરીએ?' બગલમાં ખોડંગ-ધોતી બરાબર ભરાવી કુર્ણાએ ભક્તિભાવે હાથ જોડ્યા. નંદાએ મામાની હામાં હા મેળવતું માથું હલાવ્યું. કુર્ણો કોઈપણ સ્થળ કે વ્યક્તિના પરિચયે એકદમ આકર્ષાઈ જતો, જ્યારે નંદો પરિસ્થિતિનું માપ કાઢવાના વિચારમાં પડતો.

'અલ્યા ગણપતિશંકર! આમ આવ જોઇએ.' શાસ્ત્રીજીએ ચિઠ્ઠી તકિયા નીચે મૂકતાં બૂમ મારી. તાજા જ કરાવેલા ક્ષૌરકર્મથી ચળકતો મુંડો, કપાળે ઉત્તરથી દક્ષિણ ધ્રુવ સુધી ખેંચેલું ત્રિપુંડ અને શેષનાગની ઝુલતી પૂંછડી જેવી ચોટલી ઝુલાવતો ગણપતિશંકર 'જી ગુરુજી' કહેતોક ને ઓરડામાં આવી પહોંચ્યો.

'જો, આ બન્ને વિદ્યાર્થીઓ ખૂબ દૂરથી ભણવા આવ્યા છે. તેમને માટે આસનો, પુસ્તકો વગેરેની વ્યવસ્થા કરી આપ.'

જ્યાંત્યાં ખાડા પડી ગએલી લીપણવાળી જમીન ઉપર ફાટેલા કોથળાના બે ટુકડા ગણપતિશંકરે બિછાવી દીધા. ચીનથી કેટલાં યે વર્ષો પૂર્વે 'પૅક' થઇને હિંદુસ્તાન આવેલી ચાનાં રદ્દી ખોખાં તેમને સંસ્કૃત પુસ્તકો અને કપડાં વગેરે રાખવા આપવામાં આવ્યાં. દેશી રજવાડાની જેલમાં કેદીઓને ભોજન માટે અપાય છે તેવા ભાંગેલા કાંઠાની થાળી ને ગોબાવાળા વાટકા તેમને સુપ્રત કરવામાં આવ્યા. આ બધું જોઇને નંદો તો આભો જ બની ગયો. તેમાં વળી જ્યારે તેણે થાંભલે લટકાવેલી નોંધપોથીમાં આ આપેલાં સાધનોની નોંધ કરતો ગણપતિશંકરને જોયો ત્યારે તો તેને ખૂબ ચાટી ગઇ. સવારમાં આટલા વાગ્યે જ ઊઠવાનું, ત્યાર પછી નિત્યકર્મથી પરવારી નાક દાબી અમુક વખત સુધી સંધ્યાવંદન કરવાનું, પછી અમુક કલાક વર્ગમાં હાજર રહેવાનું, ભોજન પછી વારા પ્રમાણે ગુરુજીની સેવા કરવાની, બપોરના સ્વાધ્યાય કરવાનો, અને વળી પાછું અમુક વખત વર્ગમાં; આમ આખા દિવસના કાર્યક્રમની સૂચના દારોગાના દમથી આપીને ગણપતિશંકર બીજા વિદ્યાર્થીઓનાં આસન પાસે ગયો. શાસ્ત્રીજીનો એ પ્રિય વિદ્યાર્થી હોઈ એ ગૃહપતિની ગરજ સારતો. તેની પાછળપાછળ જમાદારની માફક બીજો વિદ્યાર્થી ચાડીઓ ખાતો ને ગણપતિશંકરના કાન ભંભેરતો ફરતો હતો.

'અલ્યા પીતાંબર! આજે ખીચડી વીણવા કેમ નહોતો ગયો? શાસ્ત્રીજીને ત્યાં પાણીનો દેગડો પણ નહોતો ભર્યો ખરૂં ને? રસોડાનાં વાસણ સાફ કરવામાં પણ ભાઇએ આજ ગાપચી મારી'તી. અને અમારૂં એક પંચિયું ધોતાં જોર પડતું'તું, કેમ? જોઉં છું ક્યાં સુધી ગઠિયાગીરી ચાલે છે તે. અલ્યા અંબલા! આજે બપોરે ને સાંજે બંને વખત પીતાંબરને પાછળ જમવા બેસાડજે.' તેની પાછળપાછળ ફરતા અંબલા ઊર્ફે અંબાશંકરે આ હુકમ ઝીલી લઈ, લાંબા વખતની દાઝ કાઢ્યાથી થાય તેવા આનંદ ભરેલી મુખમુદ્રા વડે પીતાંબર સામે જોઈ સંતોષ વ્યક્ત કર્યો.

'મામા! આ જોયું ને? આવી બન્યું બિચારા પીતાંબરનું આ બધા પ્રતાપ પેલા અંબલાએ ચાડી ખાધી તેના. જોઇએ હવે સાંજે જમવામાં પીતાંબરની શી દશા થાય છે તે! આ સએકડાને સંભાળવું પડશે, મામા.' નંદાએ કુર્ણાના કાનમાં ફૂંક મારી.

સાડા દસ વાગ્યે જમવાનો બોદી થાળીનો ઘંટ સંભળાયો અને રસોડા તરફ નજર રાખી બેઠેલા સૌ વિદ્યાર્થીઓ પોથીનાં પાનાં ધબોધબ બંધ કરી થાળીવાટકો લઈ રસોડા તરફ દોડ્યા. એક ખંડેર જેવા ઓરડામાં રસોડું હતું. ઊંચેના જાળિયામાંથી થોડોથોડો પ્રકાશ આવતો હતો. બાકીનો પ્રકાશ ચુલામાંનાં લાકડાં જ પૂરો પાડતાં.

કોઇએ ઈંટનું તો કોઇએ પથ્થરનું એમ જુદાંજુદાં આસનો બનાવી સૌએ પંગત પાડી દીધી. આ નવા ભાગ પડાવનારા તરફ અણગમો બતાવી સૌએ પોતાની થાળી સંભાળી. કુર્ણાગામા શ્રદ્ધાળુ હતા. તેમને આ બધું સ્વાભાવિક લાગતું, એટલે એમણે તો નમ્રતા દાખવી પંગતને સૌથી છેડે આસન જમાવ્યું. નંદાએ તો પાઠશાળામાં પગ મૂક્યો ત્યારથી આ પ્રવૃત્તિઓ જોતાં પોતાનું ને પોતાના અભ્યાસનું ભાવિ નક્કી કરી નાખ્યું હતું; પણ મામાને ન દુભાવવા ખાતર તેમજ તેમના ભોળપણને લીધે કપરો વખત આવ્યે મદદરૂપ થવા ખાતર એ તેની પાછળ ઘસડાતો હતો.

પહેલી વખત ગણીને ત્રણત્રણ રોટલી અને દુણાઈ ગએલો ભાત બધાને પીરસાયો એટલામાં તપેલાનું તળિયું દેખાયું. ચારપાંચ કૂતરા વચ્ચે એક રોટલી નાખ્યા પછી જેવો ખેલ થાય તેવો ખેલ આજે નંદાએ સગી આંખે જોયો. પોતાની સાથે બેઠેલા વિદ્યાર્થીઓ જમતા જમતા ઊભા થઈ ગયા અને ત્રાંસમાં પડેલી છ-સાત રોટલી માટે ખેંચાખેંચ કરી શોરબકોર કરી મૂક્યો. જેને જેમ ફાવ્યું તેમ, કોઇએ શાકના તપેલામાં હાથ ફેરવી જોયો તો કોઇએ તપેલામાં બાજુએ ચોંટેલી દાળ વાટકા વતી ઉખેડી લીધી.

નંદો અને કુર્ણો અરધું જમીને ઊઠી ગયા. સૌ જમી ઊઠયા પછી આજનો ગુનેહગાર પેલો પીતાંબર, એની પાછળ જમાદાર જેવો અંબલો અને સૌથી પાછળ, પગલાં ભરવામાં શાસ્ત્રીજીનું અનુકરણ કરતો ગણપતિશંકર રસોડામાં દાખલ થયા. પીરસવાવાળા બે જણની સામે પીતાંબર નીચું મોંઢું રાખી જમવા બેઠો. ગણપતિશંકર અને અંબાશંકર તો ધ્યાન રાખવા જ આવેલા. બાકી તેમણે તો ગરમ ગરમ રોટલી થતી હતી ત્યારનું ભોજન પતાવી દીધું હતું. બંને જણા પીતાંબરની બે બાજુ ઊભા રહ્યા. બીજા વિદ્યાર્થીઓ માટે તો આ રોજનો તમાશો હતો, એટલે એ સૌ તો વાસણ ઉટકી પોતાને સ્થાને ચાલ્યા ગયા, પણ નંદાને આ 'જલસો' જોવાની ખૂબ ઉત્કંઠા હતી; એટલે વાસણો પડતાં મૂકી એ બારણા આગળ આવી ઊભો રહ્યો.

પીરસવાવાળા બંને વિદ્યાર્થીઓએ પોતાની થાળી આગળથી જ ઢાંકી રાખી હતી એટલે એ બન્નેએ તો જમવાની શરૂઆત કરી દીધી. બીચારા પીતાંબર આગળ બળી ગએલા ભાતનું તપેલું તથા શાક ને દાળનું ખાલી તપેલું પેલા લોકોએ હડસેલી દીધું. થોડોઘણો બળી ગએલો ભાત તવેથા વતી ઉખેડી દાળના તપેલામાં તે ઘસીઘસી પીતાંબરે જમવાની શરૂઆત કરી. ફાટી આંખે નંદો આ બધું દૃશ્ય જોતો હતો. પેલા જેલર અને જમાદાર જેવા દેખાતા ગણપતિશંકર અને અંબલાની ચોટલીઓ બાંધી તેમનાં માથાં ભટકાવવાનું તેને શૂર ચડી આવ્યું. પણ અહીં આવ્યે હજી એક જ દિવસ થયો હોવાથી આ વિચાર તેણે મનમાં જ સમાવી દીધો.

રાતના લગભગ દસનો શુમાર થવા આવ્યો હતો. નિયમ મુજબ વિદ્યાર્થીઓ પોતાના આસને બેસી પાઠ ગોખતા હતા. દસ વાગતાં એક પછી એક સૌ લાંબા થવા લાગ્યા. થોડી વારમાં સૌ સૂઈ ગયા. નંદાને તો આવી રીતે દેહકષ્ટ કરી ભણવાનો મહાવરો જ નહોતો, એટલે એણે તો કલાક પહેલાંથી લંબાવેલું; પરંતુ અરધા ભોજનને લીધે પેટમાં કુરકુરિયાં બોલતાં હતાં એટલે ઊંઘ નહોતી આવતી. કુર્ણોમામા વફાદારીપૂર્વક માર્ગોપદેશિકાનો પહેલો પાઠ ગોખતા હતા.

નંદાથી હવે ન રહેવાયું, મામીએ પાકના લાડવાનો ડબ્બો ભરી દીધો હતો તે ઓશીકે જ હતો. તેણે હળવેથી તે ઉપાડયો. મામાનું મન પણ લાડવો જોઈ પીગળી ગયું ને બંને જણે ગોદડાં માથે તાણી ડબામાંથી એક એક લાડવો ઉપાડયો.

દૂર ખૂણામાં એક જૂનો આગળપડતો વિદ્યાર્થી મોડે સુધી સિદ્ધાંતકૌમુદી અને રઘુવંશનું અધ્યયન કરતો હતો. તેને થોડી વારે પાકના લાડવાની વાસ આવી, અને તેણે અંબલાને ઊઠાડયો: 'અંબાશંકર! અહીં કોઈ મોઢેથી બચકારા બોલાવતું હોય તેમ લાગે છે અને પાકના લાડવાની વાસ પણ આવે છે.' અંબાશંકર પણ ક્યારનો બચકારા અને વાસનો અનુભવ કરી રહ્યો હતો, પણ કઈ દિશામાંથી તે આવે છે તેની ખાત્રી કરતો હતો. ઊઠીને એ ધીરેધીરે દરેક વિદ્યાર્થીના બિછાના પાસે ફરી વળ્યો. છેવટે, ભર ઉનાળે ગોદડું માથા પર ઓઢી સૂતેલા પેલા બે નવા વિદ્યાર્થીઓ ઉપર તેને શંકા આવી. નંદાએ સહેજ ગોદડું ઊંચું કરી જોયું તો અંબલો બિલ્લીપગે પોતાના આસન તરફ આવતો હતો. તેણે તુરત નિર્ણય કર્યો કે જરા યે જો અંબલો ધાલમેલ કરે તો તેને તો (મેથી)પાકનો લાડવો ચખાડી દેવો! પાસે આવીને અંબલાએ નંદા અને કુર્ણામામાની પથારી પાસે કાન ધર્યા અને પછી ધીરે રહીને ગોદડાનો એક છેડો ઊંચો કર્યો. પણ ત્યાં તો ભર ઊંઘમાંથી ઊઠયો હોય તેમ નંદાએ ગોદડું ફંગોળી દઈ અંબલાના ગાલ ઉપર સનસનાવીને એક ચોડી દીધી અને 'ચોર! ચોર!'ની બૂમો પાડી ધમસાણ મચાવી દીધું. આ અરધી રાતની બૂમો સાંભળી બધા વિદ્યાર્થીઓ સફાળા જાગી ગયા ને 'શું થયું? શું થયું?' કરતો ગણપતિશંકર પણ ધોતિયું સરખું કરતો આવી પહોંચ્યો. 'કેમ નંદા, શેની બૂમો પાડે છે?' તેણે ભારે અવાજે પૂછયું.

'અમે ભર ઊંઘમાં હતા, ત્યાં કોઇએ મારૂં ગોદડું ઊંચું કરી અંદર હાથ નાખ્યો. હું ઊંઘમાં ઝબકી ગયો એટલે ઊઠીને મેં તમાચો લગાવી દીધો. ત્યાં તો આ અંબલો નીકળ્યો. હરામખોર! અત્યારે શું કામ અમારી પથારી પાસે આવ્યો?' નંદાએ તકનો પૂરો લાભ લીધો.

અંબાશંકર ખસિયાણો પડી એક બાજુ ઊભો હતો. બધા છોકરાઓ આ ચુગલીખોરને માર પડયો એટલે અંદરખાનેથી રાજી થતા હતા. નંદો બેપરવાઈથી ઊભો હતો. ગણપતિશંકરથી આ સહન ન થયું. તેણે નંદાને ધમકાવવા માંડયો.


'પણ આવી રીતે કોઈ વિદ્યાર્થીને તારાથી મરાય જ કેમ?' વિદ્યાર્થીઓ તમાશો જોવા આજુબાજુ વીંટળાઈ વળ્યા હતા. નંદાની આંખ ફરી ગઈ. કુર્ણામામાએ એ રાતી આંખો ઉપરથી પ્રસંગ પારખી લીધો અને ધોતિયાનો કછોટો મારી નંદાની જમણી બાજુ આવી ઊભા રહ્યા.

'કેમ માર્યો, નંદા!' ગણપતિશંકર ફરી તાડુક્યો.

'કેમ? એ. . . . જો આમ!' કહી નંદાએ અંબલાના ડાબા ગાલ ઉપર એક બીજી ધરી દીધી! 'પહેલો ઘા પરમેશ્વરનો' કર્યા પછી નંદો



'ખબરદાર, જો એક ડગલું આગળ ભર્યું છે તો.'



ઉપરનું દૃશ્ય જોઈ નંદો દાદરામાં જ થંભી ગયો

જરા જોરમાં આવી ગયો. અંબલો પણ કાંઈ એમ લીધો જાય એમ નહોતો. પણ પહેલો ઘા ખાધા પછી એ ખચાચી ગયો, ને એમાં વળી આ બીજો વણનોતર્યો પડ્યો, એટલે તો એ સાવ ઠંડો પડી ગયો. મનમાં પામી ગયો કે આ પીતાંબર ન હોય. આ તો કોઈ બીજી મૂર્તિઓ છે.

વાતાવરણ ગરમ થઈ ગયું હતું. ગણપતિશંકર અને અંબલો નંદાને પકડવા ધસ્યા. સમય પારખી નંદો બે ડગલાં પાછો હડી ગયો અને ઓશીકા પાસે પડેલો તાંબાનો મોટો ભોટિયો લોટો ઊંચકી પડકારો કર્યો: 'ખબરદાર, જો પાસે આવ્યા છો તો! અલ્યા અંબલા! તારો તાલિયો તો આ લોટાથી હમણાં ફુટ્યો સમજ. અને મહાદેવપુત્ર! તમે અહીં જ રઘુવંશનું અધ્યયન પૂરૂં થયું જાણજો!' કુર્ણામામા પણ કાંઠાફુટલી થાળી સુદર્શન ચક્રની જેમ ફેરવતા રંગમાં આવ્યા હતા. નંદાની સિકલ પણ ફરી ગઈ હતી. ત્રણશેરિયો લોટો તેણે અંબલાના માથા પર તોળ્યો હતો. એક જ ક્ષણની ઢીલ થઈ હોત તો ગણપતિશંકરના માથાની ધારી ને અંબલાનો ચકચકતો તાલો ખંડિત થઈ ગયાં હોત; પણ એટલામાં શાસ્ત્રીજી જાગીને ખોંખારો ખાતા આવ્યા. તેમણે હકીકત સાંભળી ને નંદાના બેધડક જવાબ પરથી ધાર્યું કે અંબલાના ડહાપણે આ બધું કર્યું છે. તેમણે બધું થાળે પાડ્યું ને સૌ ઊંઘી ગયા.

બીજા દિવસથી નંદાની ખ્યાતિ વધતી ચાલી. પણ એને અહીં ગોઠતું નહોતું. મામાના આગ્રહને લીધે જ એ અહીં ટકી રહ્યો હતો. ત્રીજા દિવસે મામોભાણેજ પાઠશાળામાં જવા નીકળ્યા. પહેલે પગથિયે પગ મૂકતાં જ નંદો સ્થિર થઈ ગયો. પાછળ રૂપ ગોખતાગોખતા કુર્ણાએ પૂછ્યું: 'કાં નંદા, દાદરો કેમ નથી ચડતો?' દાદરામાં જ વાંકા વળી નાક ઉપર આંગળી મૂકી નંદાએ ચૂપ રહેવા ઈશારત કરી. કુર્ણાએ ઉપર જોયું તો દુર્ગાશંકર શાસ્ત્રીજી એક વિદ્યાર્થીને ઊંચા લઈલઈને જમીન ઉપર પટકતા હતા. બિચારો વિદ્યાર્થી ધ્રુજતોધ્રુજતો માંડ ઊભો થતો કે ફરી પાછો જમીન ઉપર પટકાઈ પડતો. મારની બીકે અવાજ કરી રોઈ પણ નહોતો શકતો. આજે એ વિદ્યાર્થીએ પોતાના પાઠ તૈયાર નહોતા કર્યા. વળી એ દિવસ પર ખીચડી સાફ કરવાના અને વાસણ ઉટકવાના વારા તેણે પાડ્યા હતા. નંદાએ પીતાંબરને ઓળખી લીધો. એકબાજુ ગણપતિશંકર અદબ વાળી ઊભો હતો. બીજી બાજુ અંબાશંકર ફકીના પોથામાં મોઢું રાખી ત્રાંસી આંખે આ દૃશ્ય જોતો હતો.

બાકીનાં પગથિયાં ચડ્યા વગર જ નંદાએ મામાનો હાથ પકડી નીચે ઊતરવા માંડ્યું.

'કાં, નંદા, ઉપર નથી જવું?' મામા મુંઝાયા.

'ઉહું.'

'કેમ?'

'એ બધું વિગતવાર પછી. અહીં કાંઈ બોલાય એમ નથી.' નંદો મામાને ઘસડ્યે જતો હતો.

થોડી વાર પછી કુર્ણો બગલમાં ધોતિયું ને હાથમાં પેટી લઈ, તથા નંદો હાથમાં માશીના લાડવાવાળો ડબો લઈ સ્ટેશનના રસ્તે ભીડ કાપતા હતા.

વ્રજલાલ ત્રિવેદી

કહેવત · કથન · કવિતા

'નાનો તોપણ રાઈનો દાણો'

કોહ્યાં તો યે સાગનાં લાકડાં
વાંકો તોપણ ઘઉંનો રોટલો
નાનું તોપણ સિંહનું બચ્ચું
ભાંગ્યું ભાંગ્યું તો એ ભરૂચ
ખોખરી ડાંગ પણ હાંલ્લાં જોગ તો ખરી

હાથી પાણી પીએ તોપણ ઢીંચણ સમા પાણીમાં
હાથીનો દુશ્મન મચ્છર, મણિધરનો દુશ્મન કીડી.

નાનો કણ પણ રાઈનો, પાંખી તો યે મૂછ;
ઘરડો તો ય ગરાશિયો, ભાંગી તો ય ભરૂચ.
ઘરડો તોપણ બળદિયો, તોફાની પણ ગાય;
વકરેલો પણ વાણિયો, રૂઠેલી પણ માય.
મોળો તોપણ મહીપતિ, શઠ પણ સત્તાધીશ;
સૂતો તો યે કેસરી, ઉંઘતો તો ય ફણીશ

'અતિની ગતિ નથી'

अति सर्वत्र वर्जयेत्

રંગનાં કુંડાં ન હોય, ચટકાં જ હોય.
અતિ તાણે તૂટી જાય.

卐

સબકું રસમેં રાખીએ
અંત લીજિયે નાહિ.

卐

અતિ ઘણું ન તાણીએ, તાણ્યે તૂટી જાય;
તૂટ્યા પછી જો સાંધીએ, ગાંઠ પડે વચમાંય.

卐

અતિ ભલો નહિ બોલવો, અતિ ભલી નહિ ચૂપ;
અતિ ભલો નહિ બરસવો, અતિ ભલી નહિ ધૂપ.



સંસારનાં શહેરો

૩૪–ઍલેક્ઝાન્ડ્રિયા–ઇસ્કંદરિયા

ઇજિપ્તમાં પાટનગર કાઇરોથી બીજા નંબરનું શહેર, મિસરનું મુખ્ય બંદર અને મિસરી સરકારનું આ ગ્રીષ્મ મથક નાઇલના મુખ પ્રદેશના પશ્ચિમ છેડે, ભૂમધ્ય સમુદ્રનું વ્યાપાર અને વહાણ-વ્યવહારનું નાકું સાચવતું અગત્યનું મથક છે.

ઈ.સ. પૂર્વે ૩૩૨માં એની સ્થાપના કરનાર મહાન સિકંદરની મુરાદ ઇજિપ્તમાં આવેલા મથક નોક્રેટીસને તોડી ઈરાન પરની પોતાની ચડાઈ માટે અનુકૂળ નૌકા મથક ઊભું કરવાની, તથા નાઇલના સમૃદ્ધ પ્રદેશ સાથે પોતાના વતન મેસીડોનીયાને સાંધનાર અગત્યનો અંકોડો ઊભો કરવાની હતી. એટલે તેણે નાઇલના મુખ આગળ આવેલા 'ફેરોસ' ટાપુ પાછળની સાંકડી પટ્ટી પર, કૈંક સામ્રાજ્યોની દાઢમાં વસેલું આજનું ઍલેક્ઝાન્ડ્રિયા બંદર સ્થાપ્યું. એ એને એટલું પ્રિય હતું કે એની ઇચ્છા તો દિગ્વિજયમાંથી પરવારી અહીં આવીને જ રહેવાની હતી, પણ એ જીવતો કદી પાછો ન આવ્યો; તેના મૃતદેહે જ અહીં લાંબી સોડ તાણી.

ઍલેક્ઝાન્ડરના મૃત્યુ પછી તેણે નીમેલા સૂબા ક્લિઓમેનસે શહેરને વિકસાવવા માટે બનતું કર્યું. સો વરસ પૂરાં થતાંથતાંમાં તો યુરોપ અને આફ્રિકા તથા અરબસ્તાન અને હિન્દુસ્તાન તેમજ પૂર્વના બીજા દેશો વચ્ચેનું વેપારી મથક બનવાથી ઍલેક્ઝાન્ડ્રિયા કાર્થેજ કરતાંયે વધુ સમૃદ્ધ બની ગયું; અને થોડી સદીઓ સુધી તો રોમન સામ્રાજ્યમાં એ રોમથી બીજા નંબરનું શહેર ગણાતું. ગ્રીક અને સેમેટિક સંસ્કૃતિનું કેન્દ્ર જ નહિ, પણ દુનિયાનું એ મોટામાં મોટું યહૂદી શહેર હતું.


સિકંદર પછી થએલા ટૉલેમી સૉટર, ફિલાડેલ્ફસ, યુઅરગેટિસ વગેરેના અમલ તળે એ વિકસીને સાહિત્ય, કલા ને વિજ્ઞાનવિદ્યાઓ શીખવાનું જગતકેન્દ્ર બન્યું. વિખ્યાત ગણિતી યુક્લિડ ને તેનો શિષ્ય આર્કીમીડિસ અહીં જ થયા. એની જાણીતી વિદ્યાપીઠ ને સાત લાખ પેપીરસના ગ્રંથો ધરાવતું (પાછળથી વિખ્યાત આગનો ભોગ બનેલું) એનું જગમશહૂર પુસ્તકાલય વર્ષો સુધી એનાં કીર્તિધ્વજ રહ્યાં. છેક ગ્રીસથી વિદ્યાર્થીઓ અહીં અભ્યાસ કરવા આવતા. આ જ શહેરમાં જુલિયસ સીઝરે ક્લિઓપેટ્રાને અપનાવેલી; આ જ સ્થળે સીઝરનું અનુકરણ કરવા જતાં ઍન્ટની રોમન શહેનશાહ ઑક્ટેવિયનનો ભોગ થઇ પડેલો.

ઑગસ્ટનના વખતમાં તેની વસ્તી ત્રણ લાખની હતી. ઇ. સ. ૨૧૫માં શહેનશાહ કારાકાલાએ કરેલી ક્રૂર કતલ છતાં તેણે પોતાની આબાદી જાળવી રાખેલી. ફરી પાછું એ રોમથી બીજા નંબરનું શહેર બન્યું ને ખ્રિસ્તી ધર્મના એક નવા મથક તરીકે તેની અગત્ય વધી. પણ ત્રીજી સદીમાં જ્યારથી રોમન સામ્રાજ્યની પડતી શરૂ થઇ ત્યારથી તેની આબાદી ઘટતી ગઇ ને છેવટે ઇ.૬૧૬માં ઇરાનના, અને ૬૪૦માં અરબસ્તાનના હલ્લાનું તે ભોગ થઇ પડયું ત્યારથી તેની ઊતરતી કળા બેઠી. તે દિવસથી આજ સુધી તે ઇસ્લામી સત્તાના હાથમાં જ રહ્યું છે. ઈ. સ. ૯૬૯માં કૈરોનો ઉદય થવાથી, અને ૧૪૯૮માં પૂર્વ તરફ જવાનો 'કેપ ઑવ ગુડ હોપ'નો માર્ગ શોધાવાથી ઍલેક્ઝાન્ડ્રિયાનો વેપાર ખોરવાયો ને તેણે તેની પહેલાંની અગત્ય ગુમાવી. ઇ. ૧૫૧૭માં તુર્કોએ જીત્યા પછી તો તેની છેક અવનતિ થઇ ગઇ. ૧૭૯૮માં નેપોલિયને તે જીત્યું, પણ ૧૮૦૧માં તે અંગ્રેજોને કબજે આવ્યું. તેમની સામે ૧૮૮૨માં આરબી પાશાએ બળવો કર્યો પણ બ્રિટિશોએ તોપને મોરચે તે શમાવી દીધો. તે પછી છેલ્લી સદીમાં બ્રિટિશ અસર નીચે મિસરની સરકારે તેનો વિકાસ કર્યો અને સુએઝની નહેરે તેને બહાર આણ્યું.

રેલવે, કારખાનાં, નહેરો, નવાં મકાનો, નવા રસ્તા વગેરે આધુનિક સાધનો વચ્ચે જૂની સંસ્કૃતિના પ્રતિનિધિ સમી ઈમારતો, તેમજ પુરાતન અવશેષોને લીધે આજનું ઍલેક્ઝાન્ડ્રિયા ચિત્રમય દૃશ્ય બની રહે છે. દરિયાકિનારે ભેખડ પર ઝઝૂમતા ગ્રીક રાજમહેલની અટારીએથી માદરે વતન ગ્રીસ તરફ માંડેલી નજરે ઍલેક્ઝાન્ડરની મીટની કલ્પના રોમાંચ ખડા કરે છે. સ્ટેશન પાસે આવેલો આજે થીએટર તરીકે વપરાતો કિલ્લો, જ્યાં સીઝર અને ક્લિઓપેટ્રાએ ઉશ્કેરાએલા લોકોનાં ટોળાંથી બચવા રક્ષણ લીધેલું, તે હજી યે એક મહાન શહેનશાહના મામૂલી પ્રેમની કથા સુણાવતો ઊભો છે. એ ઉપરાંત સૂર્યમંદિર, વરુણદેવનું મંદિર, 'એમ્પોરિયમ', 'સીઝેરિયમ' વગેરેના અવશેષો મિસર અને રોમન સંસ્કૃતિના સંમિશ્રણની તવારીખ તાજી કરે છે. 'ક્લીઓપેટ્રાની સોય' નામના એ કાળના અહીંના બે સ્મરણમિનાર તો ઇ. ૧૮૭૮ ને ૧૮૮૦માં અનુક્રમે લંડન ને ન્યૂયોર્કમાં લઈ જવામાં આવ્યા છે. 'પૉમ્પેના સ્તંભ'ના નામથી જાણીતો ઇ.૩૦૨માં ઊભો કરેલો ખલાસીઓ માટેનો સ્મરણસ્તંભ હજી ઊભો છે.

આધુનિક ઢબે તૈયાર થએલું ઍલેક્ઝાન્ડ્રિયાનું બંદર ભૂમધ્ય સમુદ્રનાં અગત્યનાં બંદરોમાંનું એક ગણાય છે. તેના કાંઠા પર અથડાતાં મોજાંનું જોર તોડવા પાણીમાં બે માઇલ લાંબી પાળ બાંધવામાં આવી છે અને નૌકાફોજના સંપૂર્ણ એકમ માટે વ્યવસ્થા થઈ શકે એવું સુંદર તેનું બારૂં છે. કૈરો સાથે તે રેલવે ને ટેલીફોન વ્યવહારથી જોડાએલું છે અને આજે પણ ઇજિપ્તનો ૮૦ ટકા વેપાર આ બંદર દ્વારા જ થાય છે.

શહેરની વસ્તી ૧૯૨૭માં પોણા છ લાખની હતી, જેમાં ૧ લાખ ઉપરાંત પરદેશી–ગ્રીક, ઇટાલિયન, સીરિયન, આરમાનિયન ને લેવેન્ટાઇન હતા. પૂર્વ કે પશ્ચિમના કોઇ પણ રાષ્ટ્રનો વતની ત્યાં નજરે ન પડે એવું નથી.



ઍલેક્ઝાન્ડ્રિયાનું વિહંગદૃશ્ય–જેમાં ડાબી બાજુનો ઊંચો મિનાર 'પૉમ્પેનો સ્તંભ' છે.

માનવીના મિત્ર તેમજ શત્રુ બૅક્ટીરિયા



બૅકટીરિયાના છ આકારો

સામાન્ય જનતામાં સૂક્ષ્મ જંતુઓ (માઇક્રોબ્સ–Micro =સૂક્ષ્મ+Bios=જીવ=Microbes) તરીકે ઓળખાતી આ વનસ્પતિને લ્યુવેનહૉક નામના એક ડચ વૈજ્ઞાનિકે ઈ. ૧૬૮૦માં પ્રથમ શોધી કાઢી હતી. એ સૂક્ષ્મ વનસ્પતિને શોધવા કાંઈ દૂર જવું પડે તેમ નથી. આપણા શ્વાસોચ્છ્વાસ માટે વપરાતી હવામાં, પીવાના પાણીમાં અને જે પૃથ્વી પર આપણે સમસ્ત જીવન જીવીએ છીએ તેના અણુએ અણુમાં એ શ્રીમાનો ઘર કરી રહ્યા છે. તમને કોઇ પૂછે કે તમારો આજીવન મિત્ર કોણ? તો તમે બેધડક જવાબ આપજો કે 'બૅકટીરિયા.' આ બૅકટીરિયા બિરાદરો આપણા દેહને જન્મથી માંડીને મૃત્યુ સુધી વળગી રહે છે. ને મૃત્યુ બાદ, જેમ સુમિત્ર મૃતદેહની વ્યવસ્થા કરે છે તેમ, આ આજીવન મિત્રો પણ દેહતત્ત્વોને છૂટાં પાડી દે છે અને ગર્વિષ્ઠ માણસને ઉપદેશ આપે છે કે 'તું માટીનો બન્યો છે ને માટીમાં ગળી જવાનો છે.' 'Dust thou art; to dust returnest.'

મનુષ્યો પર જે રીતે આ સૂક્ષ્મ વનસ્પતિ અસર કરે છે તેને અનુસરીને તેમના બે વર્ગ પાડવામાં આવ્યા છે:

(૧) મિત્રો–'આપણને લાભ કરે તે મિત્ર' એ સર્વમાન્ય સિદ્ધાંત છે. આ મિત્રો તરફથી પણ આપણને અનેક લાભ મળે છે. દાખલા તરીકે જમીનમાંના નત્રવાયુ (નાઇટ્રોજન)નું પ્રમાણ સતત જાળવી રાખીને જમીનની ફળદ્રુપતા આબાદ રાખે છે; દૂધમાંથી દહીં જે ક્રિયા વડે થાય છે તેના ઉત્પાદક પણ આ મિત્રો જ છે. એટલે દહીં, છાશ, પનીર (cheese) વગેરે આપણા લાભાર્થે એ મિત્રો જ બનાવે છે.

(૨) દુશ્મનો–આ પ્રકારના બૅકટીરિયા ટાઇફૉઈડ, કૉલેરા વગેરે અનેક પ્રકારના રોગો આપણામાં ઉત્પન્ન કરી મૃત્યુ આણે છે. તેઓ જમીનમાંનો નત્રવાયુ વેડફી જમીનનો કસ ઘટાડે છે.

કદ આકાર અને વજન

સૌ જાણે છે કે આવાંઆવાં મહા કાર્યો કરનાર એ બૅકટીરિયાનું શરીર તો અતિ સૂક્ષ્મ હોય છે. એક જંતુનો વ્યાસ એક માઈક્રોન (micron) એટલે એક સેન્ટીમીટરના દસ હજારમા ભાગ જેટલો હોય છે. લંબાઈ પણ ફક્ત બે થી ચાર માઇક્રોન જેટલી જ હોય છે. તેનું પ્રમાણ સમજવા એક રસમય દાખલો લઇએ. જો કોઈ સૂક્ષ્મદર્શક યંત્રથી ૫ ફૂટ ૮ ઇંચનો માણસ ત્રીસ માઈલ જેટલો લાંબો દેખાય તો આ બૅકટીરિયાભાઈ એ જ યંત્રમાં એક ઈંચના વ્યાસવાળા જણાય! તમે જે આ અક્ષરો વાંચો છો તેના એક અનુસ્વારના ટપકામાં એવા પાંચ લાખ બૅકટીરિયા તો ખુશીથી યથેચ્છા વિહાર કરી શકે!

વજનમાં પણ તે એટલા જ સૂક્ષ્મ હોય છે. ૫૦૦,૦૦૦,૦૦૦ (પચાસ કરોડ) બૅકટીરિયાનું વજન એક મિલિગ્રામ (એટલે એક ગ્રામનો હજારમો ભાગ) થાય છે. આ પરથી ફુરસદે ગણી કાઢજો કે એક બૅકટીરિયાનું કેટલું વજન થાય.

આકાર પ્રમાણે આ જંતુઓના છ વિભાગો પાડવામાં આવ્યા છે: (૧) વર્તુળાકારના (Cocus); (૨) સળીઆ આકારના (Bacillus); (૩) અલ્પવિરામના આકારના (Commas); (૪) દ્વિગોળાકાર (Diplococus); (૫) સર્પાકાર (Spirillum); (૬) સાંકળના આકારના (Strepto cocus);

વનસ્પતિસૃષ્ટિમાં લગભગ બધે જ નજરે પડતો લીલો કલોરોફીલ નામનો પદાર્થ બૅકટીરિયાના કોષ (cell)માં જણાતો નથી, અને તેથી કરીને બૅકટીરિયા બીજી વનસ્પતિની માફક કર્બોદિત પદાર્થો (carbo-hydrates) બનાવી શકતા નથી.


પ્રજોત્પત્તિ

બૅકટીરિયામાં નર અને નારી એવી બે જુદી જાતિ (sexes) નથી. આથી બૅકટીરિયાની વંશવૃદ્ધિ તદ્દન નવા જ બે પ્રકારે થાય છે: (૧) સામાન્ય દ્વિધાભવન (Simple Binary Fisson)થી; (૨) બીજાણુકોથી ઉત્પત્તિ (Spore-formation).

(૧) સાનુકૂળ વાતાવરણમાં દરેક અરધા કલાકે દરેક જંતુકોષ લાંબો થાય છે. તેનો મધ્ય ભાગ સાંકડો બને છે અને ત્યાં એક પાતળો પડદો ઉત્પન્ન થઈ તે દરેક જંતુકોષને બે સરખા વિભાગમાં વહેંચી નાખે છે. આ પ્રત્યેક વિભાગ પાછો ઘણા જ મર્યાદિત સમયમાં પુખ્ત જંતુ બની જાય છે અને ફરી પાછી તે દરેકની દ્વિધાભવનની ક્રિયા ચાલુ થાય છે. આ રીતે તેમની ઉત્પત્તિ થયા જ કરે છે. એ કેટલી આશ્ચર્યજનક છે તેનો દાખલો લઇએ. ધારો કે એક બૅકટીરિયા તમારા પેટમાં પેસી ગયો હોય અને તેની સામે આંતરિક ઉપાયો લેવામાં ન આવે તો કલ્પી શકો છો કે ચોવીસ કલાક પછી તમારા પેટમાં કેટલા બૅકટીરિયા હોય? ચમકતા નહિ; ૯૯૯૧૫૭૭૬૫૦૫૭૨૮ બૅકટીરિયા!

(૨) જ્યારે સંજોગો પ્રતિકૂળ હોય ત્યારે બૅકટીરિયાકોષનો ચેતનરસ (Protoplasm) તેના શરીરના મધ્યમાં એકઠો થાય છે, તેની આસપાસ નવી દીવાલ (cell-wall) બંધાય છે અને જૂની દીવાલ ખરી પડે છે. આ રીતે ફક્ત એક જ બૅકટીરિયાનો જન્મ થાય છે, પણ ફક્ત આ દશા જ એવી છે જેમાં જંતુ ૧૦૦° સેન્ટીગ્રેડ જેટલી ગરમી અને ૨૫૬° સેન્ટીગ્રેડ જેટલી ઠંડી સહન કરી શકે છે.

બૅક્ટીરિયાની દ્વિધાભવનક્રિયા બીજાણુકોની ઉત્પત્તિ.



આપણે જોઈ ગયા તેમ આ જંતુકોષમાં લીલો પદાર્થ ક્લોરોફીલ નથી. આથી બૅકટીરિયા બીજી વનસ્પતિની માફક સૂર્યનાં કિરણોનો ઉપયોગ કરી કાર્બન ડાયોકસાઈડ (Carbon Dioxide) અને પાણીમાંથી કર્બોદિત પદાર્થ બનાવી શકતા નથી. તેથી ખોરાક મેળવવા તેમને આપણી માફક જ કોઈ વનસ્પતિ કે પ્રાણી પર આધાર રાખવો પડે છે. તેમની ખોરાક મેળવવાની રીત પરથી તેમના બે વર્ગો પાડવામાં આવ્યા છે: (અ) સજીવભક્ષી (Parasites) અને (બ) મૃતભક્ષી (Saprophytes).

સજીવભક્ષી જંતુઓ જીવંત વનસ્પતિ કે પ્રાણીના આધારે જીવે છે. તેઓ પ્રાણીના આંતરડાં વગેરે શરીરના આંતર્ભાગોમાં તથા શરીર ઉપર રહી પોતાનું પોષણ કરે છે. પ્લેગ, ટાઇફૉઈડ, કૉલેરા, ક્ષય, કોઢ, રક્તપિત્ત વગેરેના જંતુઓ આ વર્ગના છે.

મૃતભક્ષી જંતુઓ ફક્ત મૃત વનસ્પતિ તથા પ્રાણીઓમાં દાખલ થઈ કોહવાટ પેદા કરે છે અને પોતાનો ખોરાક મેળવે છે.

આ ઉપરાંત ત્રીજો એક વર્ગ છે જે સજીવભક્ષી તેમજ મૃતભક્ષી છે.

બૅક્ટીરિયાનાં કાર્યો

તેમનાં કાર્યો પ્રમાણે બૅક્ટીરિયાના ચાર વિભાગો પાડવામાં આવ્યા છે: (૧) પરાવલંબી (Parasitic); (૨) કોહવાટ પેદા કરતા (Saprophytic); (૩) છૂટો નત્રવાયુ વાપરતા (Nitrogen-fixing); (૪) નત્રવાયુ છૂટો કરતા (Nitrifying).

પરાવલંબી બૅક્ટીરિયા પ્રાણીઓ તથા વનસ્પતિમાં થતા અનેક રોગો માટે જવાબદાર છે. એક જાતના ઝેરી પદાર્થો (poisonous toxins) ઉત્પન્ન કરે છે, જેથી પ્રથમ આપણી કોષદીવાલ (cell-wall) નાશ પામે છે અને ત્યાર બાદ ચેતનરસનાં (protoplasm) તત્ત્વો જુદાં પડે છે આમાંથી રોગની ઉત્પત્તિ થાય છે. પણ આમાં કેટલીક નિર્દોષ જાતો પણ હોય છે. આપણાં આંતરડાંમાં પરાવલંબી બૅક્ટીરિયાની એક જાત એવી છે જે બીલકુલ હાનિકારક નથી.

કોહવાટ પેદા કરતા બૅક્ટીરિયા અનેક કાર્યો કરે છે: (૧) મૃત-શરીરમાં કોહવાટ પેદા કરી, દેહતત્ત્વો છૂટાં પાડી, જગતની સ્વચ્છતા જાળવે છે; (૨) દહીં, છાશ, પનીર (cheese) વગેરેનો આપણે જે ઉપયોગ કરીએ છીએ તે વસ્તુઓમાં આવતો આથો આ સુમિત્રોને આભારી છે; દૂધ ફાટી જાય છે તે આ બિરાદરોના જ પરાક્રમથી. (૩) અનેક ઉદ્યોગો (દા. ત. તમાકુનો, ગળીનો વગેરે) પણ એ ગુણને લીધે આ વર્ગનાં બૅક્ટીરિયાનાં કાર્યો પર જ આધાર રાખે છે.

છૂટો નત્રવાયુ વાપરતા બૅક્ટીરિયા અમુક જાતની (Leguminous) વનસ્પતિના મૂળમાં રહે છે. તેઓ વનસ્પતિએ તૈયાર કરેલા કાર્બોદિત ખોરાકમાંથી પોષણ મેળવે છે. તેનો કાંઈક બદલો તો આપવો જોઇએને? એટલે તેઓ હવામાંનો છૂટો નત્રવાયુ (Nitrogen) વાપરી નત્રવાયુવાળા પદાર્થો (મુખ્યત્વે Nitrates) બનાવે છે. આ પદાર્થો ઝાડને અતિ ઉપયોગી છે. જમીન કસ વગરની હોય તો આ પ્રકારની Leguminous વનસ્પતિ વાવવાથી તે ફળદ્રુપ બને છે.

નત્રવાયુ છૂટો કરતા બૅક્ટીરિયા જમીનમાંના નત્રવાયુવાળા પદાર્થોમાંથી નત્રવાયુ છૂટો પાડી નાખે છે અને આથી જમીનનો કસ ઘટી જાય છે.

અરુણ મહેતા

એકવાર સિંધમાં એક નામીચા જાદુગરે સર ચાર્લ્સ નેપિયર, સમક્ષ પોતાના ચાલાકીભર્યા ખેલો કરી બતાવ્યા. તેમાં તેણે પોતાના સાથીની હથેલીમાં લીંબુ રાખી હથેલીને જરાયે ઇજા પહોંચાડયા વિના તલવાર વડે એ લીંબુના બે ટુકડા કરી બતાવ્યા તેથી નેપિયરને જાદુગર અને તેના સાથી વચ્ચે કશા પ્રપંચની ગંધ આવી અને તેણે પોતાનો જમણો હાથ ધરી જાદુગરને પેલો પ્રયોગ ફરી કરી બતાવવા કહ્યું જાદુગરે નેપિયરનો હાથ બારીકીથી તપાસી ના પાડી એટલે નેપિયરે કહ્યું કે મને ખાતરી જ હતી કે હું તને પકડી પાડીશ. એ સાંભળી જાદુગરે નેપિયરનો ડાબો હાથ જોવાની માગણી કરતાં નેપિયરે પોતાનો ડાબો હાથ બતાવ્યો. જાદુગરે એને તપાસી કહ્યું કે જો તમે તમારો હાથ બરાબર સ્થિર રાખો તો હું પ્રયોગ કરવા તૈયાર છું. 'પણ જમણા હાથને બદલે ડાબા હાથમાં શા માટે?' 'કારણકે જમણી હથેલી વધારે ઊંડી હોઇ એમાં અંગુઠો કપાઈ જવાનું જોખમ છે જ્યારે ડાબી હથેલી સહેજ છીછરી હોઇ એમાં વધારે સલામતી છે.' જાદુગરે જવાબ આપ્યો. અને ચાર્લ્સ નેપિયર લખે છે, 'ખરેખર હું તો ભયભીત થઇ ગયો કારણકે એ એક બારીક શમશેરબાજીનો પ્રયોગ હતો. છતાં મેં હથેલીમાં લીંબુ ગોઠવી મારા હાથને સ્થિર કર્યો અને જાદુગરે એક લસરકે લીંબુના બે ટુકડા કરી નાખ્યા. તલવારની ધાર એક શીતળ દોરાની પેઠે મારી હથેલીને સ્પર્શી પસાર થઇ ગઈ'



પાંદડાંની

અનેક વૃક્ષો જોયાં હશે, વૃક્ષોની અનેક કવિતાઓ વાંચી હશે અને અનેક ચિત્રો જોયાં હશે. જીવનના અનેક સમયે વૃક્ષો નીચે જ વિસામો લીધો હશે પુષ્પોનાં સૌંદર્યે કે માધુર્યે, પાંદડાંઓની કુમાશે કે વૃક્ષોની ભવ્યતાએ જીવનની અનેક મધુર ક્ષણોને વધારે મધુર બનાવી હશે. બાળવયમાં વૃક્ષોને હેરાન કર્યાં હશે, યૌવનમાં અનેક પૂર્ણિમાની રાત્રિઓએ તેની નીચે બેસીને મીજબાનીઓ ઉડાવી હશે અને વૃદ્ધાવસ્થામાં તો મનુષ્યો કરતાં ઘણાંને વૃક્ષો જ અબોલ અચલ ભેરુઓ લાગતાં હશે. છતાં યે જીવનની પળેપળ જે વસ્તુ પર ટકી રહી છે, દરેક જીવંત પ્રાણી પોતાની ચેતના જેને આધારે વિકસાવી રહ્યું છે, એ વૃક્ષો શી રીતે જન્મે છે, શી રીતે પોતાની વૃદ્ધિ સાધે છે, એ બહુ થોડા જ જાણતા હશે.

ખરેખર, આપણી દરેકે દરેક ક્ષણ આ વૃક્ષોને જ આભારી છે. જગતમાં જો વૃક્ષો ન હોત તો બીજા કોઇ પ્રકારનું જીવન સંભવી શકત કે કેમ એ ય પ્રશ્ન છે. પૃથ્વી પરનું દરેક પ્રાણી સીધી કે આડકતરી-રીતે આ વૃક્ષો સૂર્યની જે શક્તિનો પોતાનામાં સંચય કરે છે તે શક્તિ પર જ પોતાનું અસ્તિત્વ ટકાવી રહ્યું છે. અલબત્ત, આખરે તો જીવન સૂર્ય પર જ અવલંબે છે; છતાં યે વચમાં જો વૃક્ષો રૂપી દલાલો ન હોત તો આ પ્રાણીશેઠોનું શું થાત એ અકલ્પ્ય છે.

પરંતુ આ દલાલોનું કામ છે શું—જે વડે પ્રાણીમાત્રનું જીવન ટકી રહ્યું છે? જો વૃક્ષો વિશ્વની યોજનામાં આટલો મહદ્ ભાગ ભજવતાં હોય તો તે કયે રસ્તે? નથી તેમને ગતિ કે નથી તેમને પ્રાણીઓને મળી છે તેવી કુદરતની મહત્તમ ભેટ—મગજ. પ્રત્યક્ષ રીતે તદ્દન નિષ્ક્રિય જણાતાં આ વૃક્ષો શી રીતે પોતાનું આ કાર્ય આપણાથી તદ્દન બેમાલૂમ રીતે ચલાવી રહ્યાં છે? તેનાં મુખ્ય બળો કયાં છે?

એ બળો છે નાનાં સાદાં પાંદડાં; જેને બકરીઓ અને ગાયો સ્વાહા કરી જાય છે, બાળકો જેનાં પપૂડાં બનાવે છે અને ચિત્રકારો જેના પર ચિત્રો દોરે છે તેવાં પાંદડાં પર જ સમગ્ર જીવમાત્રનું જીવન અવલંબે છે. આ પાંદડાં વૃક્ષોની પ્રયોગશાળાઓ છે, એ એમનાં રસોઇગૃહો છે, એ એમનું સર્વસ્વ છે.

સમસ્ત પ્રાણિજીવન જેમ એક જ ઉદ્દેશ તરફ મહાવેગથી દોડયું જાય છે—જે વેગને જીવનપ્રવેગ નામ આપી શકાય—તેમ સમસ્ત વૃક્ષજીવન પણ એક જ ઉદ્દેશ પાછળ દોડયું જાય છે. આ ઉદ્દેશ તે સ્વરક્ષણ અને જાતિસંરક્ષણ (Self-preservation and Race-Continuation). કોઇ દિવસ પણ કોઇને શંકા આવી છે ખરી કે ઝાડને આટલી બધી શાખાઓ ફૂટે છે, એક શાખામાંથી આટલી ઉપશાખાઓ પ્રગટે છે, તેમાંથી આટલાં પાંદડાં અને પુષ્પો પરિણમે છે, એ બધું આ એક જ મહાન ઉદ્દેશ પાર પાડવા માટે છે—જે ઉદ્દેશને કુદરતે પોતાનો કરી અપનાવ્યો છે? ચીભડાં અને કારેલાંના વેલ જમીન પર પથરાઈ જાય છે, વેલીઓ બીજાં વૃક્ષોને ઓથે પ્રકાશ મેળવવા મથે છે, દારૂડીનાં પાંદડાં પંખાની માફક જમીન પર પથરાઇ જાય છે અથવા તો આકડાનાં પાંદડાં ડાળની ત્રણે બાજુ ગોઠવાઈ જાયછે—એ સર્વે પણ માત્ર આ જ ઉદ્દેશની પરિપૂર્ણતા અર્થે.

તો પછી આ ઉદ્દેશ પરિપૂર્ણ થાય છે શી રીતે? સમસ્ત પ્રાણી-ચેતનાનો ભાર આ નાનાં કુમળાં પાંદડાં શી રીતે વહન કરી શકે છે?

પ્રયોગશાળામાં



એ માટે આપણે પાંદડાંના ગર્ભમાં ઊતરવું પડશે. વૈજ્ઞાનિક સૂક્ષ્મદર્શક યંત્રની મદદ વડે સીધો આપણને પાંદડાંના એ ખંડોમાં લઈ જાય છે જેમાં અતિસૂક્ષ્મ લીલાં કણો ઠાંસી ઠાંસી ભર્યાં છે. આ કણોને અંગે જ આપણને પાંદડાં લીલાં લાગે છે. આ લીલાં કણો તે હરિદ્રંજિકા અગર ક્લોરોફિલ(chlorophyll). આ સૂક્ષ્મ કણો (જે કુદરતનાં અનેક સત્યોની માફક નરી આંખથી દૂર જ રહે છે) પાંચ વસ્તુનાં બનેલાં માનવામાં આવે છે; કાર્બન, આર્દ્રવાયુ, પ્રાણવાયુ, નત્રવાયુ ને મૅગ્નેશિયમ. આ ઉપરાંત જ્યારે વૃક્ષોનું જીવનતત્ત્વ (protopalsm) બીજાં અનેક તત્ત્વોમાંથી આ રંજિકા તૈયાર કરે છે ત્યારે તેને લોહની પણ જરૂર પડે છે. લોહ વિના આ રંજિકા તૈયાર થઈ શકતી નથી.

એ રંજિકાનું કાર્ય છે આકાશ, વાતાવરણ ને જમીનમાંથી વૃક્ષોને માટે ખોરાક સર્જવાનું. પરંતુ સર્જનમાં હંમેશાં શક્તિ (energy) તો જોઇએ જ. એ શક્તિ તેને સૂર્યમાંથી સૂર્યપ્રકાશ દ્વારા મળે છે. તે વડે રંજિકા વૃક્ષો માટે મહદ ઉપયોગની વસ્તુઓ–ખાંડ અને મેદ (starch) ઉત્પન્ન કરે છે.

રંજિકા એક એવો પદાર્થ છે જે પ્રકાશ મળતાંની સાથે જ, તોપમાંથી વછૂટતા ગોળાની માફક ભાંગી જાય છે અને મકાનોનાં મકાન જમીનદોસ્ત કરી શકે તેટલી શક્તિ મુક્ત કરે છે. આ શક્તિની મદદ વડે કોષ–cell, (નાના નાના અનેક સૂક્ષ્મ કોષોનું પાદડું બનેલું હોય છે)ના કોઈ છાના ખૂણામાં છુપાએલ જીવનઅણુ હવાના અંગારવાયુ–carbon dioxide (જેને ઘણી વખત આપણે મોટરની બહાર નીકળતો જોઇએ છીએ)માંથી કાર્બન અને પાણીમાંથી આર્દ્રવાયુ તથા પ્રાણવાયુ છૂટા પાડી તેમાંથી ખાંડ પેદા કરે છે.

અનેક વૃક્ષોની વચ્ચે આવેલાં મકાનોમાં કે ઝાડપાનથી ભરેલા મુલ્કમાં હવાફેર કરવા જવાની ડૉક્ટર સલાહ આપે છે તે આ જ કારણથી, કે ત્યાં સારા યે દિન દરમિયાન આ ક્રિયા ચાલતી હોવાને અંગે મનુષ્યની પ્રત્યેક ક્રિયામાં જે વસ્તુની વધારેમાં વધારે જરૂર પડે છે તે પ્રાણવાયુ ત્યાં વધારે હોય છે. કારણકે પાણીમાંથી આર્દ્રવાયુ અને અંગારવાયુમાંથી કાર્બન લીધા પછી પાછળ પ્રાણવાયુ જ રહે છે.

આપણે બધા જાણીએ છીએ કે સૂર્યપ્રકાશ જુદાજુદા સાત રંગોનો બનેલો છે. પણ આ પ્રકાશસમિકરણ (photo synthesis–ખાંડ બનાવવાની ક્રિયાને આ નામ આપવામાં આવ્યું છે)ની ક્રિયામાં તો માત્ર એક કે બે રંગો જ ભાગ ભજવે છે. તેમાં રાતો પ્રકાશ જ આ સમીકરણ માટે વધારેમાં વધારે જવાબદાર છે. જાંબલી અગર આકાશી રંગો જો કશો ભાગ ભજવતા હોય તો પણ તે નહિ જેવો જ. એમ આજ સાબિત થઈ શક્યું છે. બીજા કોઈ પણ રંગનો પ્રકાશ આ ક્રિયા માટે જરા પણ જવાબદાર નથી. આટલા માટે જ રંજિકાને બે રંગ છે: સાદા પ્રકાશમાં લીલો અને પરાવર્તિત પ્રકાશમાં આકાશી.

જે ખાંડ પાંદડાંઓ બનાવે છે તેને દ્રાક્ષખાંડ (grape sugar) કહેવામાં આવે છે. જ્યારે રાત્રિના ઓળા પૃથ્વી પર ઊતરે છે, સૂર્યદેવ પોતાની લીલા સંકેલે છે અને પ્રકાશના અભાવે સમીકરણની ક્રિયા અટકી પડે છે ત્યારે આ ખાંડને મેદમાં ફેરવી નાખવામાં આવે છે.

પરંતુ આ દ્રાક્ષખાંડ પણ રંજિકા જેવો જ પદાર્થ છે. જ્યારે તેનાં તત્ત્વો છૂટાં પડે છે ત્યારે તેમાંથી પણ શક્તિનો ધોધ વહે છે. આ શક્તિ, જીવનઅણુ, વૃક્ષોને જરૂરના બીજા પદાર્થો તૈયાર કરવામાં વાપરે છે. એ ઉપરાંત જાતજાતની અને ભાતભાતની નવી ખાંડ ઉત્પન્ન કરવામાં પણ આ શક્તિનો ઉપયોગ થાય છે.

ખાંડને મેદમાં ફેરવી નાખવાનો ઉદ્દેશ એ છે કે ખાંડ દ્રાવ્ય છે જ્યારે મેદ પાણીમાં અદ્રાવ્ય છે. વૃક્ષની ભીતરમાં સારો યે દિવસ પાણીની આવજા થયા જ કરતી હોય છે. આમાં કોઇ પણ જગ્યાએ ખાંડ રહી શકે નહિ. તો પછી વધારાની ખાંડ નાખવી ક્યાં? એટલે મેદ તૈયાર થાય છે. જે મૂળમાં, ફળમાં, થડમાં કે પાંદડાંમાં પણ સંગ્રહી રખાય છે,–ભવિષ્યમાં જરૂર પડે ત્યારે વાપરવા માટે.

એવી જ રીતે આ રંજિકાની અને પ્રકાશની મદદથી જ જીવનઅણુ વૃક્ષોને અને પ્રાણીઓને અતિ મહત્ત્વના એવા બીજા પણ અનેક પદાર્થો બનાવે છે.

આટલામાં જ પાંદડાંની પ્રયોગશાળાનું કાર્ય પૂરું થઈ જતું નથી. એને એક બીજું કામ કરવાનું છે અને તે શ્વાસોચ્છ્વાસનું. અલબત્ત, આ શ્વાસોચ્છ્વાસ આપણા શ્વાસોચ્છ્વાસ જેવો તો નથી જ, કારણકે આમાં તો વૃક્ષોનાં મૂળ જે પાણીને જમીનમાંથી સતત ચૂસ્યા કરે છે તેને પાછું મુક્ત કરવાનું હોય છે. આટલા બધા પાણી માટે જગ્યા ન જ હોય એ સ્વાભાવિક છે.

આ માટે પાંદડાંની નીચલી–અને કોઇકોઈ વખત ઉપલી પણ–સપાટી પર અતિ સૂક્ષ્મ કાણાંઓ હોય છે. અંગ્રેજીમાં આવાં છિદ્રોને stomata કહે છે. એ દરેક છિદ્રની આસપાસ બે રક્ષક કોષ (guard-cells) હોય છે. તેમનું કાર્ય પાંદડાંમાંથી વરાળ રૂપે ઊડી જતા પાણીના જથ્થાનું નિયમન કરવાનું છે. આ છિદ્રો બીજાકાર હોય છે અને તેમાં હરિદ્રંજિકા ઉપરાંત જીવનતત્ત્વ, બીજ (nucleus) વગેરે પણ હોય છે. પરિણામે એ જ્યારે ઈચ્છે ત્યારે છિદ્રોનું કદ નાનુંમોટું કરી શકે છે અને એ રીતે પાંદડાંની બહાર જતી વરાળનું અથવા તો ઝાડની અંદર રહેલા પાણીનું નિયમન કરે છે.

આ તો પાંદડાંનું આડ-કર્તવ્ય જ માત્ર છે. આ કર્તવ્ય તો વૃક્ષના જમીનની બહારના બીજા ભાગો પણ ચલાવી શકે છે,–ફૂલો પણ. પરંતુ પાંદડાનું જીવનકર્તવ્ય તો છે, જીવન જે પર ટકી રહ્યું છે તે વસ્તુઓ બનાવવાનું.

મનુષ્ય કે પૃથ્વીમાં મળી આવતા કોઇ પણ બીજા પ્રાણીમાં સાદા તત્ત્વોમાંથી ખોરાક તૈયાર કરવાની શક્તિ નથી. અનેક પ્રયત્નો છતાં યે હજુ મનુષ્ય સંપૂર્ણપણે વૃક્ષો વગર ખોરાક ઉત્પન્ન કરવાનું કહેવાની હિંમત પણ કરી શક્યો નથી. હજુ યે તેને કુદરત અને વૃક્ષો પર સંપૂર્ણ આધાર રાખવો પડે છે. ક્ષણે ક્ષણે અને પળે પળે આ મહાન ક્રિયા આપણી નજર સામે આપણી આસપાસ સર્વત્ર ચાલી રહી છે. છતાં એટલી મૂકતાથી, એટલી નીરવતાથી, કે અનેક વર્ષો સુધી આપણે એ સાંભળી શક્યા નહિ તેમ જોઈ શક્યા પણ નહિ.

અને જ્યારે જોઇએ છીએ કે સાંભળીએ છીએ ત્યારે એ ક્રિયાની પ્રણેતા કુદરત તરફ આપણું મસ્તક ભક્તિભાવથી નમે એમાં શી નવાઇ?

શિરીષ

વર્ધા આશ્રમ

વર્ધા આશ્રમ' એટલે કોઈ એક આશ્રમ ન સમજશો. એમાં તો, મહાત્માજીની દેખરેખ નીચે અથવા એમની પ્રેરણાથી, વર્ધામાં યા આજુબાજુ જે રચનાત્મક પ્રવૃત્તિઓ ચાલે છે તે બધી-નો સમાવેશ થાય છે.

વર્ધા સ્ટેશન પર ઊતર્યા એટલે ત્યાંથી દસ મિનિટને પગરસ્તે સુંદર ફૂલવાડીવાળાં થોડાંક નાનાં મકાનોનું જૂથ આવે છે. એ મગન-વાડી. સેવાગ્રામ જતાં પહેલાં સુધી ગાંધીજી અહીં રહેતા હતા. જુઓ પેલું જે મોટું મકાન છે એમાં અખિલ ભારત ગ્રામોદ્યોગ સંઘનું કાર્યાલય છે. આ સંઘ ઘણા પ્રાંતોમાં પથરાએલો છે. ભારતનાં ગામડા-ઓમાં જીવનની એક નવી લહેર ફેલાવવી, મૃતઃપ્રાય ઉદ્યોગોને સ-જીવન કરવા ને ગ્રામસંસ્કૃતિનું રક્ષણ કરવું એ આ સંઘનું કામ છે. આ સંઘના મંત્રી શ્રી જે. સી. કુમારપ્પા એક હિંદી ખ્રિસ્તી છે. અંગ્રેજીના સારા લેખક ને અર્થશાસ્ત્રના વિદ્વાન છે. અહીં હાથકાગળ બનાવવો, હાથછડ ચોખા તૈયાર કરવા, ઘાણીથી તેલ કાઢવું, મધમાખીઓ પાળવી, અરીઠાનો સાબુ બનાવવો વગેરે ગામડાની ભુલાતી કારી-ગરીનું કામ શાસ્ત્રીય રીતથી થાય છે. એ સંબંધમાં સંશોધન પણ થતું રહે છે. અહીં 'મગન મ્યૂઝિયમ' પણ છે, જેમાં ખાદી, ગ્રામો-દ્યોગ વગેરે સંબંધે જરૂરી બધી જાતની વસ્તુઓનો સંગ્રહ કરવામાં આવ્યો છે. એની સામે 'ટ્રેનિંગ સ્કૂલ' છે, જ્યાં આ બધી વાતોનું શિક્ષણ અપાય છે. દૂર—સુદૂર પ્રાંતોના વિદ્યાર્થીઓ અહીં આવે છે. વારંવાર અહીં પરદેશોના કેટલાય અધ્યાપકો આવીને રહી ગયા છે.

હવે શહેરથી લગભગ દોઢ માઇલ દૂર બીજી તરફ ચાલો. આ નાલવાડી નામે ગામ છે. ઘણીખરી વસતિ હરિજનોની છે. જુઓ, લંગોટી પહેરીને એક દૂબળો-પાતળો માણસ તકલી કાંતી રહ્યો છે. આજુબાજુ કેટલાક કાર્યકર્તાઓ વાત કરી રહ્યા છે. એ માણસ દિન-રાત સેવામાં જ રત રહે છે. કીર્તિથી એ દૂર ભાગે છે. એ આજન્મ બ્રહ્મચારી છે. એ ચિત્રકાર છે અને સંગીતકાર પણ છે! સંસ્કૃત, ફ્રેંચ, અરબી વગેરે ભાષાઓનો એ 'પંડિત' છે. એ હમેશાં મૌલિક રીતે જ વિચારે છે ને વર્તે છે. એણે ખાદી ને હરિજનસેવાના કાર્ય પાછળ પોતાની જાતને ભુલાવી દીધી છે. ગાંધીજીની ઘણી કલ્પનાઓનો સુઝાડનાર એ છે. એ આચાર્ય વિનોબા ભાવે છે.

આ તરફ આવો; જુઓ, ચામડાને રંગ ચડાવાય છે. ત્યાં ચંપલ, જોડા, ચમરખાં વગેરે ચામડાની ઘણીખરી વસ્તુઓ બને છે. એ ગોસેવા ચર્માલય છે. ચામડાના આ કામમાં ખાસ વાત તો એ છે કે ફક્ત મૃત ઢોરનાં ચામડાંનો જ ઉપયોગ કરવામાં આવે છે. એની પાછળ બે ભાવના છેઃ એક તો એ કે જેટલી ગાયોની કતલ હિંદુ-સ્તાનમાં થાય છે એથી ઘણી વધારે ગાયોને અને બીજાં દૂધાળાં જાનવરોને જોડા-ચંપલ-સૂટકેસ અને ચામડાની એવી બીજી વસ્તુઓ માટે મારી નાખવામાં આવે છે. બીજું એ કે મૃત ઢોરનું ઘણું ચામડું એમ જ બેકાર ચાલ્યું જાય છે ને દેશને નુકસાન થાય છે. આ રીતે જો મરેલાં ઢોરનાં ચામડાંમાંથી ઉપયોગી ચીજો બનાવવામાં આવે તો, દૂધાળાં જાનવરોની કતલ ઘણી ઓછી થઈ જાય. અહીં કારખાનું અને તાલીમશાળા બંને છે. અને સામે જે દૂબળા જેવા સજ્જન બેઠા છે એ જ એના પ્રમુખ કાર્યકર્તા છે. એમણે ઉચ્ચ કેળવણી પ્રાપ્ત કરી છે અને એમનું નામ શ્રી ગોપાળરાવ કાલુંજકર છે. ચર્માલયની બાજુમાં જ ખાદી સરંજામ કાર્યાલય છે, જ્યાં ચરખા, તકલી ને કાંતણપીંજણની બધી વસ્તુઓ તૈયાર થાય છે. બાજુમાં જ ગોસેવા



[સેવાગ્રામની પોતાની કુટિરમાંથી બહાર નીકળતા ગાંધીજી]

સંઘનું કાર્યાલય છે જ્યાં એક દુગ્ધાલય પણ છે.

હવે તમને શહેરની બીજી બાજુ અહીંથી લગભગ બે માઇલ દૂર નવભારત વિદ્યાલય (ભૂતપૂર્વ મારવાડી હાઈસ્કૂલ) પાસે લઇ જાઉં છું. ત્યાં કેટલાય એકર જમીન પર ઘણી સારી ઈમારતો બની છે. આ હાલમાં મહિલાશ્રમ છે. વચ્ચેની મોટી ઈમારતમાં લેખનવાંચન થાય છે. ગાંધીજી જ્યારે વર્ધા આવ્યા ત્યારે સૌથી પહેલા અહીં જ રહેતા હતા. એક બાજુ ભોજનાલય, શિક્ષકોનાં મકાન ને મહિલાઓ માટે છાત્રાવાસ વગેરે છે. ઘણી વિશાળ જગ્યા છે. લગભગ ૭૬ બહેનોને દસબાર અધ્યાપકો શિક્ષણ આપે છે. આ બહેનોમાં બધા ધર્મની, બધી જાતિની અને બધા પ્રાંતોની બહેનો છે. એમની વચ્ચે કોઇ જાતનો ભેદભાવ નથી. રસોઇથી માંડીને શૌચસ્થાન સફાઈ સુધીનાં બધાં કાર્યો વારા પ્રમાણે આ બધી બહેનો જ કરે છે. અહીં કંતામણ, ગ્રંથબંધામણ, ચિત્રકલા, સંગીત વગેરે કલાઓની તાલીમ પણ અ-પાય છે. એનો હેતુ બહેનો પોતાનું ઘરબાર સંભાળતાં સંભાળતાં જરૂર પડ્યે પોતાના પગ પર ઊભી રહી શકે અને દેશસેવાનું કોઇ ને કોઇ કામ કરતી રહે એવી બનાવવાનો છે. અહીં ખાસ નોંધપાત્ર વસ્તુ તો સાદાઈભર્યું વાતાવરણ અને પોતાનું કામ સ્વહસ્તે કરવામાં દરેકની તલ્લીનતા ને પ્રેમ છે. આ સંસ્થાનું ભંડોળ લાખો રૂપિયાનું છે, જે મુંબાઇનાં શ્રીમતી શાન્તાદેવીએ આ કામ માટે સંસ્થાને અર્પણ કરેલું છે. એના સંચાલકોમાં સ્વ. શેઠ જમનાલાલ બજાજ, શ્રીમતી શાન્તાદેવી, શ્રી દામોદરદાસ ને શ્રી કમલાબાઇ મુખ્ય છે.

મહિલા-આશ્રમથી શહેર તરફ પાછા ફરતાં બે-અઢી ફર્લાંગ પર સડકની ડાબી બાજુએ જે બંગલો છે તે સ્વ. શેઠ જમનાલાલ બજાજ-નો છે. એની પાછળ કેટલાં યે મકાન છે—જેમાં એક ગાંધી સેવા-સંઘનું કાર્યાલય છે. ગાંધી સેવાસંઘ એ, પહેલાં, ગાંધીજીના પરખેલા કાર્યકર્તાઓની મોટી સંસ્થા હતી; પણ જ્યારે એમ માલૂમ પડ્યું કે એમાં પણ હોડની ભાવના આવી રહી છે ત્યારે એને 'તોડી'ને એક

નાની સંસ્થાના રૂપમાં ફેરવી નાખવામાં આવ્યો. હવે એનું મુખ્ય કાર્ય અહિંસા સંબંધે શાસ્ત્રીય શોધ અને પ્રયોગ કરવાનું છે. ગાંધીજીની જીવનપ્રણાલિમાં વિશ્વાસ ધરાવતી વ્યક્તિઓની આ સૌથી વધુ મહત્ત્વપૂર્ણ સંસ્થા છે. કાર્યાલય-વ્યવસ્થાપક શ્રી રઘુનાથ ધોત્રે છે.

બીજી મોટી—અને વિસ્તારની દૃષ્ટિએ સૌથી મોટી—સંસ્થા, જેનું કાર્યાલય અમદાવાદથી હવે અહીં આવી ગયું છે તે, અખિલ ભારત ચરખા સંઘ છે. હિંદનાં સેંકડો શહેરો અને હજારો ગામોમાં એનું કાર્ય પથરાએલું છે, અને સૌથી મોટો મરતો ગ્રામોદ્યોગ એનાથી નવું જીવન પામી રહ્યો છે તથા દિનપ્રતિદિન આગળ વધી રહ્યો છે. આજકાલ શ્રી કૃષ્ણદાસ જાજૂ એનું કામકાજ સંભાળે છે. આ ઉપરાંત, પ્રાન્તીય હરિજન સેવક સંઘનું કાર્યાલય વર્ધામાં છે. રાષ્ટ્રભાષા પ્રચાર સમિતિનું મુખ્ય કાર્યાલય પણ વર્ધામાં જ છે.

હવે સેવાગ્રામ જઈએ—જ્યાં બાપુજી રહે છે. વર્ધાથી પૂર્વ તરફ સાડા ચાર માઈલને છેટે સેવાગ્રામ છે. ૪૦૦ માણસની વસતિ છે. આ ગામ પહેલાં શેઠ જમનાલાલજીનું હતું, પણ હવે આશ્રમને અર્પણ કરવામાં આવ્યું છે. જુઓ, ગામથી દોઢેક ફર્લાંગ છેટે કેટલીક સ્વચ્છ ઝૂંપડીઓ દેખાય છે. એ જ આશ્રમ છે. શરૂઆતમાં તો અહીં એક જ કુટિર હતી. એમાં જ ગાંધીજી, મીરાંબહેન વગેરે રહેતાં હતાં અને બધું કામ થતું હતું. પણ હવે તો કેટલી ય ઝૂંપડીઓ બની ગઈ છે. આપ જોઈ શકો કે હવે તો સેવાગ્રામ સુધી પાકી સડક બની ગઈ છે; ટપાલઘર-તારઘર આવી ગયાં છે; ટેલિફોન પણ છે. પહેલાં આ કંઇ ન હતું. એ જ ઝૂંપડીમાં સ્વ. લૉર્ડ લોધિયન અને સર સ્ટૅફર્ડ ક્રિપ્સ જેવા 'અતિ આધુનિક' પુરુષો આવીને રહી ચૂક્યા છે.

આ છે ગાંધીજીની કુટિર—માટી, ઘાસ ને વાંસની બનેલી. એ માટે એક મેદાનની ચારે બાજુ વાંસની વાડ બનાવી લેવામાં આવી છે. ગાંધીજીનો ખંડ કંઇક મોટો છે—૧૦'×૧૨' હશે. અહીં જ એઓ બધું કામ કરે છે ને મળવાવાળા પણ અહીં જ આવે છે. ઓરડાની એક બાજુએ ઓશરી છે ને બીજી બાજુએ કેટલીક ઓરડીઓ—જેમાં અતુલબહેન ને રાજકુમારી અમૃતકુંવર રહે છે, તથા ગાંધીજીના 'ખાસ મહેમાન' ઊતરે છે. ગાંધીજીના ખંડની પાછળ એક બીજો ઓરડો છે જેમાં ટેલિફોન છે—વર્ધા નંબર ૪૧. એમાં સહાયકોનું દફતર છે. આશ્રમમાં બધા લોકો કોઇ પણ જાતના ભેદભાવ વગર રહે છે અને ત્યાં જ ખાયપીએ છે. પેલી તરફ બકરીઓ બંધાય છે—જેને ગાંધીજી ઘણી વાર મજાકમાં 'મા' કહે છે. બકરીનાં બચ્ચાંઓને ભરપેટ દૂધ મળી ગયા પછી જ જે થોડું દૂધ વધે છે તે જ ગાંધીજી પીએ છે, એટલે ઘણી બકરીઓ રાખવી પડે છે. પચાસેક ફૂટ છેટે પેલી ઝૂંપડી શ્રી પરચુરે શાસ્ત્રીની છે. એ ઘણાં વર્ષોથી કોઢથી પીડાય છે. ડૉક્ટરોએ આશા મૂકી ત્યારથી ગાંધીજી એમને પોતાની પાસે રાખે છે. એ ખૂબ જ વિદ્વાન છે. ગાંધીજી પોતે જ એમની ઝૂંપડી સાફ કરે છે, એમના ઘા ધૂએ, લોહીપરુ કાઢે છે, ને દવા લગાવે છે. ગમે તેવું જરૂરી કામ હોય પણ આ કામમાં ગફલત ન થાય !

ગાંધીજી હમેશાં ખુલ્લી જગ્યામાં સૂએ છે સવારે ચાર વાગે ઊઠે છે. ૪-૨૦ સુધીમાં શૌચાદિથી પરવારી અર્ધો કલાક પ્રાર્થના ને ગીતાપાઠ કરી એક કલાક આરામ કરે છે. ખૂબ જરૂરી કામ હોય તો તે પ્રાર્થના બાદ તરત જ શરૂ થાય છે. સાડા છ વાગ્યે 'નાસ્તો' લે છે—જેમાં બકરીનું દૂધ ને ફળોનો રસ હોય છે. બાકીના લોકો સગવડ પ્રમાણે ગાયનું દૂધ વગેરે લે છે. ગાંધીજી સાડા સાતે ફરવા નીકળે છે. કોઈ પણ સંજોગોમાં ગાંધીજીનું ફરવું બંધ રહેતું નથી ! લંડનમાં ગોળમેજી પરિષદ વખતે એમને વખત નહોતો મળતો ત્યારે રાતના અઢી વાગે પરિષદમાંથી પાછા ફરતી વખતે ફરવા જતા ! આજકાલ ફરતી વખતે મોટે ભાગે આંખો બંધ રાખે છે અને છોકરાઓ કે આશ્રમની બહેનોની મદદ લઈ ચાલે છે. કોઇ ન હોય તો લાકડીનો આશરો લે છે. પોણો માઈલ ચાલી પાછા ફરતી વખતે બીમારોની ખબરઅંતર પૂછે છે. પછી એક કલાક સુધી સરસવના તેલની માલિશ થાય છે. ત્યારે પણ આંખો બંધ રહે છે. થાક લાગ્યો હોય તો થોડુંક ઊંઘી પણ લે છે; અને જરૂરી કામ વખતે માલિશ કરાવતાંકરાવતાં લખે છે પણ ખરા ! તે પછી અર્ધો કલાક સુધી ગરમ પાણીના 'ટબ'માં સ્નાન કરે છે ને જરૂર હોય તો ટબમાં પણ બેઠાબેઠા લખે છે ! સ્નાન પછી પત્રવ્યવહાર ને ૧૧ વાગે ભોજન, જે સમયે પણ સલાહ-સૂચના તો ચાલુ જ રહે છે. ભોજનમાં ૧૦ તોલા લોટમાં સોડા નાખીને પાપડની જેમ શેકેલી સખત રોટી, (જેને ત્યાં 'ખાકડી' કહે છે) ને કાચી ભાજી ને અંતમાં કાચી શાકભાજીનો રસ. દૂધ નથી લેતા, પણ તોલોભર તાડનો ગોળ ને તોલોભર માખણ લે છે. દાળ તો બનતી જ નથી ને ભાત પણ એમને જ અપાય છે જેમને એના વગર ચાલતું જ નથી. ભોજન પછી પત્રવ્યવહાર ને આરામ. ગાંધીજીની આંખોનું તેજ ઘટતું જાય છે, એટલે વૈદકીય સલાહ અનુસાર આરામ વખતે તાળવામાં ઘીની માલિશ થાય છે. એક કલાક આરામ બાદ ચાર વાગ્યા સુધી પાછો પત્રવ્યવહાર ચાલે છે. ૪ થી ૫ ભેટ-મુલાકાત, ૫ થી ૬ ભોજન વગેરે. સાંજના ભોજનમાં ફક્ત દૂધ અને ભાજી અથવા કાચી ભાજીનો રસ લે છે. તે પછી ફરવાનું ને ૭ વાગ્યે પ્રાર્થના. ભોજન પછી ને ફરવા જતાં પહેલાં, તથા ફરી આવીને ને પ્રાર્થના પહેલાંના વચ્ચેના સમયો દરમિયાન બાકી રહેલો પત્રવ્યવહાર થાય છે. સાંજની પ્રાર્થના વખતે રામાયણ પણ વંચાય છે. સવારસાંજ બંને વખત કુરાન પણ વંચાય છે. સાયંપ્રાર્થના બાદ ફરી એક કલાક પત્રવ્યવહાર. ૯ વાગ્યે બધા સૂઇ જાય છે—એ વખતે ગાંધીજીના મસ્તક પર એરંડિયાના તેલની માલિશ થાય છે. ગરમીના દિવસોમાં ગાંધીજી માથે ને પેટ પર માટી રાખે છે.

આશ્રમમાં બધા પ્રાંતના, બધા ધર્મના બધી જાતિના અને વિદેશી લોકો પણ કશા યે ભેદભાવ વગર રહે છે. ઉચ્ચ કેળવણી પામેલા અને મોટીમોટી નોકરીઓને લાતમારીને સીધીસાદી સેવામય જિંદગી વિતાવનાર આદમીઓ અહીં છે.

સેવાગ્રામમાં બીજાં પણ ઘણાં કામ થાય છે. અહીં હિંદુસ્તાની તાલીમી સંઘનું દફતર છે. જેને વર્ધાયોજના કહે છે એ શિક્ષણના નવા ઢંગને આ સંઘ ચલાવે છે અને એ સંબંધે શોધ-વિચાર કરે છે. એના પ્રમુખ દિલ્હીની જામિયા મિલિયાના આચાર્ય શ્રી ઝાકીરહુસેન છે અને મંત્રી એક ઉચ્ચ કેળવણી પ્રાપ્ત કરેલ તામિલી સજ્જન શ્રી આર્યનાયકમ્ છે, જેઓ સિલોનના રહેવાસી છે ને સ્વ. ગુરુદેવ સાથે લાંબો સમય રહી ચૂક્યા છે.

વર્ધા અને સેવાગ્રામમાં બીજાં પણ કેટલાંય કામ થઈ રહ્યાં છે; પણ એનો પરિચય આપવાનો સમય નથી. અહીં કાર્ય એ જ દેવ છે. કોઇ બેકાર નથી અને બધા એક વિશાળ કુટુંબની માફક રહે છે. જિંદગીના વહેણમાં અહીં કોઈ રુકાવટ નથી અને એટલે એમાં મેલ પણ નથી. અહીંના 'વિચિત્ર' ધૂની જેવા દેખાતા લોકો સાથે તમારો મત મળે કે ન મળે, પણ એક વાત નક્કી છે કે એ લોકો પોતાના પ્રત્યે ઈમાનદાર છે—અને તેથી જ બીજાની પ્રત્યે પણ ઈમાનદાર થઇ શકે છે. ઇમાનદારીનું આ વાતાવરણ જ 'વર્ધા આશ્રમ'ની સૌથી મોટી વિશિષ્ટતા છે !

मञ्जुल

(ઑલ ઇંડિયા રેડિયો, દિલ્હીથી શ્રી 'સુમને' કરેલા વાયુવાર્તાલાપ ઉપરથી)

જીવનનું પરોઢ ભાગ ચોથો

પ્રકરણ ૬ઠું

પૂ૦ બાની મરણપથારી

જેલમાંથી ફીનિક્સવાસીઓના છૂટ્યા પછી ઢીંગી કમિશનનો બહિષ્કાર, ડરબનથી નવી મહાન કૂચ, પીઅર્સન અને ઍન્ડ્રૂઝ સાહેબનાં સ્વાગત અને બૅન્જામિન સાહેબના આગમન વગેરે પ્રસંગોની ધૂમ મચી હતી. હવે શું થાય છે, કુરબાનીની જ્વાળાઓને હજુ વધુ ભીષણ બનાવવા આપણે કેટકેટલું કરવું પડવાનું છે એ વિચારણામાં નાનામોટા સૌ પડ્યા હતા, ત્યાં, બધાંના જેલથી છૂટી આવ્યા બાદ સાતમે-આઠમે દિવસે, આખા ફીનિક્સમાં દુઃખ ને ચિંતા ફેલાઈ ગયાં. કોઇને બોલવાનું કે વાતો કરવાનું સૂઝતું ન હતું. નીચી આંખે, ચિંતાતુર ચહેરે સૌ આઘાંપાછાં થતાં હતાં અને હાથમાંનું કામ જેમતેમ ઉકેલતા હતા. પૂ૦ બાની માંદગીએ બીહામણું રૂપ લીધું હતું.

પોતાના શરીરનું બધું માંસ મેરિત્સબર્ગની જેલમાં દક્ષિણ આફ્રિકાની સરકારને દાનમાં દઇને બા આવ્યાં હતાં. આવતાંની સાથે એમણે ખાટલો લીધો અને દહાડે દીએ માંદગી વધતી જ ચાલી. ભારે ભારે મંદવાડમાં યે ફીનિક્સમાં દાક્તર ન ફરકતા; પણ મને યાદ છે કે એ સમયે એક અંધારી રાતે મગનકાકા અને દેવદાસકાકા જંગલ વટાવી સ્ટેશને પહોંચ્યા, નિદ્રાધીન સ્ટેશન માસ્તરને ઘરમાંથી ઉઠાડ્યા અને સ્ટેશન ઉઘડાવી રાતોરાત ડરબન ટેલીફોન કરી દાક્તરને પરોઢની ટ્રેનમાં ફીનિક્સ આવવા વીનવણી કરી.

બાપુજીના મકાનમાં જ્યાં પ્રાર્થના અને સામૂહિક ભોજન માટે અમે ભેગા મળતા એ જ મોટા ઓરડામાં ઉત્તર તરફના ભાગમાં પડદો બાંધી બાને માટે ખાટલો ગોઠવવામાં આવેલો. એમની પાસે કોઈ બાળકને જવાની છૂટ ન હતી માત્ર દેવદાસકાકા અંદર જાય ને પાંએક કલાકે નીમાણા બની બહાર આવે. એ જોઈ મારી અકળામણ વધી જતી. પૂ૦ બાની અશક્તિ એટલી બધી વધી ગયેલી કે એમનાથી અવાજ મુદ્દલ સહન ન થતો. અમે જમવા બેસતા ત્યારે માગવાનું ને પીરસવાનું કામ કેવળ ઇશારાઓથી જ થતું. કોઇને હાથે વાસણનો જરા પણ ખખડાટ થઇ જાય તો તેના પર ચોતરફથી બીજાઓની એવી ઠપકાભરી નજર વરસતી કે એવી ભૂલ કરનારો ડઘાઇ જતો. આવી અકળામણભરી સ્થિતિ એકબે દિવસ કે એકબે અઠવાડિયાં જ નહિ, પણ મહિનો દોઢ મહિનો ચાલુ રહી એવો મારો ખ્યાલ છે. સાધારણ રીતે સવાર–બપોર–સાંજ જ્યારે પણ ભણતર ને કામમાંથી પરવારતા ત્યારે અમારી ખેલવાકૂદવાની જગ્યા બાપુજીવાળા મોટા ઘરના આંગણા પાસે રહેતી; પણ આ માંદગીને વખતે અમે ત્યાંથી દૂર નીકળી જતા. ક્વચિત્ એ મકાન પાસે કાંઇ ગોઠડી ચાલતી તો અવાજ ત્રણચાર પગલાંથી વધુ આગળ ન જાય તેની સાવધાની રાખવી પડતી.

બાપુજી, મગનકાકા, મારા પિતાજી, રાવજીભાઇ વગેરે જરૂર મુજબ શુશ્રૂષામાં રોકાએલા રહેતા. મારી બાનો તો ઘણોખરો વખત પૂ. બાની સેવામાં જતો. પણ એ વેળાનું જે એક દૃશ્ય મારા મનમાં કોરાઇ રહ્યું છે એની અસર દિલ પર જેમ ઉંમર વધતી જાય છે તેમ વધુ ને વધુ પડતી જાય છે. તે એ કે બાની સેવામાં બાપુજીની મદદ માટે આટઆટલાં સેવકસેવિકાઓ ઊભે પગે તૈયાર રહેવા છતાં ઝીણામાં ઝીણું કામ બાપુજી જાતે કરવાનો આગ્રહ રાખતા. બાને માટે કંઈ ઉકાળો બનાવવો હોય તો તે કરવાને મારી બા આતુર રહેતાં અને બાપુજીના હાથમાંથી કામ મેળવવા વીનવણી કરતાં; પણ બાપુજી હસીને ના પાડતા અને કહેતા 'મને જ કરવા દો; બાને સંતોષ કેમ આપવો એ હું વધારે જાણું છું. અત્યારે તો મેં સમય મેળવી લીધો છે. હું ન પહોંચી શકું ત્યારે તમે કરજો.' બાની થૂંકદાની સાફ કરવી, પથારી ફેરવવી, મળમૂત્રનાં વાસણો સાફ કરવાં, ખાટલા પાસે વધુમાં વધુ હાજરી આપવી, એ સઘળું વગર થાક્યે, વગર કંટાળ્યે, વગર નિરાશ થયે, બાપુજી કર્યે જ જતા હતા. બાના ખાટલા પાસે એમને ખુરશી, સ્ટૂલ કે સાદડી નાખી બેઠેલા જોયાનું મને યાદ નથી આવતું. પાંગત પાસે હાથમાં કંઈ ને કંઈ સેવાની વસ્તુ લઇને ઊભેલા બાપુજીનું દૃશ્ય જ મારી સ્મૃતિમાં ખડું થયા કરે છે.

ફીનિક્સ સંસ્થાનાં બધાં કામ ચાલૂ હતાં. દરેક કામ નિયમસર ચલાવવાનો પૂરો આગ્રહ રહેતો. બાની સેવામાંથી મળી શકે એટલો સમય મેળવી બાપુજી પડદા બહાર ઊભાઊભા બધાં કામની દોરવણી આપતા. ફીનિક્સનાં નિત્યકર્મોની, છાપાના સંચાલનની અને ફીનિક્સ બહાર આખા દક્ષિણ આફ્રિકાની રાજકીય ચળવળની દોરવણીનું પોતાનું કામ બીમારીના આ ખાટલા પાસે યે એમણે પૂરી જવાબદારી, ચીવટ અને ઊંડા ચિંતન પૂર્વક ચાલુ રાખ્યું હતું.

ગીતાનું ભાષ્ય 'અનાસક્તિયોગ' રૂપે બાપુજીએ પોતાની ઢળતી ઉંમરમાં લખ્યું, પણ એ પહેલાં દાયકાઓથી તેમણે જીવનમાં એનો અમલ કર્યો છે. વધુમાં વધુ આસક્તિવાળી ગણાય એવી પ્રૌઢાવસ્થામાં યે બાના બિછાના પાસે બાપુજીએ જે કુશળ કર્મયોગ અને તે સાથે અનાસક્તિ સેવી છે એનું સ્મરણ ગીતાનાં મહાભાષ્યોથી યે વધુ હૈયાના ઊંડાણમાં પહોંચી જાય એવું છે. જગતે જોયું છે કે બાપુજીની સેવામાં પોતાની કાયા નીચોવવામાં બાએ કંઇ બાકી નથી રાખ્યું. જિંદગીના લાંબા દાયકાઓ સુધી સેવા કરીને આર્ય સતીની ઉજ્જ્વલ પરંપરા બાએ સાચવી છે. પણ એ સેવા લેતાં બાપુજીએ વળતરમાં પણ એવી જ સેવા કરીને મરદોને સારૂ ઉજ્જ્વલ ઉદાહરણ મૂક્યું છે.

બાની તબિયત બહુ ધીમે ધીમે સુધરી રહી હતી. અશક્તિ ઓછી થતી ન હતી. બીજી તરફ બાપુજીને સત્યાગ્રહની લડાઇ અને સમાધાનીને અંગે વારે વારે ડરબન, જોહાનિસબર્ગ, પ્રિટોરિયા અને કેપટાઉન જવાનું થતું. બાપુજી બહાર હોય તે વેળા બાની માંદગી વધી જતી તો ચિંતા બહુ ફેલાઈ જતી. પણ છેલ્લી વારે જ્યારે બાપુજીને કેપટાઉન જવાનું થયું ત્યારે તો તેઓ બાને પણ પોતાની સાથે લઇ ગયા. ત્યાંનું કામ આઠદસ દિવસને બદલે મહિનો દોઢ મહિનો ચાલ્યું. સમયાનુક્રમ તૂટવાની ધાસ્તી છતાં વચગાળાની વાતો ફંદી જઇને, બાની માંદગીને અંગે બાપુજીના કેપટાઉનથી આવેલા એક પત્રની વાત અહીં આપી દઉં એ જ ઠીક રહેશે.

બાપુજી કેપટાઉન હતા; સત્યાગ્રહની લડતની છેવટની સમાધાનીની આશા બંધાઇ રહી હતી અને સૌની ઇંતેજારી પાછી હિંદ-

સ્તાન પહોંચવાને વધતી જતી હતી; ત્યાં એક સવારે નવેક વાગ્યે પોરબંદરથી તાર આવ્યો. એમાં બાપુજીના સૌથી મોટા ભાઈ કાલિદાસ ગાંધી ગુજરી ગયાના ખબર હતા. આ અગાઉ છઆઠ મહિના પહેલાં વચેટ ભાઈ કરસનદાસ ગાંધીના ગુજરી ગયાના ખબર આવ્યા જ હતા, ત્યાં વળી આ બીજો આકરો ફટકો બાપુજી ઉપર પડ્યો. કરસનદાસ ગાંધી વેળાએ બાપુજી ફીનિક્સમાં હોવાથી સાંજે પ્રાર્થનામાં ભજન-પ્રવચન ચાલ્યાં હતાં આ વખતે એવું કશું ન થયું. માત્ર કુટુંબીઓએ સ્નાન કર્યું. દેવદાસકાકા પોતાના બંને કાકાઓમાંથી એકને પણ જોવા ન પામ્યા એનો ખેદ એમને વધુ થયો; અને એથી યે વધુ એમના મનમાં પૂજ્ય બાની જિંદગી વિષે ધાસ્તી વધી ગઇ. એ દિવસે એકલા બેસી એ જેટલા રોયા એટલા પહેલાં કદી દેવદાસકાકાને રોતા જોયાનું મને યાદ નથી. એમની દશા કપરી હતી બા કેપટાઉનમાં માંદાં હતાં, છતાં બાપુએ એમને કેપટાઉન જવા દીધા ન હતા. એમને ફીનિક્સમાં રહેવું પડ્યું હતું.

બાપુજીને ખબર પહોંચ્યા પછી તેમણે કેપટાઉનથી જે કાગળો લખ્યા તેમાં મોટાઓના પત્ર સાથે એક દેવદાસકાકા ઉપર પણ હતો. તેનો ભાવ નીચે મુજબ હતો:

'કાકા ગુજરી ગયાના ખબરથી તમને ખેદ થતો હશે. દેશમાં જઈ એમને મળવાનો દિવસ પાસે આવ્યો ત્યાં તેઓ ચાલ્યા ગયા એથી વધારે દુ:ખ થાય. પણ આપણે મનમાં દુ:ખ લાવવું જ ન જોઇએ. ઈશ્વરની એવી મરજી હશે. કાકા ગયા એમ બા પણ આ મંદવાડમાંથી ન ઊઠે, મારે બા વિના જ ફીનિક્સ આવવું પડે, તો યે તમે દુ:ખી ન થાઓ, જરા પણ ન રડો એમ હું ઈચ્છું. બાને આટલી બધી માંદગી છતાં આપણે દાક્તરી કે કોઇ પણ દવાનો ઉપયોગ નથી કરતા તમે યે મંદવાડ જાય કે ન જાય તો યે તેને દવાદારૂ ન આપવાની વાતમાં સમજીને હા પાડી છે. એટલે તમારે તો બહાદુર અને હિંમતવાન બનવાનું છે. આપણે કોઇના મરણથી રડવું તો ન જ જોઇએ.' મને એ વેળા બાપુજીના પત્રો વાંચવા મળતા નહિ, પણ એ પત્રો સવારથી સાંજ નાનામોટાઓ વચ્ચે ચર્ચાયા કરતા તેથી એના મુદ્દા મારાથી અજાણ્યા ન રહેતા. બાપુજીની આવી શિખામણો આવી પહોંચવાથી ધીરજ બંધાવાને બદલે ચિંતા વધી જતી. બા માંદગીમાંથી ઊઠશે જ નહિ એવી અમંગળ ભીતિ ફેલાઇ જતી ને આખું વાતાવરણ વધુ ગમગીન બની જતું.

લાગલાગટ અઢીત્રણ મહિના સુધી મૃત્યુ સાથે આકરૂં યુદ્ધ ખેડી સદ્‌ભાગ્યે બાએ માંદગીની પથારી છોડી. તેઓ સાજાં થયાં ને શક્તિ પણ મેળવવા લાગ્યાં. એમની તબિયત સુધરી એટલે એમની સેવા માટે ગયેલા મણિલાલ કાકા અને જમનાદાસ કાકાને બાપુજીએ કેપટાઉનથી પાછા ફીનિક્સ મોકલી દીધા, કારણકે બાપુજીને હજુ ત્યાં વધુ રોકાણ થાય એમ હતું.

જમનાદાસ કાકાએ આવીને જે વાત કરી તેથી જણ્યું કે બાપુજીની તપશ્ચર્યા કેપટાઉનમાં ખૂબ વધી ગઈ છે બાની સેવા, ધારાસભાનું કામ, એક ટંક ફળાહાર અને ત્યાંના કોલટારના રસ્તાઓ ઉપર ઉઘાડે પગે મધ્યાહ્ને માઇલો સુધી પગે ચાલીને જવું, એ બધાંથી કેપટાઉનના ગોરાઓનો પણ બાપુજી પ્રત્યેનો આદરભાવ વધી ગયો છે. વળી જ્યારે મેં સાંભળ્યું કે કાળાબાપુજીના સ્વર્ગવાસી થયાના સમાચાર જાણી બાપુજીએ એક પણ આંસુ ન સાર્યું અને ખૂબ કઠણ મન કરી એમણે એ આઘાત સહી લીધો ત્યારે મને થયું કે બાપુજી કેટલા બધા બળવાન છે! થોડા જ મહિના પર કરસનદાસ બાપુજી ગુજરી ગયાના ખબર આવ્યા ત્યારે એમનાથી રોવાઇ જવાયેલું. ત્યારે તેમણે પ્રાર્થનામાં કહ્યું હતું કે આમ કોઈના મરણ પાછળ રોવું એ નબળાઈ છે. આપણે એ નબળાઇ છોડવી જોઇએ. અને એમણે આટલા થોડા સમયમાં એ નબળાઇ પણ છોડી દીધી! (ચાલુ) **પ્રભુદાસ છગનલાલ ગાંધી**

જીવી જાણનારા] ૨૧ [જે માનવજીવનનું સાચું મૂલ્ય શીખવી ગયા

નગરગોપી

સ્વિટ્ઝરલૅંડ, જર્મની ને ઑસ્ટ્રિયા આ ત્રણ દેશને સીમાડે, નૈનીતાલની ઘોડે, ચારે કોર ફરતા ડુંગરોની વચ્ચે આવેલું, એના જેટલું જ રમણીય પણ એના કરતાં ઘણું મોટું કૉન્સ્ટન્સનું સરોવર છે સરોવરને માથે, હજારેક વર્ષ થયાં વસેલું ટીરોલ(Tyrol) પ્રાન્તનું બ્રેગેન્ઝ નામે શહેર છે. ટીરોલની એક છોકરી દેશ છોડીને સ્વિટ્ઝરલૅંડમાં નોકરી અર્થે ગઈ, અને ત્યાં એટલાં બધાં વર્ષ રહી કે ત્યાં એને સાઈ ગયું, ત્યાંની ભાષા એને પારકી લાગતી મટી ગઈ, અને તે ઢોર ચારવા જતી ત્યારે પોતાનું પ્રિય બ્રેગેન્ઝ નગર કઈ દિશાએ હશે તે વિચારતી આમતેમ આંખ ફેરવતી આળસી ગઈ. તો પણ પોતાના શેઠનાં છોકરાંને તે સ્વદેશનાં ગીત સંભળાવતી, અને રાતે પ્રાર્થના કરતાં નાનપણમાં શીખેલા શબ્દો જ એને હોઠે ચડતા.

એક વાર એકાએક તે ચાકરી કરતી હતી તે ઠેકાણે લડાઈ ને ધીંગાણાની વાતો ચાલવા મંડી; પુરુષો વધારે કઠોર બન્યા, સ્ત્રીઓ કાંતવાની ને ઘરકામની વાત નહોતી કરતી, અને નાનાં છોકરાં પણ એકલાં બહાર રમવા જતાં ડરવા લાગ્યાં. એક રાતે સ્ત્રીઓ ને પુરુષોની સભા થઈ, ત્યાં શત્રુના ગઢ બ્રેગેન્ઝ ઉપર ગુપ્ત રીતે ચડાઈ કરવાની યોજના ઘડાણી. એ સાંભળીને ટીરોલની છોકરીનો તો જીવ જ ઊડી ગયો, અને એના અંતરમાંથી નાદ આવ્યો, કે 'તું નિકળી પડ, બ્રેગેન્ઝને બચાવી લે, ને પછી, જરૂર પડે તો મરી જા.' એ ઉતાવળી ઉતાવળી કોડમાં ગઇ, જેને એ રોજ ખાણ દેતી તે બળવાન ધોળા ઘોડાને એણે છોડ્યો, તેના ઉપર એ ચડી, અને તેનું માથું બ્રેગેન્ઝની કોર વાળ્યું. અંધારામાં ઘોડો વાજતેવાજ ઊડ્યે જાય છે. એમ કરતાં કરતાં રાઇન નદી આવી, એની ગર્જના છોકરીએ સાંભળી. કાંઠો ઊભો ને ઊંચો હતો એટલે ઘોડો બીકથી પાછો હઠ્યો, પણ તરત નદીમાં કૂદી પડ્યાં. અંધારામાં કાંઈ સૂઝતું નહોતું, ઘોડાની કેશવાળી ઉપર પાણી આવી ગયાં, પણ અંતે સામો કાંઠો આવ્યો એના ઉપર ઘોડો ચડી ગયો. વળી ઘોડો દોડ્યો ને અર્ધી રાતે કુમારિકા બ્રેગેન્ઝ પહોંચી. બ્રેગેન્ઝ બચી ગયું. દિવસ ઊગ્યા પહેલાં ગામના રક્ષકો કોટ ઉપર સાવધાનપણે ગોઠવાઈ ગયા. શત્રુનું લશ્કર આવ્યું, પણ એનું કાંઇ વળ્યું નહિ.

ત્રણસો વર્ષ પહેલાંની આ વાત છે; પણ નગરની રક્ષા કરનારી કુમારિકાને માનાર્થે ટેકરી ઉપર ચણેલો પત્થરનો દરવાજો હજી ઊભો છે. અને રાતે ચોકિયાત આંટા મારે છે તે મધરાતે વીર કુમારિકાનું ચિરસ્મરણીય નામ પોકારે છે.

(**માર્ટિન**ના અવતારણ ઉપરથી) **દેસાઇ વાલજી ગોવિન્દજી**

પંચતંત્રની વાર્તાઓ

ચોથું તન્ત્ર · લબ્ધનાશ

હવે આ લબ્ધનાશ નામે ચોથું તન્ત્ર આરંભાય છે, જેનો આ પહેલો શ્લોક છે:

મળેલી વસ્તુ જે છોડે મોહથી સાન્ત્વકારણે।
છેતરાય સદા જેમ છળ્યો મગર વાનરે॥


રાજપુત્રો કહે, 'એ કેમ?' વિષ્ણુશર્મા બોલ્યા:

સમુદ્રકાંઠે જાંબૂનું મોટું ઝાડ હતું, ત્યાં રક્તમુખ નામે વાનર રહેતો હતો. એક દિવસ કરાલમુખ નામે મગર સાગરમાંથી નિકળી એ ઝાડ નીચે બેઠો, એને અતિથિ જાણીને વાંદરાએ અમૃતતુલ્ય જાંબૂ ખાવા આપ્યાં. આમ પરિચય થયો એટલે મગર નિત્ય ઊડીને ત્યાં આવે, વાનર એને જાંબૂ આપે ને બેય જણા જાંબૂની છાયામાં બેસીને ગોઠડી કરે. ખાતાં વધેલાં જાંબૂ મગર ઘેર લઈ જાય ને પત્નીને આપે એક દિવસ પત્નીએ પૂછ્યું, 'નાથ, આવાં મધુર ફલ તું ક્યાંથી આણે છે?' મગર કહે, 'ભદ્રે, રક્તમુખ નામે વાનર મારો પરમ મિત્ર છે તે પ્રીતિપૂર્વક આ ફળ આપે છે.' તે બોલી, 'જે સદાય આવાં અમૃત-ફલ ખાય એનું કાળજું અમૃતમય હશે, એટલે તારે જો મારું કામ હોય તો વાનરનું હૃદય મને આણી દે.' મગર કહે, 'એક તો એ મારો ધર્મનો ભાઈ છે, વળી ફળદાતા છે. એને કેમ મરાય? એટલે આ દુરાગ્રહ છોડી દે.' મગરી કહે, 'તેં મારું વચન કદાપિ ઉથાપ્યું નહોતું, એટલે આ વાનરી હશે. એના ઉપર તને અનુરાગ છે, એટલે આખો દિવસ તું એની આગળ રહે છે. ગમે તેમ પણ એનું હૃદય ખાવા ન મળે તો હું અનશનથી પ્રાણ તજીશ.'

હવે શું કરવું, વાનરને કેમ મારવો એનો વિચાર કરતો મગર વાનર પાસે ગયો. વાનરે પૂછ્યું, 'આજ કેમ મોડો આવ્યો? ને કેમ આનંદથી બોલતો નથી, તથા સુભાષિતપાઠ કરતો નથી?' મગર કહે, 'આજ તારી ભોજાઈએ મને કહ્યું કે તમે રોજ રોજ વાનર આગળ જાઓ છો તો આજ એને આપણે ઘેર તેડી આવજો. એટલે ચાલો આપણે ઘેર.' વાનર કહે, 'તમારું ઘર તો પાણીમાં છે ત્યાં હું કેમ કરીને આવું?' મગર કહે, 'સમુદ્રની વચ્ચે બેટ છે ત્યાં અમારું ઘર છે, એટલે મારી પીઠે ચડીને તું આવ.' એટલે વાનર મકરારૂઢ થયો ને મગર ચાલી નિકળ્યો. અગાધ પાણી આવ્યું એટલે મગરે વિચાર કર્યો: 'હવે આ મારે વશ છે, એટલે મારો અભિપ્રાય એને જણાવું, જેથી ઈષ્ટદેવતાનું સ્મરણ કરે.' અને એ બોલ્યો, 'મિત્ર, પત્નીના કહેવાથી હું તને મારી નાખવા લઈ જાઉં છું, એટલે ઈષ્ટદેવને સંભારી લે.' વાનર કહે, 'ભાઈ, મેં તારું કે એનું શું બગાડ્યું છે જેથી મારો વધ કરવા ધાર્યું છે?' મગર કહે, 'અમૃતફળભક્ષણથી મીઠું બનેલું તારું કાળજું એને ખાવું છે.' પ્રત્યુત્પન્નમતિ વાનર કહે, 'ભદ્ર, એમ છે, તો મને ત્યાં જ કહેવું હતું ને, એટલે જાંબૂની બખોલમાં મારું કાળજું સાંચવીને રાખું છું તે ભાભીને સારુ આણત. અને આ ઠીક કહ્યું છે:

પહેલાં છોડતા કાર્ય ને પછી પ્રાર્થના કરે।
તેને લોકો હસે સર્વે પલાંડુચોરને યથા॥'

મગર કહે, એ કેમ? તે બોલ્યો:



મગર કહે, 'સમુદ્રની વચ્ચે બેટ છે ત્યાં અમારું ઘર છે, એટલે મારી પીઠે ચડીને તું આવ.'

કથા ૧ (તન્ત્રાખ્યાયિકની)

કોઇ એક નગરમાં ડુંગળીનો ચોર ઝલાઈ ગયો, એને બાંધીને રાજદ્વારે લઈ આવ્યા. ધર્માધિકારીએ એને કહ્યું, 'ભદ્ર, સો રૂપૈયા દંડ દે, અથવા સો ચાબખા ખા, અથવા સો ડુંગળી ખા. બીજી રીતે તારી મુક્તિ નહિ થાય.' મૂઢમતિ ચોર કહે, 'ડુંગળી ખાઈશ. એમ કહીને સાતઆઠ ડુંગળી ખાધી ત્યાં નાક ને આંખમાં પાણી આવી ગયાં તથા ફીણથી મોં પૂરાઇ ગયું, એટલે કહે 'ડુંગળી ખાવા હું સમર્થ નથી, રૂપૈયા પણ અપાય એમ નથી, એટલે ચાબખા ખાઈશ.' હવે થોડાક ચાબુક માર્યા ત્યાં તે બોલ્યો, 'એ મારાથી નહિ સહન થાય, એટલે હું રૂપૈયા આપીશ.' આમ એ ઉપહાસપાત્ર બન્યો તથા શરીરે પીડા ભોગવી.

એટલે હું કહું છું: 'પહેલાં છોડતા કાર્યં' ઇતિ. બાકી આગળ ઠાલે હાથે આવીને હું શું કરીશ?'' મગર કહે, 'તો કાંઠે જઈને ઝટ કાળજું લઇ આવીએ.' એમ કરીને એ સમુદ્રકાંઠે પાછો આવ્યો, ને વાનર કૂદીને ઝાડની શાખાએ ચડી બેઠો. મગર કહે, ચાલો. વાનર કહે, 'મૂર્ખા, શરીર બહાર હૃદય રહેતું હશે ખરું કે? હવે જા તારે ઘરે, અને આ જમ્બૂવૃક્ષ નીચે ફરીને આવતો નહિ.'

(ચાલુ)

દેસાઇ વાલજી ગોવિન્દજી

શ્રી અનંત કાણેકરનો નિબંધ

કાનમાં અને મનમાં

માણસના મનમાં ઘણા વિચારો હોય છે; પણ કેટલીક વાર તે એને જ સ્પષ્ટ થયા હોતા નથી. પરંતુ તે વિષે બીજા કોઇ જોડે ચર્ચા કરવાનો અવસર આવે તો એ વિચારો સ્પષ્ટ કરી બતાવવાની એને ફરજ પડે છે. અને બીજાને એ પોતાના વિચાર સમજાવે ત્યાર પહેલાં તે તો એને પોતાના મનમાં એ સ્પષ્ટ કરવા પડે છે.

ગણુકાકા વખતે-કવખતે મારી જોડે વાદવિવાદ કરે છે, તેથી મને બીજો કોઈ લાભ ન થતો હોય, તોપણ એક લાભ તો જરૂર થાય છે: મારા પોતાના જ વિચારો મારી આંખ આગળ અધિક સ્પષ્ટતાથી ખડા થઈ શકે છે.

પરમ દહાડે કોઈ એક વિદ્વાન સાહિત્યકારનું 'હળવું સાહિત્ય અને સમાજસુધારો' એ વિષે એક જાડું ભાષણ સાંભળી ગણુકાકા ઘેર આવ્યા; અને પેલા સાહિત્યકાર એમના પંજામાંથી સલામત છટકી ગયા હતા એટલે મારા પર જ સવાલોનો મારો શરૂ કર્યો!

'હું કહું છું,' એઓ જુસ્સાથી બોલવા મંડયા, 'તમારી નવલિકા અને નવલકથાઓથી શો સમાજસુધારો થવાનો હતો? પથરા? પુનર્લગ્ન વિષેની નવલકથાઓના પ્રકાશન પછી કેટલાંક પુનર્લગ્ન થયાં, કહી શકશો? અને દારૂબંધી વિષેનાં તમારાં નાટકો જોઇ કેટલાક લોકોએ દારૂ મૂકી દીધો? મોટામોટા સમાજસુધારકો સમાજને સુધારવાનું કાર્ય કરી મોટાપણું મેળવે છે એટલે આ સાળા નવલિકાઓ ને કાવ્યો ઘસડવાવાળા કહેવા લાગ્યા છે કે અમે ય મોટા છીએ, અમે ય સમાજસુધારો કરીએ છીએ.'

'ચાલો કાકા, થોડી વાર એમ જ માની લઉં કે તમારું કહેવું વ્યાજબી છે;' હું બોલ્યો, 'પણ તમારા મોટામોટા સમાજસુધારકો સુધારાનું કાર્ય કરે છે એમ તમે કહ્યું, તે તેઓ કેવી રીતે કરતા હશે? આ તો માહિતી માટે જ પૂછું છું.'

'તું ભોળો છે એવો ડોળ કરી મને અડાવી શકીશ એવું રખે માનતો.' કાકા બોલ્યા, 'તારા આ સવાલનો પણ જવાબ હું આપી શકું છું. ભાષણો કરી અથવા લેખ લખી પુનર્લગ્નનું કે દારૂબંધીનું મહત્ત્વ તેઓ લોકોને પૂરેપૂરું સમજાવે છે; અને આ કાર્ય પૂર જોસથી ચાલુ રહે એ ખાતર તેઓ જુદીજુદી સંસ્થાઓ સ્થાપે છે, એ વાત જ જુદી.'

'એટલે એમ, કે આવી સંસ્થાઓ સ્થાપતા પહેલાં કે સ્થપાયા પછી પણ ભાષણોથી કે લેખોથી, એટલે ભાષાનું સાધન વાપરીને જ, આ લોકો પોતાનું કાર્ય કરે છે.' હસતાંહસતાં મેં કહ્યું. 'અને લેખક બીજું શું કરે છે? પુનર્લગ્ન પર શોકાન્ત નાટક લખી અથવા દારુડિયાના સંસારનું વિદારક ચિત્ર આલેખી તે એ જ સાધન વડે લોકોના માનસ પર અસર કરે છે!'

'એ જ તો મારી તકરાર છે.' ગણુકાકાએ ઘાંટો પાડી કહ્યું, 'અરે ભાઈ, દારૂનાં પરિણામ કેવાં ભયંકર આવે છે અથવા પુનર્લગ્ન સમાજનું કેટલું હિત કરી શકે એ લોકોને સીધેસીધું કહી દેવાની શક્યતા હોવા છતાં, તમે લોકો એ જ કહેવા ખાતર નાટકો લખી રંગભૂમિ પર ભજવવાનો અને નવલકથાઓ છપાવી બહાર પાડવાનો ખરચનો અનો ત્રાસનો અવળો રસ્તો સ્વીકારો છો!'

ગણુકાકાના શબ્દ સાંભળી કોઈના પણ મનમાં એવો સવાલ ઊભો થશે કે, જીવનનું એકાદ સત્ય સીધેસીધું સંભળાવી દેતો પ્રચારક અને એ જ સત્ય કહેવા ખાતર લાલિત્યભરી કૃતિનું આલંબન લેતો કળાકાર, એ બેમાં, જમણે હાથે ડાબી કાનપટ્ટી પકડવા મથનાર કળાકાર ગાંડો જ નહિ તો શું? એક ક્ષણભર મને પણ એમ જ થયું. પણ એટલામાં મને એક વાત સાંભરી. એક વિખ્યાત યુરોપિયન નટ વિષેની એ એક કથા છે. એક બુદ્ધિશાળી માણસને પોતાની પત્નીના ચારિત્ર્ય વિષે અકારણ જ શક પડ્યો હતો. એને હરેક પ્રકારથી સમજાવવા એના મિત્રો મથી રહ્યા હતા, ને એની પત્ની નિરપરાધ છે એમ પોતાથી બનતું કરી પુરવાર કરી બતાવતા હતા. પણ એના પર આ કશાની અસર ન થઈ. પછી એક દિવસ એને સાથે લઈ અમસ્તા જ એ લોકો એક નાટક જોવા ગયા. અદેખાઇનો જ વિષય એ નાટકમાં ચીતરેલો હતો. નાટકમાં મુખ્ય કામ કરતા નટનું કાર્ય તે દિવસે એટલું સરસ થયું કે પેલો જુવાન દેહભાન ભૂલી જઈ સ્ટેજ પર દોડી ગયો અને નાહક પોતાની પત્ની વિષે શક લાવવા માટે પોતાને હવે ખૂબ જ પસ્તાવો થાય છે એમ પેલા નટને કહેવા લાગ્યો! કોઈક રંગભૂમિના ઇતિહાસમાં આ વાત વાંચ્યાનું મને ચોક્કસ સાંભરે છે.

પ્રચારકે કહેલું સત્ય અને કળાકારે કહેલું સત્ય એમાં આ જ ફેર હોય છે. જીવનમાંની એકાદ દુઃખદ કે સંતાપકારક ઘટના પ્રચારક જુએ છે અને એને થએલું દુઃખ કે સંતાપ તે આપણને કહે છે; અને એનું દુઃખ કે સંતાપ જોઈ આપણને પણ દુઃખ થાય છે અથવા આપણે ગુસ્સે થઇએ છીએ. આમ અપ્રત્યક્ષ રસ્તે એ બનાવ આપણા મન પર અસર કરે છે. એ જ બનાવને સજીવન કરી કળાકાર આપણી આંખ આગળ ખડો કરી દે છે, ને એના પ્રત્યક્ષ અનુભવથી આપણે દુઃખિત અથવા સંતપ્ત થઇએ છીએ. આ રીતે કલાનો માર્ગ સીધો છે. જીવનનું સત્ય પ્રચારક તમારા કાનમાં કહે છે; કલા એ જ સત્ય તમારા મનમાં કહી દે છે!

વસન્ત જોષી

Our Friends Abroad

—આ પત્રમિત્ર મેળવનાર પ્રવીણુસાગર લવજીભાઈ ત્રિવેદી—અમદાવાદ

Frank C. Bancroft Jr., Provincetown Mass. (U. S. A.)
July 20, 1939.

પ્રિય પ્રવીણ,

મેરી અને અમારો પુત્ર કાર્ટર, તથા મેરીની માતા ને મારી બેન જૂન અને તેના પતિ તથા તેનો નાનો પુત્ર જૉન વગેરેની સાથે હું દરિયાકાંઠા ઉપર આખો મહિનો આનંદથી વિતાવું છું. અમને સૌને અહીં સાથે રહેવામાં કોઈ ઓર આનંદ આવે છે, અને શહેરનાં ધાંધલિયા જીવનમાંથી દૂર હોવાથી આરામ મળે છે.

ગઈ રાતના કેટલાક મિત્રોએ મને હિંદ વિષે બોલવા કહ્યું. એવે વખતે હું હિંદ વિષે home-sick થઇ જાઉં છું, ને ત્યાં આવવાની તીવ્ર ઇચ્છા થઈ આવે છે. આ જોકે હમણાં અશક્ય છે, પરંતુ હું લખી તો શકું છું.

તારા પત્રોનું સ્વાગત ઘણી સારી રીતે થાય છે. હાલ તો ઘણા મિત્રોમાં તું જ એક છે કે જેની સાથે હું પત્રવહેવાર રાખું છું. બિનોય ચૅટરજી જોડેનો પત્રવ્યવહાર હું ખોઈ બેઠો છું. એથી હું ઘણો જ નાખુશ થયો છું, કારણકે મને તેના પર પ્રેમ છે. હું ધારૂં છું બધા લોકોની ટેવ એવી જ હોય છે કે આસપાસ જેવી પરિસ્થિતિ પ્રવર્તે છે તેમાં લય થઇ જાય છે. પરંતુ હું તો લખવાનો જ છું; કારણકે તારી તથા હિંદુસ્તાન જોડેનો વ્યવહાર હું ખોવા માગતો નથી.

જો આપણે ફરી અગાઉની જેમ શાન્તિનિકેતનમાં મળીએ ને આખું અઠવાડિયું સાથે ગાળીએ તો શું કરીએ તેની હું મીઠી કલ્પનાઓ કરૂં છું. પહેલે દિવસે આપણે તારા તથા તારા કુટુંબ અને તારા મનોરથો બાબતની વાત કરીશું; બીજે દિવસે હું જે કંઈ કરૂં છું તે બાબત; ત્રીજે દિવસે હિંદુસ્તાનની રાજકીય બાબત, જે વિષે તું ઘણું કહી શકશે; ચોથે દિવસે અમારા અહીંના રાજકીય વાતાવરણ વિષે હું કહીશ; પાંચમે દિવસે બંગાળની રમ્ય ભૂમિમાં લાંબે ચાલીશું; છઠ્ઠે દિવસે આશ્રમમાં ફરીને જૂના તથા નવા મિત્રોને મળીશું; અને સાતમે દિવસે ઠીક પડે તેમ વર્તીશું. અઠવાડિયું એવી રીતે ગાળ્યું હોય તો?

ડૉ. હૅરી તથા રેબેકા ટિમ્બર્સે એક ચોપડી છપાવી છે તે તારા જાણવામાં આવ્યું હશે? ડૉક્ટરે તેનો થોડો ભાગ મૃત્યુ પહેલાં લખ્યો હતો; બાકીનો તેનાં પત્નીએ પાછળથી લખ્યો છે. રશિયા બાબત એ લખાણ છે. પુસ્તકનું નામ છે 'We didn't ask Utopia.' હું ઇચ્છું છું કે તું તે ગમે ત્યાંથી મેળવીને વાંચ. હું તેના નામ વિષે સમજાવું. કોઇ પ્રચારપક્ષના માણસે અમેરિકામાં 'Assignment in Utopia' પર લખ્યું છે. તેણે રશિયાને મશ્કરી રૂપે નામ આપ્યું યુટોપિયા—કાલ્પનિક સંપૂર્ણ સમાજ. તેની કિતાબ એ મહાન દેશ વિષેનાં જુઠાંણાંથી ભરપૂર છે. ટિમ્બર્સની કિતાબનો એ અર્થ છે કે તેઓએ રશિયામાં જતાં જોયું તો તેઓએ સંપૂર્ણ સમાજની આશા ન સેવી. તેઓએ ત્યાં જરૂર એક આશ્ચર્યકારક નવો સામાજિક પ્રયોગ જોયો. તે ત્યાંના રોજિંદા જીવનનો હૂબહૂ ચિતાર આપે છે.

તું પણ ત્યાં અમારી જેમ આંતરરાષ્ટ્રીય પરિસ્થિતિ ઘણા જ ખંતપૂર્વક જોતો હશે. અમોને ઘણી દિલગીરી થાય છે કે અમારી કૉંગ્રેસ મધ્યસ્થપણાનો કાયદો પસાર કરવામાં નિષ્ફળ ગઈ છે—જેનાથી અમારા પ્રમુખને દ્રોહી દેશોને કહેવાની તથા તેમને લડાઈના સરંજામ—પુરવઠો ન મોકલવાની સત્તા મળતે. અમેરિકાની મોટી શરમ છે કે લડાઇનો નેવું (૯૦) ટકા જેટલો માલ જાપાન ઘસડી જાય છે. એ અમેરિકન જ લોહું છે કે જે ચીની સ્ત્રી પુરુષો તથા બાળકોનાં હૃદયમાં હવાગાંથી ચીચિયારીઓ કરતું પેસે છે.

અહીંના મજદૂર પક્ષના મોવડીઓ જાપાન, જર્મની તથા ઈટલીના લડાઇના પુરવઠિયાં-વહાણોને બારામાં ન ઢૂકવા દેવા તનતોડ પ્રયાસ કરી રહ્યા છે. થોડા વખત ગાટે અમો હાર્યા છીએ, પરંતુ તું ત્યાં તો જાણે છે કે આજની હાર સતત કાર્ય તથા દૃઢ નિશ્ચયથી આવતી કાલે જીતમાં પરિણમે છે. આવું હિંદુસ્તાનગાં ઘણીવાર બને છે, અને અમારે તમારી પાસેથી શીખવાનું છે. ગને ચોક્કસ આશા છે કે તમારે ત્યાંના પક્ષો થોડાં વર્ષોમાં જ મતભેદ દૂર કરી સ્વરાજ્ય આણશે. તે માટે એ અનિવાર્ય છે કે ખૂબ સહનશીલતા તથા અન્યોન્યની સમજણ મેળવવી જોઇએ. તે ગાટે દરેક સમૂહનો બનેલો એક મહત્ત્વનો રાષ્ટ્રીય મોરચો હોવો જોઇએ કે જેઓ કબૂલ થાય કે હિંદુસ્તાન સ્વતંત્ર થઇને પોતાની જિંદગી માણી શકે ને પોતાનું કલેવર ઘડી શકે.

હવે અમારા કુટુંબ બાબત એકબે વાત કહું. કાર્ટર અઢી વર્ષનો થયો છે. બહુ જ સુંદર, આનંદી ને તંદુરસ્ત છોકરો છે. અમે તેના માટે ઘણાં ગગરૂર છીએ અને જો તેના પ્રવીણકાકા તેને જુએ તો તે પણ મગરૂર થાય. તેનો ફોટો નથી, પરંતુ ફોટો પાડીશ ત્યારે જરૂર મોકલીશ. જો એકબે દિવસમાં ફોટો લઇશ તો આ કાગળ સાથે જ મોકલીશ. મેરી સામાજિક કાર્ય કરે છે, તેને એ બહુ જ ગમે છે.

મને આશ્ચર્ય છે કે હજુપણ તું મીલ ઉદ્યોગના એક કારકૂન તરીકે જીવે છે! ગને ખાત્રી છે કે એ તારા સ્વભાવને અનુકૂળ નહિ જ હોય; પરંતુ આજીવિકા માટે કરવાનું રહ્યું. કોઈ એવી સામૂહિક મદદકર્તા સંસ્થા હોય કે જેની અંદર દરેક મનુષ્ય સૌના પ્રગતિકારક કાર્યમાં પોતાનું ઈચ્છાયુક્ત કામ સ્વતંત્રપણે કરી શકે! એ સ્વપ્ન સિદ્ધ થયે કેટલો આનંદ થાય? આ જાતની સંસ્થા માટે આપણે મથવાનું છે. એ આપમેળે નહિ જન્મે. દરેક ચઢતી—ઉન્નતિ એક યા બીજી રીતે મથવા—કાર્ય કરવા—થી જ મળે છે.

તેં કૉંગ્રેસ (મહાસભા) વિષે ઠીક માહિતી આપી. તે મેં મારા મિત્રોને બતાવી અને તેઓએ તે સારીરીતે આવકારી છે.

બળવંત તથા તારાં પિતા તથા માતાને મારાં ઘટિત કહેજે. મારો તેમને મળવાનો અધિકાર ન હતો, પરંતુ મને હવે થાય છે કે તેમના પુત્રોમાંનો એક હું પણ છું, જ્યારથી હું તારો મોટો ભાઈ થયો છું.

અત્યારે તો હું અટકું, કારણકે અમે વનભોજન (picnic) પર જઇએ છીએ. અમારા સૌનો તને પ્રેમ પાઠવીએ છીએ. જો હું તરત કાગળનો જવાબ ન આપું તો ધારતો નહિ કે હું ભૂલી ગયો છું. મને કામનો બહુ બોજો છે, અને કોઈવાર મહિનાઓ સુધી પણ હું લખતો નથી. કોઈ દિવસ જરૂર આપણે અમેરિકા કે હિંદુસ્તાનમાં મળીશું. તે અત્યારે અશક્ય લાગશે, પરંતુ એમ નથી જ.

તારો વ્હાલો બંધુ
બેનીદા


ફ્રેન્ક બૅન્ક્રૉફ્ટ (બેનીદા), તેની પત્ની મેરી અને પુત્ર કાર્ટર



માધુકરી

હંસતે હંસતે જીના..... ઓ જીને વાલે.
આંસુ તેરે છલક ન આયે, છલક છલક કર ઢલક ન જાયે
આંખોંમેં હી પીના..... ઓ જીને વાલે.—હંસતે૦

સૂરજ કભી ન ડૂબે તેરા, જબ તૂ જાગે તભી સબેરા,
તેરા બદલે રંગ કભી ના.....ઓ જીને વાલે.—હંસતે૦

બિજલી તુઝકો રાહ બતાયે, બાદલ યહ સંદેશ સુનાયે:
સુખકે સ્વરમેં બજા આવ રે અપની જીવનબીના.....ઓ જીને વાલે.

(પુનર્મિલન)

—કવિ 'પ્રદીપ'

લાલા શિવરામ કાશ્યપ, રાયબહાદુર

એમ. એસસી. (પંજાબ), બી. એ. (કેમ્બ્રિજ), ડી. એસસી. (પંજાબ), આઇ. ઇ. એસ., એફ. એ. એસ. બી.

તક્ષશિલાના વિદ્યાપીઠમાં બાર વર્ષ રહી, આયુર્વેદ અને એના અંતર્ગત વનસ્પતિશાસ્ત્રનો અભ્યાસ પૂરો કરી, ગુરુકુલનો ત્યાગ કરવા તત્પર થયેલો જીવક, ગુરુ પાસે વિદાય માગવા ગયો. શિષ્યના જ્ઞાનરાશિનો તાગ કાઢવા, ભિક્ષુ આત્રેયે એને તક્ષશિલા ફરતા ચારચાર જોજનમાં ઊગતી પ્રત્યેક વનસ્પતિના સંગ્રહ, સ્વરૂપદર્શન ને ગુણદોષનું વિવરણ પૂછયું, ને જીવકે એના યથામતિ ઉત્તર આપી ગુરુને સંતુષ્ટ કર્યા.

એ વાતને આજે અઢી હજાર વર્ષ થયાં છે. એ પછી તો જીવકસમા શાસ્ત્રજ્ઞોની પરંપરા ચાલી: અગ્નિવેષ ને જંતુકર્ણ; ભેલ ને હારિત; ચરક ને સુશ્રુત; ધન્વંતરિ ને નાગાર્જુન. વનસ્પતિઓનાં અંગઉપાંગની ચર્ચાને ગૌણ સ્થાને રાખી, આ તત્ત્વવિદોએ મનુષ્યના હિતાહિતની દૃષ્ટિએ વનસ્પતિવિદ્યા ખેડી હતી. પરંતુ બૌદ્ધ ધર્મના અસ્ત સાથે ભારતીય વિદ્યાઓનો પણ અસ્ત થયો. એમાં અનેક શાસ્ત્રો ભેગી વનસ્પતિશાસ્ત્રમાં પણ જડતા આવી ગઇ. નવીન મર્મોના આવિષ્કારોને બદલે જૂનાને સંઘરી સાચવી રાખવામાં જ પુરુષાર્થ મનાવા લાગ્યો.

આ જડતાનો અંત આવ્યો ઓગણીસમા શતકના આરંભકાળે. એક હજાર વર્ષની અંધકારભરી નિષ્ક્રિયતા પછી અંગ્રેજી રાજ્યના ઉદય સાથે ભારતીય વનસ્પતિવિદ્યાનો પુનઃ ઉદય થયો. યુરોપિયનોના હાથે આ પુનરુદ્ધારનું જૂનામાં જૂનું સ્મરણ તો સને ૧૫૭૮માં છપાયલા, એકોસ્ટા નામના લેખકના ભારતવર્ષની વૈદકીય વનસ્પતિઓ વિષેના લેખમાં મળી આવે છે; તેમજ એકોસ્ટા પછી કેટલાક છૂટા છવાયા પ્રયત્નો પણ થયા છે. છતાં આ નૂતન યુગપરિવર્તનનો યથાર્થ ઉદય તો થયો લીનીઅસના શિષ્ય કોએનીગના આગમન સાથે. ૧૭૬૮માં એ મદ્રાસથી દોઢસો માઇલ છેટે આવેલા ટ્રાન્કોબારની ડેનિશ વસાહતમાં આવ્યો. આવીને એણે દક્ષિણ ભારતમાં હેઇન, ફ્લેમિંગ, અન્ડરસન, બ્યુકાનન, ભારતવર્ષની વનસ્પતિના પિતામહ મનાતા રૉકસબર્ગ અને બંગાળની એશિયાટિક સોસાયટીના ઉત્પાદક ખ્યાતકીર્તિ સર વિલિયમ જોન્સ, વગેરેના સહકારથી, વનસ્પતિઓનો સંગ્રહ અને વિનિમય કરવાના હેતુથી 'યુનાઇટેડ બ્રધરહૂડ' નામનું મંડળ કાઢયું. કેવળ રોગશમન પૂરતો પરિચય કરી સંતોષ માનવાની પ્રાચીન પ્રથા છોડી દઇ, વનસ્પતિઓનાં અંગઉપાંગો ને પરસ્પરના સાધર્મ્ય-વૈધર્મ્યના વિવેક દ્વારા વર્ગીકરણાદિના અભ્યાસની નવીન પ્રણાલિકાનો એ દિવસથી ભારતવર્ષમાં આરંભ થયો અને ૧૮૪૮માં સર જોસેફ ડૉલ્ટન હૂકરના ભારતનિવાસથી પરાકાષ્ટાએ પહોંચ્યો.

આ રીતે સને ૧૭૮૭માં ભારતવર્ષની વનસ્પતિઓનાં પાશ્ચાત્ય પદ્ધતિએ અભ્યાસ, અવલોકન અને સંશોધનનો આરંભ તો થયો, પરંતુ એ બધું કરનાર કેવળ પરદેશીઓ જ હતા. ભારતવાસીઓનો એમાં ફાળો હોય તો તે અંગ્રેજોના આદેશાનુસાર વગડામાંથી છોડ વીણી લાવવા પૂરતો જ. પચાસ પચાસ વર્ષથી આપણા દેશમાં વિદ્યાપીઠો સ્થપાયાં હતાં, છતાં વીસમા શતકના આરંભકાળનાં દસ પંદર વર્ષો સુધીમાં પણ વનસ્પતિવિદ્યા વિષેના સ્વતંત્ર અભ્યાસ તેમજ મહત્ત્વના આવિષ્કારો અને સંશોધન તો બધાંય અંગ્રેજ વગેરે પરદેશીઓના નામે જ ચઢયાં હતાં.



પરંતુ ત્યાર પછી ભારતીય વિદ્વાનોમાં વનસ્પતિશાસ્ત્રના અભ્યાસની તમન્ના જાગી અને સ્થળે સ્થળે નવીન સંશોધનોનો ફાલ આવવા લાગ્યો. અનેક સદીઓ સુધી કુણ્ઠિત રહેલી ભારતીય સંશોધક-

બુદ્ધિના વિકાસના આ નવીન યુગના આદિ પુરુષ તે રાયબહાદુર લાલા શિવરામ કાશ્યપ. આજના યુગના સૌથી વધુ પ્રસિદ્ધ અને અત્યંત પ્રતિભાવાન એ વિદ્વાનના અકાલ અવસાનથી ભારતવર્ષનો ખોળો ખાલી પડી ગયો અને જગતે એક પ્રખર વનસ્પતિવિદ્ ગુમાવ્યો.

મોટાઇની રજ પણ તૃષ્ણા રહિત, પરમ પરમતસહિષ્ણુ, કેવળ જ્ઞાનની ઉપાસના અર્થે જ અવતાર ધારણ કરનાર આ વનસ્પતિ-વિદાંવર ગુરુની ચરણરજ સેવીને, એમના શિષ્યમંડળે ભારતીય વનસ્પતિવિદ્યાની કીર્તિ દિગન્તગા કરી છે. ઉત્તર ભારતનાં વિદ્યાપીઠોમાં આ વિષયના પ્રથમ પંક્તિના પ્રાધ્યાપકોમાંના નેવું ટકા તો એમના જ અન્તેવાસી છે. એમના જેટલા 'પ્રોફેસરો' ઉત્પન્ન કરનાર અન્ય ભારતીય વૈજ્ઞાનિક તો ડૉ. રામન એકલા જ. અશેષ ભારતવર્ષમાં સ્થળે સ્થળે વનસ્પતિવિદ્યાની આરાધના અને ઉદ્ધારનું જે તીવ્ર આંદોલન આજે ચાલી રહ્યું છે, એ શાસ્ત્રનું જે ગૌરવ આંતઃરાષ્ટ્રીય ખ્યાતિ ભોગવતું આજે નજરે પડે છે, એ કેવળ ડૉ. કાશ્યપની પ્રેરણા અને વિદ્યાદાનનો જ પરિપાક છે. એમના પ્રભાવથી પંજાબ આજે વનસ્પતિ-વિદ્યાનું મધ્યવર્તી કેન્દ્ર બની બેઠું છે.

ડૉ. કાશ્યપનો જન્મ પંજાબના ઝેલમ ગામમાં એક કાયસ્થ કુટુંબમાં તા. ૬ નવેમ્બર ૧૮૯૨ના દિવસે થયો હતો. એમના કુટુંબમાં લશ્કરી નોકરી કરવાનો રિવાજ હતો, પરંતુ ભારતવર્ષના સદ્ભાગ્યે શિવરામે એ પરંપરા તોડી અને નિશાળમાં પગ મૂક્યો. સને ૧૮૯૯માં એમણે પંજાબ વિદ્યાપીઠની મૅટ્રિકની પરીક્ષા આપી અને ૧૯૦૦માં આગ્રાની મેડિકલ સ્કૂલમાં દાખલ થયા. ત્યાંનો અભ્યાસ પૂરો કરી ૧૯૦૪માં એમણે દાક્તરી ડીપ્લોમા મેળવ્યો અને સંયુક્ત પ્રાંતમાં સરકારી નોકરીમાં જોડાયા. દાક્તરની પરીક્ષામાં એ પ્રથમ સ્થાને આવેલા અને સર્વોત્તમ ચંદ્રક પણ મેળવેલો.

મેડિકલ સ્કૂલમાં હતા તે વખતે જ એમણે ખાનગી વિદ્યાર્થી તરીકે પંજાબ વિદ્યાપીઠની ઇન્ટરમીડીએટ સાયન્સની પરીક્ષા આપી અને આખા વિદ્યાપીઠમાં પ્રથમ સ્થાને આવ્યા. એમની પ્રતિભાથી આકર્ષાઇને વિદ્યાપીઠે એમને વિજ્ઞાનનો અભ્યાસ આગળ વધારવા શિષ્યવૃત્તિ આપવાનો ખૂબ આગ્રહ કર્યો, પણ શિવરામે એ લેવાની ના પાડી અને મેડિકલ સ્કૂલનો અભ્યાસ ચાલુ રાખ્યો. ૧૯૦૬માં દાક્તરની નોકરી કરતાંકરતાં એ ફરીથી ખાનગી વિદ્યાર્થી તરીકે પંજાબ વિદ્યાપીઠની બી. એસસી. ની પરીક્ષામાં બેઠા અને ફરીથી એ આખા વિદ્યાપીઠમાં પ્રથમ સ્થાને આવ્યા. એ વરસે એમણે દાક્તરી નોકરીનું રાજીનામું આપ્યું અને લાહોરની સરકારી કૉલેજમાં બાયોલોજીના મદદનીશ પ્રાધ્યાપક તરીકે જોડાયા. ૧૯૦૯માં એમણે વનસ્પતિશાસ્ત્રનો વિષય લઇ એમ. એસસી. ની પરીક્ષા આપી અને પુનઃ તે, એમ. એ અને એમ. એસસી. માં બેઠેલા તમામ વિદ્યાર્થીઓમાં પ્રથમ વર્ગમાં પ્રથમ સ્થાને આવ્યા, એટલું જ નહિ પણ પ્રથમ વર્ગમાં ય એમણે અસાધારણ ગુણ મેળવ્યા. એના પરિણામે એમણે મોંઘામાં મોંઘું, અત્યંત દુષ્પ્રાપ્ય ગણાતું પારિતોષિક—વિદ્યાપીઠના આર્નોલ્ડ અને મૅક્લૅગન સુવર્ણચંદ્રકો—મેળવ્યું. આટલું જ્વલંત વિદ્યાર્થીજીવન ભાગ્યે જ અન્ય ભારતીય વિદ્વાનનું હશે. વનસ્પતિશાસ્ત્રનો વિશેષ અભ્યાસ કરવા એ ૧૯૧૦માં વિલાયત ગયા અને કેમ્બ્રિજ વિદ્યાપીઠમાં ૧૯૧૨માં નૅચરલ સાયન્સ ટ્રાઇપોઝમાં ઑનર્સ ડીગ્રી મેળવી.

પરદેશથી પાછા ફર્યા કે તરત જ લાહોરની સરકારી કૉલેજમાં વનસ્પતિશાસ્ત્રના પ્રાધ્યાપક તરીકે એમની નિમણુક થઇ. થોડાં વર્ષ પછી પ્રાંતિક સરકારના કેળવણી ખાતાના ઉચ્ચ વિભાગમાં એમને દાખલ કરવામાં આવ્યા અને ૧૯૨૦માં મધ્યસ્થ સરકારે ઇન્ડિયન એડ્યુકેશનલ સર્વિસમાં એમને લીધા. સને ૧૯૧૯માં પંજાબ વિદ્યાપીઠે વનસ્પતિશાસ્ત્રની ઑનર્સ સ્કૂલની સ્થાપના કરીને એનું સુકાન કાશ્યપના હાથમાં મૂક્યું. એ પદ એમણે જીવ્યા ત્યાં સુધી સંભાળ્યું. એ જ વિદ્યાપીઠના ચુંટાયલા સભ્ય તરીકે એ ઘણાં વરસ રહ્યા.

ઇન્ડિયન સાયન્સ કૉંગ્રેસના સને ૧૯૩૭માં બૅંગ્લોરમાં ભરાએલા અધિવેશનના એ પ્રમુખ હતા. ૧૯૨૦માં સ્થપાએલી ઇન્ડિયન બૉટનિકલ સોસાએટીની સ્થાપના અને સ્થિરતા માટે એમણે અવ્યાહત પરિશ્રમ કર્યો હતો અને એ સંસ્થાના એ પહેલા મંત્રી પણ હતા. ૧૯૨૫માં એના એ પ્રમુખ થયા. વળી ઇન્ડિયન બૉટનિકલ જર્નલના એ પ્રધાન સંપાદક અને તંત્રી હતા. ૧૯૧૯માં મુંબઇમાં ઇન્ડિયન સાયન્સ કૉંગ્રેસનું અધિવેશન થયું ત્યારે વનસ્પતિવિભાગમાં એ પ્રમુખ હતા. એમની આ સર્વતોમુખી પ્રવૃત્તિઓની કદર કરીને પંજાબ વિદ્યાપીઠે સને ૧૯૩૩માં એમને વિજ્ઞાનની સેવાના બદલા રૂપ ડૉક્ટર ઑવ સાયન્સની માનવંત પદવી અર્પણ કરી.

વિદ્યાપીઠના જીવનની આટઆટલી પ્રવૃત્તિઓમાં રચ્યાપચ્યા રહેવા છતાં પણ સદ્ગત શિવરામે કાર્યક્ષેત્રમાં સંકુચિતતા આણી ન હતી, કે ન એમણે પ્રયોગશાળાની ચાર દિવાલો વચ્ચે ભરાઇ બેસવાનું ઉચિત ધાર્યું હતું. વનસ્પતિશાસ્ત્રની અશેષ શાખાઓના એ સર્વતંત્ર-સ્વતંત્ર વિદ્વાન હતા. એમાં પણ હિમાલયની વનસ્પતિઓ તો એમનો પ્રિયતમ વિષય હતો. એ વિષયનાં એમનાં અન્વેષણો એટલાં તો અમૂલ્ય અને તેજસ્વી હતાં કે યુરોપ તેમજ અમેરિકાના વનસ્પતિ-વિદોમાં એમણે ઊંચી પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી હતી. આજે પણ એ અન્વેષણોને વનસ્પતિશાસ્ત્રીઓ અત્યંત મોંઘો વારસો ગણે છે અને કાલની વેદી ઉપર એ જ એમની ચિરંજીવ સ્મૃતિ બની રહેશે.

એ સંશોધનો માટે સાહિત્ય એકઠું કરવા એમણે હિમાલયના બારબાર વર્ષ પર્યંતના પ્રવાસ દરમ્યાન, કાશ્મીરની પશ્ચિમ હદ પર આવેલા ઝોજીલાથી પૂર્વમાં ટાંગલા અને કુરબીની વિસ્તૃત ગિરિમાળા, જુદાંજુદાં નવ સ્થળેથી ઓળંગી પેલે પાર તીબેટની યાત્રાઓ કરી હતી. હિમાલયના પ્રદેશનો જેટલો પરિચય એમને હતો એટલો સ્વેન હેડીન, હૂકર અને કિંગ્ડન વૉર્ડ સિવાય અન્ય કોઇ યાત્રીએ આજ પર્યંત મેળવ્યો નથી. એ ભૂમિનું એમનું જ્ઞાન અજોડ અને અદ્ભુત મનાતું હતું. આ પરિભ્રમણ પ્રસંગે એમણે લડખ, પંજાબની તમામ નદીઓનાં ઉદ્ભવસ્થાન, કૈલાસ, માનસરોવર અને રાવણ-હ્રદની પુણ્યભૂમિ, ગંગા અને યમુનાનાં ઉદ્ગમ સ્થળ, કાંચનજંઘાની પાર્શ્વભૂમિ વગેરે પ્રદેશો અનેક વખત ખૂંદી કાઢ્યા હતા. જેમ પ્રત્યેક વ્યક્તિ પોતાના ઘરની ઇંટેઇંટ ઓળખે છે, એમ એ હિમાલયના વિરાટ દેહના અંગેઅંગથી પરિચિત હતા. એક વખત પાર્વતીય પ્રદેશોના પ્રતિકૂળ વાતાવરણમાં એમને હૃદ્રોગે સપડાવ્યા. મરણોન્મુખ દશામાં ભારતવર્ષમાં પાછા લાવતાં યોગ્ય ઉપચારથી એમનો પ્રાણ તો બચી ગયો, પરંતુ હિમાલય–પ્રવાસની ધગશ મોળી ન પડી. એ પછી નવા પ્રવાસે નીકળતી વખતે સ્નેહીઓ એમને રોકવાનો પ્રયત્ન કરતા ત્યારે એ જવાબ આપતા કે 'મારા કામ કરતાં મારા જીવનની કિંમત જરાય વધારે નથી.' આ ઉત્સાહ, આ મમતા અને સંશોધન-વૃત્તિને પરિણામે એ પશ્ચિમ હિમાલય અને તીબેટની વનસ્પતિના અત્યંત દુર્લભ અને અમૂલ્ય નમૂનાઓ એકઠા કરી લાવી શક્યા હતા.

પણ આ પ્રવાસોની અસર એમના શરીર ઉપર થઈ અને ૨૬મી નવેમ્બર ૧૯૩૪ના રોજ હૃદય બંધ પડવાથી અકાળે એમનું અવસાન થયું. સંસારભરના વિદ્વાનોમાં લબ્ધપ્રતિષ્ઠ, સમર્થ વૈજ્ઞાનિક, મહાન શિક્ષક, અવ્યાહત પરિશ્રમ કરનાર, સહૃદયી મિત્ર, પ્રેમ અને

વિશ્વાસની મૂર્તિ સમા ડૉ. કાશ્યપના અવસાનથી એમના મિત્રો અને શિષ્યો હતભાગ્ય થયા, એ ભેળી ભારતીય વનસ્પતિશાસ્ત્રના અભ્યાસની તેજસ્વી શુક્રતારા પણ અસ્ત થઈ. સદ્‌ગત કાશ્યપમાં પ્રચંડ બુદ્ધિમત્તા હતી, તેજસ્વી દુર્ધર્ષ પ્રતિભા હતી, એ સાથે અત્યંત સુજનતા, સાહૃદયતા અને નમ્રતા પણ હતી. અસાધારણ બુદ્ધિપ્રભાવવાળા ભારતીય વૈજ્ઞાનિકો તો અનેક છે, પણ એ સર્વેથી ડૉ. શિવરામ કાશ્યપ જુદા પડતા, તે એમના આ ગુણોથી: આભિજાત્ય, વિદ્વત્તા અને નમ્રતાના સરસ મેળને લીધે જ.

(પ્રકૃતિ) —હરિનારાયણ આચાર્ય



૩૦૦૦ વર્ષ પહેલાંની મજૂર હડતાળ

મજૂર અને મૂડીદાર વચ્ચે અત્યારે જે ઝગડાઓ થાય છે અને હડતાળો પડે છે તેનું મૂળ ઠેઠ પુરાણા જમાનામાં પણ મળી આવ્યું છે.

મિસરમાં અલ-અમારા પાસે ખોદકામ કરતાં નીકળેલાં કેટલાંક કોતરકામોમાં, ફારાઓનાં ઘઉંનાં ખેતરોમાં કામ કરતા મજૂરોના સંઘ તરફથી થએલા સંગઠનનાં આલેખનો નીકળ્યાં છે. એ જ અરસામાં, મજૂર પ્રવૃત્તિના ઇતિહાસમાં અતિ મહત્ત્વની ગણાય એવી એક હડતાળ ત્યાં પડેલી. વધુ પગાર મેળવવા તથા કામ કરવાના વખતમાં ઘટાડો કરાવવા અને જીવન માટે વધુ અનુકૂળ પરિસ્થિતિ કરી આપવા માટે એ હડતાળ પડી હતી.

મિસરના ધર્મગુરુઓ અને રાજ્યકર્તાઓએ જમાનાઓથી આમ પ્રજાને તદ્દન ગુલામીમાં રાખેલી. તે વખતે એવી માન્યતા પ્રચલિત હતી કે લોકનું કામ તો રાજ્ય માટે કાળી મજૂરી કરવાનું, લડાઇ જાહેર થાય ત્યારે લડાઈમાં જોડાવાનું, અને તે સિવાય બીજી રીતે ભૂખમરો અને સંકટો વેઠવાનું!

પણ અત્યારની જેમ તે વખતની ઉપરોક્ત હડતાળ નિષ્ફળ જવાને બદલે પૂરેપૂરી સફળ થઈ હતી! પરંતુ નવાઈ તો એ હતી કે એ સફળતા મજૂરનેતાઓની કુનેહને કે મજૂરોની મક્કમતાને આભારી નહોતી, પરંતુ રાજ્યના જ જે પોલીસ-ઉપરીને આ હડતાળ દાબી દેવાનું સોંપાયું હતું તેને આભારી હતી!

એ અમલદારનું નામ હતું માહુ. શ્રમજીવીઓનો પક્ષ મૂડીદારો પાસે સફળતાપૂર્વક રજૂ કરનાર તરીકે દુનિયાના ઇતિહાસમાં તે સહુથી પહેલી વ્યક્તિ ગણી શકાય.

પોતાને મળેલી એ સફળતાના સ્મારક તરીકે માહુએ પોતાની કબરની દિવાલો ઉપર શ્રમજીવીઓએ મૂડીદારો સામે માથું ઉંચક્યું તે પ્રસંગનો સંપૂર્ણ અહેવાલ કોતરાવ્યો છે.

મજૂરોના માલિકોએ આશા રાખેલી કે રાજ્યનો આ પોલીસ-ઉપરી ખોટી બૂમરાણ કરતા મજૂરોના બળવાને તુરત જ સખત હાથે દાબી દેશે. તેની પાસે પૂરતાં માણસો તો હતાં જ. તેમ છતાં તેટલાથી મજૂરો માની ન જાય તો મજૂરોને સીધા કરવા માટે અને થોડાકનાં માથાં ભાંગવા માટે અનામત પોલીસ અને લશ્કરનો ઉપયોગ કરવાની પણ માહુને સત્તા આપવામાં આવેલી. પરંતુ માલિકો તો જોઇને અજબ થયા કે કામે જતા મજૂરોને રોકવા હડતાળીઆઓએ જે ચોકીપહેરા શરૂ કરેલા તેને તેણે જરા ય અટકાવ્યા નહિ. મજૂરોએ રાજાના મહેલ તરફ કૂચ કરી તોપણ તેણે મજૂરો સામે એક પણ તીર કે ભાલાનો ઉપયોગ ન કર્યો.

માહુ આટલેથી જ ન અટક્યો. તેણે જોયું કે માલિકો મજૂરોને જરા પણ નમતું આપતા નથી અને તેથી મજૂરો અને માલિકો વચ્ચે ભારે મડાગાંઠ ઊભી થઈ છે, ત્યારે તે સીધો રાજા પાસે પહોંચ્યો, અને તેણે, અગાઉ કદી કોઇએ રજૂ નહિ કરેલી એ રીતે, મજૂરોની તમામ હકીકત રજૂ કરી. રાજા ઉપર પણ માહુની દલીલો અને વાક્‌છટાની એટલી બધી ઊંડી છાપ પડી કે તેણે તરત જ મજૂરોની તમામ માગણીઓ મંજૂર રાખતી જાહેરાત બહાર પાડી.

(સૂચિત) —વે૦

હિંદમાં ચાના વાવેતરનો ઇતિહાસ

હિંદુસ્તાનમાં ચાહનું આગમન કેવી રીતે થયું એની બહુ થોડા લોકોને ખબર હશે. ઈ. ૧૮૩૪ની સાલની એ વાત છે. એ વરસે સતીનો રિવાજ બંધ કરનાર લૉર્ડ બેન્ટિંકે હિંદુસ્તાનમાં કયાકયા ધંધા ખીલવી શકાય એની તપાસ કરી હતી. ખેતીવાડીના કેટલા યે નિષ્ણાતો અને બીજા ધંધાદારીઓએ ત્યારે અભિપ્રાય આપેલો કે હિંદમાં ચાહનું વાવેતર કરવાનો પ્રયોગ સફળ નહિ થાય. પણ ચાહદેવીએ એ બધાને છેતર્યાં, અને આ દેશમાં કાયમને માટે ધામા નાખ્યા.

આસામનાં જંગલોના એક જંગલી રોપને ભાવિમાં આટલું બધું મહત્ત્વ પ્રાપ્ત થશે એનો કોઇને ખ્યાલ ન હતો. ૧૭૮૦માં ઇસ્ટ ઇંડિયા કંપનીના કૅપ્ટનો કેંતાન(ચીન)થી ચાહનું બી હિંદમાં-કલકત્તામાં લાવ્યા. વૉરન હેસ્ટિંગ્સે એ બી ભૂતાન મોકલ્યું. લેફ્ટેનન્ટ કર્નલ રૉબર્ટ ક્રાઇડે કલકત્તામાં પોતાના ખાનગી બગીચામાં પણ ચાનાં બી વાવ્યાં. એ રોપ સારી રીતે ઊગ્યા. પણ એ વખતે એનો એના કરતાં વધારે કશો ઉપયોગ થયો નહિ. ૧૭૮૮માં ફરીવાર ચાહની તપાસ કરવામાં આવી. સર જૉસેફ બૅંકસે બધા પ્રદેશનું નિરીક્ષણ કરીને એવું ઠરાવ્યું કે બિહાર, રંગપુર ને કુચબિહારમાં ચાહનું વાવેતર થઇ શકશે. એ વખતે આસામ તરફ કોઈનું ધ્યાન ખેંચાયું ન હતું. એ વખતે વાવેતર થયું નહિ.

૧૮૨૩માં મેજર રૉબર્ટ બ્રૂસ ધંધાને અંગે સબસાગરમાં ગયો હતો. એ વખતે સબસાગર બ્રહ્મદેશની સરહદ પર આવ્યું હતું. ત્યાં પર્વતોમાં તેણે ચાહના રોપ ઊગેલા જોયા, એટલે ઠર્યું કે ચાહ હિંદમાં જ થતી હતી અને તેના છોડ ચીનમાંથી અહીં લાવવામાં આવ્યા નથી. બ્રૂસે આ પરથી હિંદુસ્તાનમાં ચાહનું વાવેતર વધુ પ્રમાણમાં કરવાનો નિર્ધાર કર્યો; પણ તે કરતાંકરતાં તેને અગિયાર વરસ થયાં. લૉર્ડ બેન્ટિંકે એક કંપની સ્થાપન કરાવી ને એ કમિટીને માથે ધંધો કરવાની જવાબદારી નાખવામાં આવી. ચાહનું વાવેતર કરવું, ચાહ બનાવવી ને વેચવી, એટલાં કામ કંપનીને કરવાનાં હતાં. ત્યારથી એ ધંધો દર વરસે વિકાસ પામતો ગયો છે.

ઇ.૧૮૩૮માં ચાહ જાહેરરીતે વેચાવા માંડી. એ વખતે ચાહ ૯ શિ. ૫ પેન્સ એટલે સાત-સાડાસાત રૂપિયે રતલ વેચાતી હતી અને એ ભાવે શરૂમાં ૪૫૮ રતલ ચાહ વેચાઇ. ચાહનો ભાવ સારો આવતો હતો, પણ તેના બગીચા ને કારખાનાંમાં એટલી બધી મૂડી રોકવી પડતી હતી કે છેવટે ઇસ્ટ ઇંડિયા કંપનીએ એ ધંધો પોતાના હાથમાં રાખવાને બદલે ખાનગી વેપારીઓને સોંપી દીધો.

ઈ.૧૮૩૬માં આસામમાં ઊગેલાં એ જંગલી છોડનાં પાંદડાં કલકત્તામાં ખાનગી વેચાણ માટે મોકલવામાં આવ્યાં. એ ચાહની લહેજત ને સ્વાદ એટલાં બધાં સારાં લાગ્યાં કે ત્યાર પછી નક્કી કરવામાં આવ્યું કે ચીનમાંથી ચાહ કે ચાહનાં બી લાવવાની હવે જરૂર નથી અને આસામની ચાહનું જ વાવેતર કરવું જોઈએ.

ચાહનો ખપ દિવસે દિવસે વધવા લાગ્યો. ૧૮૫૮માં ટી કમિટીએ પહેલવહેલો નફો વહેંચ્યો અને ત્યાર પછી બીજા લોકોએ પણ ચાહના ધંધામાં મૂડી રોકવા માંડી. અત્યારે એમાં એક અબજ રૂપિયા કરતાં યે વધારે મૂડી છે. આસામમાં વાવેતર ફતેહમંદ થયું એટલે બીજે ઠેકાણે તથા હિમાલયના તળેટીના પ્રદેશમાં વાવેતર કરવા માંડ્યું. અત્યારે હિમાલયની તરાઈ, દુઆબ, સુરમા ખીણ, કાચર, સિલ્હટ, છોટા નગર, કૂર્ગ, મહીસૂર, કોચીન, ત્રાવણકોર, કાંગરા ખીણ, દહેરાદૂન વગેરે ઠેકાણે ચાહનું વાવેતર થાય છે. આસામમાં ચાહના ૧૦૦૦ બગીચા છે ને એનું ક્ષેત્રફળ પાંચ લાખ એકર છે. પંજાબમાં ૨૫૦૦ બગીચા છે ને ક્ષેત્રફળ દસ હજાર એકર છે. બંગાળામાં ૩૫૦ બગીચા છે જે બે લાખ એકર છે. મદ્રાસ ને ત્રાવણકોરમાં ૬૨૩ બગીચા ને ક્ષેત્રફળ અઢી લાખ એકર છે. એટલે કે આખા હિન્દુસ્તાનમાં દસ લાખ એકર કરતાં પણ વધારે ક્ષેત્રફળમાં આજે ચાહ વાવવામાં આવે છે! જેટલી જમીન ચાહ વાવી શકાય એવી હતી એટલી બધી ઓગણીસમી સદીમાં જ ઉપયોગમાં લઇ લેવામાં આવી છે. હિંદમાં અત્યારે ચાહના ૫૦૦૦ બગીચા છે ને એમાં ૪૦ કરોડ રતલ ચાહ પાકે છે.

હિન્દુસ્તાનનો ચાહનો ધંધો દુનિયામાં ઘણો મહત્ત્વનો ગણાય છે. દુનિયાના બધા વેપારમાં ચાહનો વેપાર એક ટકા જેટલો છે ને એ એક ટકામાં હિન્દી ચાહ ¾ જેટલી છે. દર વરસે દુનિયામાં લોકો ૨૦ હજાર કરોડ ચાહના કપ પીએ છે, જેમાંથી ¾ ચાહના કપ હિન્દી ચાહમાંથી બનાવવામાં આવે છે. (ચિત્રમય જગત)

જુદાજુદા દેશોની રાજસભાનાં નામ

અમેરિકા–કૉંગ્રેસ	સ્પેન–કોર્ટીઝ
ઇંગ્લંડ–પાર્લામેન્ટ	પોલૅન્ડ–સેઇમ
જર્મની–રાઇખ્સ્ટાગ	હોલૅન્ડ–સ્ટેટ્સ જનરલ
ફ્રાન્સ–ચેમ્બર ઑવ ડેપ્યુટીઝ	ડેનમાર્ક–રિગ્સડાગ
ઈટલી–સેનેટ	આઇસલૅન્ડ–આલ્થિંગ
જાપાન–ડાએટ	સ્વિટ્ઝર્લંડ–ફેડરલ ઍસેમ્બ્લી
તુર્કી–ગ્રાન્ડ નૅશનલ ઍસેમ્બ્લી	નૉર્વે–સ્ટોર્ટિંગ
આયર–ડેલ	યુગોસ્લાવિયા–સ્કુપ્ટશિના
મિસર–બાર્લામન	ઈરાન–મજલિસ

જુદાજુદા દેશોનાં રાષ્ટ્રીય નામો

પર્શિયા–ઇરાન	જાપાન–નિપોન
ઑસ્ટ્રિયા–ઑસ્ટરરાઇખ	સ્પેન–ઇસ્પાના
હંગેરી–મૅગ્યારોઝાગ	બેલ્જિયમ–લા બેલ્જિક
જર્મની–ડૉઇશલાન્ડ	ઍબીસીનિયા–ઇથિયોપિયા
ગ્રીસ–હેલાસ	હોલૅન્ડ–નીધરલૅન્ડ
ચીન–ચુંગ કુઓ	પોલૅન્ડ–પોલાસ્કા
ઇજિપ્ત–મિસર	સ્વિટ્ઝર્લંડ–હેલ્વેશિયા
ફિનલૅન્ડ–સુઓમી	આયર્લંડ–આયર
	નૉર્વે–નૉર્જ

તમે પોતે

તમારું શરીર એક હેરતભર્યું યંત્ર છે. નવાઇની વાત તો એ છે કે એ ખૂબ જ અટપટું હોવા છતાં ભાગ્યે જ હેરાન કરે છે. ૨૫,૦૦,૦૦૦ છિદ્રો એ ધરાવે છે–લગભગ દર ચોરસ ઇંચે ૩,૦૦૦. ને માનવીના મસ્તકમાં ૨૦૦થી વધુ હાડકાં હોય છે! દર મિનિટે તમારા શરીરનું તમામ લોહી તમારા હૃદય દ્વારા પંપ થાય છે. એક મિનિટમાં તમારું હૃદય ૭૦ ધબકારા લે છે અથવા દિવસભરમાં ૧,૦૦૮૦૦ બખત! સરેરાશ દરેક મનુષ્ય પોતાનાં ફેફસાંમાં ૨૩૦ ક્યૂબિક ઇંચ હવા સમાવી શકે. દર શ્વાસોશ્વાસ દીઠ ૨૫-૩૦ ક્યુ. ઇંચ એ બહાર કાઢે છે ને અંદર લે છે. ઘણાખરા માણસો દર મિનિટે ૧૮ વાર શ્વાસ લે છે; સ્ત્રીઓ એથી સહેજ વધારે લે.

વળી શરીરમાં ૫૦૦થી વધુ સ્નાયુઓ છે ને લગભગ એટલી જ સંખ્યામાં શિરાઓ તથા રક્તવાહિનીઓ છે. ૯૮·૬ ડીગ્રી (ફેરનહાઇટ) જેટલી સમધારણ ગરમી તમે ધરાવો છો. દરરોજ તમારું શરીર લગભગ ૪૮ ઔંસ (૪ પાઇન્ટ) પાણી બહાર કાઢી નાખે છે–૨૦ ઔંસ ચામડી દ્વારા, ૧૦ ઔંસ ફેફસાં દ્વારા ને ૫૦ ઔંસ મૂત્રાશય દ્વારા. આ ઉપરાંત અર્ધો ઔંસ નાઇટ્રોજન (નત્રવાયુ), એક ઔંસ મીઠું (મિનરલ સૉલ્ટ્સ) ને આઠ ઔંસ કાર્બન પણ તમે ગુમાવો છો. આ ખોટનો ખાડો પૂરવાને સરેરાશ દરેક મનુષ્ય લગભગ ૫।। રતલ ખોરાક ને પાણી લે છે જે લગભગ દર વર્ષે એક ટન જેટલું થવા જાય છે.

નવાં પુસ્તકો

સુદામાચરિત (કવિ પ્રેમાનંદ અને નરસિંહ કૃત) સંપાદક: મગનભાઈ પ્ર. દેસાઈ, ૦-૧૦-૦; **નિર્ભયતા** (શ્રી મશરૂવાળાના ગુજરાતી પુસ્તકનું હિંદી) અનુવાદક: કાશિનાથ ત્રિવેદી, ૦-૨-૦; **બે ખુદાઈ ખિદમતગાર:** મહાદેવ હરિભાઈ દેસાઇ, ૦-૧૦-૦; ત્રણેનાં પ્રાપ્તિસ્થાન–નવજીવન કાર્યાલય અમદાવાદ. **મંજૂષા** (કાવ્ય-સંગ્રહ) લેખક-પ્રકાશક: 'મોહિનીચન્દ્ર', મુખ્ય વિક્રેતા આર. આર. શેઠની કંપની, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબાઈ–૨, ૨-૦-૦; **હિંદનું નાણાંતંત્ર** લેખક-પ્રકાશક: જયંતીલાલ હ. મહેતા, સોલ એજન્ટ: મુકુંદલાલ એ. મ. મહેતા એન્ડ કં. રાવપુરા, વડોદરા, ૩ ૮-૦; **ઉર્દૂલિપિ પરિચય** લેખક: યજ્ઞવલ્ક્ય સદાનંદ અગ્નિહોત્રી, પ્રકાશક: જયંતીલાલ વિ. મહેતા, શ્રી હરિહર પુસ્તકાલય, ટાવરરોડ, સૂરત, ૦-૮-૦; **ત્રણ દીકરા** સંપાદક: નાગરદાસ ઈ. પટેલ, પ્રકાશક: બાલ વિનોદ કાર્યાલય, મલાડ (મુંબાઇ); **અક્ષરમાળા** સંપાદક તથા પ્રકાશક: ઉપર પ્રમાણે ૦-૬-૦; **ગુજરાતનો જય** (ખંડ બીજો) લેખક–ઝવેરચંદ મેઘાણી, પ્રકાશક–ફુલછાબ કાર્યાલય રાણપુર, ૨-૦-૦; **કુમારનાં સ્ત્રીરત્નો** સંપાદક–ઇન્દુલાલ ક. યાજ્ઞિક, પ્રકાશક–પુસ્તકાલય સ. સ. મંડળ લિ., વડોદરા, ત્રીજી આવૃત્તિ, કાચું પૂઠું ૧-૪-૦; પાકું ૧-૮-૦; **અછૂત કોણ?** લેખક–પુરાતન લલિત બૂચ, પ્રકાશક–રામકૃષ્ણ સેવાસમિતિ, અમદાવાદ, વિનામૂલ્ય; **ચાંગ-કાઇ-શેક** લેખક–'શ્યામ' ('જગતના વિધાયકો' માળાનું ત્રીજું પુસ્તક) પ્રકાશક–સ્વસ્તિક બુકડેપો, ૪૫૧ કાલબાદેવી રોડ, મુંબાઇ–૨, ૦-૪-૦; **સીંગાપુર** (પતન), **ડચ ટાપુઓ, ઑસ્ટ્રેલિયા** ત્રણેના લેખક–ડુંગરશી ધરમશી સંપટ, પ્રકાશક ઉપર પ્રમાણે, દરેકના ૦-૨-૦; **પંચવ્યાયામ** (લાઠી, મગદળ, દંડ, બેઠક અને લેજિમ) પ્રકાશક–ગુજરાત વ્યાયામ પ્રચારક મંડળ, પો. કરાડી (સુરત), ૦-૧૪-૦; **હિંદુ જીવનદર્શન** (રાધાકૃષ્ણનના 'હિંદુ વ્યૂ ઑવ લાઈફ' ઉપરથી) અનુવાદક–ચન્દ્રશંકર પ્રાણશંકર શુક્લ, ૦-૧૦-૦; **ખેડૂતનો શિકારી અને મધ્યમસરની ચાલ** (બે નાટકો) લેખક–જુગતરામ દવે, ૦-૪-૦; **સ્વરાજ્યશાસ્ત્ર** (વિનોબા ભાવે કૃત) અનુવાદક–પાંડુરંગ ગણેશ દેશપાંડે, પ્રકાશક–ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ ૦-૬-૦; **ઉર્દૂ લિપિ શિક્ષિકા** હંસરાજ જૈન અને ગિરિરાજ કિશોર, ૦-૭-૦; **સુદામાજીના કેદારા** (નરસિંહ મહેતા કૃત) સંપાદક–મગનભાઇ પ્રભુદાસ દેસાઇ, ૦-૧-૬; પાંચે પુસ્તકનાં પ્રકાશન તથા પ્રાપ્તિસ્થાન–નવજીવન કાર્યાલય, અમદાવાદ. **પં. મહારાણીશંકર શર્માનું જીવનચરિત્ર** લેખિકા–પ્રકાશિકા: ઇચ્છાદેવી મ. શર્મા, માળીવાળા જૂનાગઢ, મૂલ્ય–શ્રદ્ધા.

આ મહિનો (ઑગસ્ટ) ઇતિહાસમાં

તા. ૫ જગતના સાહિત્યમાં નામચીન નવલિકાઓ આપનાર ફ્રેન્ચ નવલ–નવલિકા–લેખક હાંરી રેનં આલ્બર્ટ ગાઇ દ મૉપાસાંનો જન્મ, ઈ. ૧૮૫૦.

તા. ૮ 'ધ રિડલ ઑવ ધ યુનિવર્સ' (વિશ્વપ્રપંચ)ના લેખક, મહાન ઉત્ક્રાન્તિશાસ્ત્રી એન્સ્ટ હાઇન્રિક હૅકલનું અવસાન, ઈ ૧૯૧૯.

તા. ૧૨ વેલિંગ્ટને અહમદનગર પર હલ્લો કરી જીતી લીધું, ઈ. ૧૮૮૩.

તા. ૧૭ પ્રૂશિયાના મહાન રાજા ફ્રેડરિકનું અવસાન, ઇ. ૧૬૮૧.

તા. ૨૪ વિસુવિયસ જ્વાળામુખી ફાટવાથી થએલો પૉમ્પીઆઈ નગરનો વિનાશ, ઇ. ૭૯.

તા. ૨૬ સ્વ. લોકમાન્ય તિલક પછી તેમની રાજકીય પ્રવૃત્તિનું તેમજ તેમના 'કેસરી' પત્રનું સુકાન સંભાળનાર વિખ્યાત મહારાષ્ટ્રીય સાહિત્યકાર, પત્રકાર અને લોકનેતા નૃસિંહ ચિંતામણ કેળકરનો જન્મ, ઇ. ૧૮૭૨.

તા. ૨૭ અમેરિકાના આજના મહાનગર ન્યૂયૉર્કને ડચ લોકો પાસેથી અંગ્રેજોએ કબજે કરી તેનું મૂળ નામ ન્યૂ આમ્સ્ટર્ડામ બદલી હાલનું નામ પાડ્યું, ઈ. ૧૬૬૪.

તા. ૩૧ 'પિલ્ગ્રિમ્સ પ્રોગ્રેસ'ના રચનાર અંગ્રેજ લેખક અને ધર્મોપદેશક જૉન બનિયનનું અવસાન, ઇ. ૧૬૮૮. પોતાના સ્વતંત્ર ધર્મવિચારો ઉપદેશવા માટે રૂઢિચુસ્ત કાયદાએ તેને બે વાર જેલમાં નાખ્યો. તેનું ઉપલું વિખ્યાત પુસ્તક પણ ત્યાં જ લખાયું.

આ માસની વ્યક્તિવિશેષ

ત્રિભુવનદાસ કલ્યાણદાસ ગજ્જર



ગુજરાતના આ પ્રથમ અને પ્રતિભાશાળી રસાયનશાસ્ત્રીનો જન્મ સુરતની સુતાર જ્ઞાતિમાં અગ્રેસર ગણાતા ગજ્જર કુટુંબમાં ઈ. ૧૮૬૩ના ઑગસ્ટમાં થયો. ઉજ્જ્વળ બુદ્ધિશક્તિથી પોતાનો પ્રાથમિક અને માધ્યમિક અભ્યાસ પૂરો કરી સોળ વર્ષની વયે તે મૅટ્રિક થયા ને મુંબઈની એલ્ફિન્સ્ટન કૉલેજમાંથી રસાયનશાસ્ત્રના પ્રશ્નપત્રમાં ૩૦૦માંથી ૨૨૫ માર્ક મેળવી બી. એસસી.ની પરીક્ષામાં તેઓ પહેલા વર્ગમાં પાસ થયા અને કૉલેજના ફેલો નીમાયા. એ દરમિયાન એમ.એ. થઇને કાયદાનો પણ થોડો અભ્યાસ કર્યો. પરંતુ તેમનું ધ્યેય તો હિંદમાં લોકહિતાર્થે વિજ્ઞાનનો–ખાસકરી રસાયનશાસ્ત્રનો વિકાસ કેમ થાય એ જ હોવાથી તેમણે આગળ અભ્યાસ મૂકી દીધો, અને કરાંચીની સિંધ કૉલેજની રૂ. ૩૦૦ની પ્રોફેસરી જતી કરીને શ્રીમંત સયાજીરાવ ગાયકવાડ જેવા દેશભક્ત રાજવીના આશ્રયે રાસાયણિક ઉદ્યોગો ખીલવવાની પોતાની યોજનાનો અમલ થઇ શકવાની ભાવનાથી વડોદરા કૉલેજમાં રસાયણશાસ્ત્રના પ્રોફેસરની રૂ. ૨૦૦ની જગ્યા સ્વીકારી. ત્યાં તેમણે રાજ્યના રંગાટી ઉદ્યોગોનો અહેવાલ તૈયાર કર્યો, તેના અમલ માટે છાપકામ ને રંગાટીકામની વિલાયતની સંસ્થાઓ સાથે સ્પર્ધા કરે તેવી પ્રયોગશાળા કાઢી, અને મોટા પાયા પર હુન્નરઉદ્યોગની સંસ્થાની યોજના ઘડી આપી, જે પરથી શ્રીમંત ગાયકવાડે ઇ. ૧૮૯૦ના જૂન માસમાં હાલના 'કળાભવન'ની સ્થાપના કરી. પ્રો. ગજ્જર 'કળાભવન'ના આચાર્ય નીમાયા અને ત્યારથી તે ૧૮૯૬ સુધી એ સંસ્થાનાં કાર્ય અને કીર્તિ વધારવાનાં ચિંતન, યોજના અને કાર્યમાં એમણે અવિશ્રાંત જહેમત ખેડી. આ દરમિયાન તેમણે પાઠ્ય પુસ્તકો માટે ગુજરાતીમાં વૈજ્ઞાનિક સાહિત્ય પ્રગટ કરવા માટે સ્વ. કવિ કાન્તને ત્યાં રોકાવ્યા ને શ્રીમંત સયાજીરાવ પાસે રૂ. ૫૦,૦૦૦ જેવી મોટી રકમ કઢાવી. એ ઉપરાંત રંગાટની વિદ્યામાં પારંગત થવા તેઓ જર્મન ભાષા શીખ્યા અને પછી એ જ્ઞાનના બળે 'રંગરહસ્ય' નામનું ત્રિમાસિક પત્ર પણ કાઢવા માંડ્યું. કળાભવન વિકાસ પામી ધંધાઉદ્યોગની એક વિદ્યાપીઠ બને એ ઉદ્દેશ બર લાવવા રાતદિવસ તે પ્રવૃત્તિશીલ રહ્યા; પણ અંતે બીજાં ખાતાંઓની ડખલને લીધે સ્વમાની પ્રો. ગજ્જરે ૧૮૯૬માં કળાભવન છોડ્યું.

ત્યાંથી મુંબઇ આવીને વિલ્સન કૉલેજમાં તે કેમિસ્ટ્રીના પ્રોફેસર નીમાયા ત્યાં 'યુનિવર્સિટી રીફોર્મ'ની ચળવળ કરી રસાયનશાસ્ત્રનો જુદો વિષય બનાવ્યો, જેને પરિણામે એ શાસ્ત્રના નિષ્ણાત સ્નાતકો નીકળવા લાગ્યા. એવામાં મુંબઇમાં અસાધ્ય ને સખ્ત મરકી ફાટી નીકળી. તેના ઉપચાર તરીકે પ્રો. ગજ્જરે 'આયોડિન ટરક્લોરાઈડ' નામની દવાની શોધ કરી જગતના અમૂલ્ય ઔષધોમાં એકની વૃદ્ધિ કરી અને પરદેશી કંપનીઓએ મોટી કીમત આપવા છતાં તેનું પેટન્ટ ન લેતાં જનતા માટે તે ખુલ્લી રાખી. ૧૮૯૮માં મુંબઇમાં મહારાણી વિક્ટોરિયાના બાવલાનું મુખ કોઇ સજ્જડ કાળા રંગે રંગી ગએલું તે ડાઘ ભલભલાથી પણ ન નીકળ્યા તે તેમણે કાઢી સૌને છક્ક કરી નાખેલા. દેશમાં વિજ્ઞાનશાસ્ત્રીઓ તૈયાર કરવાની જરૂર લાગવાથી ૧૮૯૯માં તેમણે 'ટેકનો-કેમિકલ લેબોરેટરી' નામની સ્વતંત્ર પ્રયોગશાળા મુંબઈમાં ઊભી કરી. પોતાની અંગત આવક આ પ્રયોગશાળામાં નાખી તેમણે તેને સમૃદ્ધ કરી. યુનિવર્સિટી ને મેડિકલ કૉલેજ પોતાના વિદ્યાર્થીઓને ત્યાં જ કામ કરવા મોકલતાં એવી એની ખ્યાતિ હતી. તે પછી ઝાંખાં પડી ગએલાં સાચાં મોતી ધોવાનો અજબ નુસખો એમણે શોધી કાઢ્યો. આથી તો દુનિયાભરના રસાયણશાસ્ત્રીઓ હેરત પામી ગયા! આ ધંધામાં એ લાખો રૂપિયા કમાયા જે તેમણે રસાયનશાસ્ત્રના પ્રચાર માટે વાપર્યા. ૧૯૦૨ પછી તેમની જ પ્રેરણા, યોજના ને અવિશ્રાંત શ્રમથી વડોદરાનું 'ઍલેંબિક કેમિકલ વર્કસ' સ્થાપવામાં આવેલું.

૧૯૦૨ની સાલના યુનિવર્સિટી કમિશન સમક્ષ પણ તેમણે જુબાની આપી વૈજ્ઞાનિક કેળવણી વિષયક પોતાના વિચારો અને યોજનાઓથી કમિશનને છક્ક કરી દીધેલું આ જ સાલમાં શ્રી ગોવર્ધનરામ ત્રિપાઠી સાથે તેમણે સુવ્યવસ્થિત સમાજ, કારખાનાં અને વૈજ્ઞાનિક પરબ રૂપી શાળાઓવાળું એક આદર્શ સંસ્થાન સ્થાપવાની 'કલ્યાણગ્રામ' નામની યોજના ઘડેલી, પણ પાછળથી આર્થિક સ્થિતિ નબળી થતાં એમની એ મુરાદ બર ન આવી. ૧૯૧૦માં તેમનાં પત્ની કાશીબેન ગુજરી ગયાં, આંતરિક જીવન ક્લેશમય અને દુ:ખી બની ગયું ને અશાન્ત ચિત્તને લીધે અંતે અનિદ્રાના ભોગ બનેલા પ્રો. ગજ્જરના અંતિમ દિવસો ખૂબ કરુણ, એકાકી ને આર્થિક સંકડામણવાળા નીવડ્યા. ૧૯૨૦ના જુલાઈની ૧૬મી તારીખે આ વિખ્યાત ગુજરાતી રસાયનશાસ્ત્રીએ આ લોકનો ત્યાગ કર્યો.

તું કામને બાંધ ખીલે, અને જો,
બંધાય તારે ઘર કામધેનુ


—રમણલાલ સોની—

રવીન્દ્રનાથ અને શરદબાબુની નવી જ શૈલીની તથા માનવતાભરી નવલો સામે બંગાળાના સાહિત્યજગતનો એક વિભાગ એટલો બધો કૂપિત હતો કે અંતે તે માટે એક ખાસ પત્ર નીકળ્યું. તેમાં આવતી અમર્યાદ અને ઉગ્ર નિંદાઓથી અકળાઇને એક વાર શરદબાબુએ રવીન્દ્રનાથ પાસે જઇ એ લોકોની સામે કલમ ઉપાડવા વીનવ્યા. શરદબાબુ લખે છે કે મને કવિવરે જે જવાબ આપ્યો તેણે મને જીવનભર દોરતીનવી જ દૃષ્ટિ ઉઘાડી આપી. રવિબાબુએ કહ્યું: 'જેનાં હું વખાણ કરી શકું તેમ ન હોય તેની માત્ર નિંદા કરીને કલમ બગાડવી મને ઉચિત લાગતી નથી.'

અનેકાર્થી શબ્દ: **કાંત**=મનગમતું કે પ્રિય; અનુકૂળ; સુંદર કે મનોહર; પ્રીતમ; પતિ; ચંદ્ર; કીમતી પત્થર—મણિ (અને સમાસમાં છેડે પણ તે જ અર્થમાં વપરાય—દા. ત. ચંદ્રકાંત—મણિ); ઓસડ; કેસર; કંકુ; એકપ્રકારનું લોઢું. કાંતપક્ષી=મોર; કાંતપાષાણ=ચમકતો પત્થર; કાંતલોહ=લોહચુંબક.

કહેવતોના મર્મ: 'ચડજે રોટલા છ માસ, તો કહે, બેસ જીવ બાર માસ.' સામા ધણીની નામરજી છતાં પણ પોતાનું મનધાર્યું કરાવવા માટે નફટાઇ બતાવવા વિષે વપરાતી આ કહેવત પાછળ વાત છે કે યજમાનમાં માગવા નીકળેલો એક ભવાયો રોટલાટાણે એક પટેલને ઘેર જઈ પહોંચ્યો ને ત્યાં ધામા નાખ્યા. રોટલા ઘડતી પટલાણીએ તેને ટાળવા માટે કંઇ કંઇ બહાનાં કાઢવા છતાં તે તો ચિટકીને જ બેઠો ત્યારે અંતે ગુસ્સે થઈ તાવડીમાં રોટલો પછાડતી તે બોલી: 'ચડજે રોટલા છ માસ!' તરત ભવાયો બોલી ઊઠયો: 'બેસ જીવ બાર માસ!' પટલાણી ગભરાઇ કે મેં મર્મમાં રોટલાને છ મહિને ચડવાનું કહ્યું તો આ બલા તો બાર મહિનાની નિરાંત કરી બેઠી! એથી તેણે અંતે તેને જમાડીને વિદાય કર્યો.

માણસના ફેફસાંની સપાટીનું માપ ૩૧ ચોરસ ફીટ થાય છે.




દેશદેશના શિરવેષ:

બાજુએ છે તે ઉત્તર આફ્રિકાના (મોરોક્કોના) મૂર લોકોનો



ઉત્તર-દક્ષિણ અને પૂર્વ-પશ્ચિમ, બબ્બે હજાર માઇલ લાંબા ને પહોળા, એક ખંડ જેવડા કદના આપણા મહાન દેશ ભરતખંડમાં રશિયા સિવાયના યુરોપખંડના બધા જ દેશો સમાઇ જાય. યુરોપનાં અમુક રાજ્યો જેવડા તો આપણા પ્રાંતો છે! મદ્રાસ ઈલાકાના વિઝાગાપટ્ટમ પરગણાનાં કદ ને વસ્તી ડેન્માર્ક જેવડાં છે; બંગાળાનો મૈમેનસિંગ જિલ્લો સ્વિટ્ઝર્લૅાડ કરતાં પણ વધુ વસ્તી ધરાવે છે; અને બિહારનો તિરહુત પ્રાંત કૅનેડાના 'મહાન' ડોમિનિયન કરતાં પણ વધુ વસ્તીવાળો છે. (મીનુ મસાણી કૃત 'અવર ઇન્ડિયા')

ચિત્રનો ટેકો



કોઈ નાના ચિત્રની ફ્રેમ કે ફોટોગ્રાફ ટેબલ ઉપર શોભા તરીકે રાખવા માટે જાડા પૂઠામાંથી બનાવેલી આ નાનકડી ફોલ્ડિંગ પીઠ બહુ સરસ કામમાં આવશે. ચિત્રમાં જમણી બાજુ બતાવેલી આકૃતિ મુજબ તે પર આપેલા આંકડાનાં માપ પ્રમાણે પૂઠાં કાપી તેના આગળના ભાગમાં ફૂદડીઓવાળાં કાણાં રાખી તેમાં બૂટની લેસ બાંધવાથી જોઇએ તેટલો ખૂણો પાડીને તે ઊભા રાખી શકાશે.

ચીની લિપિના ૧૦,૦૦૦ અક્ષરો માટે તેના ટાઈપરાઇટરમાં બે કી-બોર્ડ હોય છે, અને મિનિટે પંદર શબ્દો છાપનાર માણસ ત્યાં સૌથી વધુ ઝડપી ગણાય છે! જાપાની ટાઇપરાઇટર એટલું મુશ્કેલ નથી. એમાં માત્ર ૨૦૦૦ અક્ષરો હોય છે!

આ મહિનાનું નામ 'ઑગસ્ટ'—તે ઑગસ્ટસ સીઝરને આ જ મહિનામાં ત્રણ લડાઈઓમાં વિજય મળેલો તે ઉપરથી તેણે એના સ્મરણમાં પોતાનું નામ તેને આપવાથી પડયું.

ગણિતનાં નિશાનો વાપરી ચાર પાંચડા એવી રીતે ગોઠવો કે સરવાળો ૧૦૦ આવે.

(૫+૫)×(૫+૫)=૧૦૦

માજવીજના વખતમાં ઓક, એલ્મ અને ઍશનાં ઝાડ નીચે આશરો લેવામાં જોખમ છે. વીજળી તેના પર પડવાની શક્યતા વધારે.

વીજળીના ઝાટકાના જોખમમાંથી મકાનોને બચાવવા માટે ઉતારાતા વીજળીના તારનો પહેલો ઉપયોગ, ઈ. ૧૭૫૨માં બેન્જામીન ફ્રાંકલિને આકાશી વાદળામાંથી વીજળીને નીચે ઉતારવાના કરેલા પ્રયોગ પછી તરત જ શરૂ કરવામાં આવ્યો.

દુનિયાની ચ્હાની માંગનો ૭૦ ટકા ભાગ બ્રિટિશ સલ્તનત પૂરો પાડે છે; પરંતુ એ જ સલ્તનત દુનિયામાં સૌથી વધુ ચ્હા પીતી હોવાના કારણે કુલ પેદાશનો ૭૩ ટકા ભાગ તો એ જ હજમ કરી જાય છે.

લંડનમાં છત્રીનો સૌથી પ્રથમ ઉપયોગ કરનાર જોન્સ હેનવે કહેવાય છે. ઇ. ૧૭૮૬માં તેનું અવસાન થયું.

ઘરાક: આ કોટની સિલાઈ હું ત્રણ મહિના સુધી આપી શકીશ નહિ.

દરજી: કાંઈ ફિકર નહિ, સાહેબ; તે માટે આપ ચિંતા ન કરશો.

ઘરાક: આભાર; કહો ત્યારે, કોટ ક્યારે તૈયાર થશે?

દરજી: ત્રણ મહિને સાહેબ.

ટાઈપરાઈટરની રિબન જેવી ૫૮ ઈંચની બ્લેડ—રિબન ધરાવતો સેફટી રેઝર શોધાયો છે, જેમાં વચ્ચેનો હજામત કરવા જેટલો ભાગ ખુલ્લો રહે, અને બાકીનો ભાગ જેમ જરૂર પડે તેમ એક બાજુથી ઉખેળતા જઇ બીજી બાજુ વીંટતા જવાય.

૧૮ એપ્રિલ ૧૯૩૬

આ દિવસ ગુજરાતી શબ્દરચના હરીફાઈઓના ઇતિહાસમાં યાદગાર રહેશે, આ દિવસે જન્મભૂમિ ગુજરાતી શબ્દરચના હરીફાઈના પ્રથમ વ્યૂહના મંગળાચરણ થયાં એ બનાવને ૯ વર્ષ ૪ માસનાં વહાણાં વહી ગયાં.

પ્રગતિની પારાશીશી

પ્રથમ વ્યૂહમાં રોકડા અને પુસ્તકોનાં મળીને એક હજારનાં ઈનામો વહેંચાયાં હતાં. ત્યાર બાદ ગુજરાતી જનતાનો સહકાર ઉત્તરોત્તર વધવા સાથે ઇનામની રકમમાં પણ સંગીન વધારો કરવામાં આવ્યો. **વ્યૂહ ૩૫માં, સુવર્ણ વ્યૂહ ૫૦માં અને વસંત વ્યૂહ ૫૪માં**, દરેકમાં રૂપિયા **૫,૦૦૦નાં ઇનામો** વહેંચાયાં. પ્રથમ વ્યૂહમાં પહેલું ઈનામ **રૂા. ૫૦૦** (રોકડા)નું હતું. વ્યૂહ ૫૪માં પહેલું ઇનામ **રૂા. ૩૦૦૦** (રોકડા)નું હતું.

જનતાનો સહકાર

જ્ઞાન, ગમ્મત અને અર્થના ત્રિવિધ લાભની પ્રાપ્તિ માટે અદ્વિતીય એવા જન્મભૂમિ હરીફાઇના શબ્દવ્યૂહોને જનતાએ અચ્છી તરહ અપનાવી લીધા. ચૉરે ને ચૌટે ગામગપાટાનું સ્થાન જન્મભૂમિ હરીફાઇના વ્યૂહની ચર્ચાએ લીધું. ઘરમાં ને ઑફિસમાં અન્ય ગોષ્ટિનું સ્થાન વ્યૂહ ગોષ્ટિએ અને ચાવીની બુદ્ધિયુક્ત દલીલોએ લીધું. પહેલા વ્યૂહથી માંડીને વ્યૂહ ૫૭ સુધીમાં લાખો હરીફોએ ભાગ લીધો. જેમાં ૩૪૯૨૦ હરીફોને નાની રકમથી માંડીને ચાર આંકડાની રકમનાં ઇનામો જીતવામાં સફળતા સાંપડી. એ રીતે આજ સુધીમાં આશરે **રૂા. ૧,૭૫,૦૦૦નાં** ઈનામો વહેંચાયાં.

અઠવાડિક મુખપત્ર

જનતાના સહકારની વધતી જતી માત્રા સાથે કદમ મિલાવવા માટે જન્મભૂમિ હરીફાઈના સંચાલકોને એક અઠવાડિક મુખપત્રનું પ્રકાશન આવશ્યક જણાયું. તા. ૧૦મી ઑગસ્ટ ૧૯૪૧ની આસપાસ "હરીફાઇ" અઠવાડિક પ્રસિદ્ધ કરવાનો નિર્ણય લેવાયો અને તા. ૧૭મી ઑગસ્ટના દિવસે હરીફ જનતાની સેવામાં "હરીફાઇ" અઠવાડિકનો પ્રથમ અંક સાદર થયો. ત્યારથી હરીફ જનતાનો ઉત્તરોત્તર વધુ ને વધુ ચાહ મેળવતું આ અઠવાડિક મક્કમ પ્રગતિ કરી રહ્યું છે.

વ્યૂહ ૫૯નું પરિણામ

આ વ્યૂહના પરિણામ પર દૃષ્ટિપાત કરતાં જણાશે કે, (૧) કોઈપણ હરીફનો ઉકેલ સીલબંધ ઉકેલ સાથે મળતો નથી. (૨) બે ભૂલમાં બે હરીફો પહેલું ઈનામ મેળવી જાય છે. (૩) એમાંથી એક હરીફે તો માત્ર એક જ પ્રવેશપત્ર ભર્યું છે. જન્મભૂમિ હરીફાઈ વ્યૂહોના પરિણામ પરથી એક વસ્તુ સિદ્ધ થાય છે કે:—

આ શબ્દવ્યૂહો લૉટરી નથી. પણ જ્ઞાન, ગમ્મત અને અર્થલાભની ત્રિવિધ પ્રાપ્તિનું બેમલ વાહન છે.



ગણેશજનની શિલ્પી : શ્રીધર મહાપત્ર



ટપાલની ટિકિટો પર વિવિધ પ્રકારનાં વાયુયાન

પહેલી હાર–ડાબી બાજુથી : (૧) ઈ. ૧૯૨૮માં પોતાને ત્યાં ભરાએલી આંતરરાષ્ટ્રીય વિમાની વાહન-વ્યવહાર પરિષદના સ્મરણમાં અમેરિકાએ કાઢેલી બે સેન્ટની ટિકિટ પર એરોપ્લેનનો આદિ વડવો–રાઇટ બ્રધર્સનું શોધેલું પહેલું એરોપ્લેન; (૨) જર્મનીએ પોતાના વિખ્યાત જંગી 'ગ્રાફ ઝેપલિન'ના ચિત્ર-વાળી કાઢેલી ૫૦ ફેનિંગની એરમેઇલ ટિકિટ; એમાં ટિકિટના મધ્યભાગે માત્ર એ ઝેપલિનની ગૉન્ડોલા (બેસવાની છાબડી) જ બતાવેલી છે; આખા ઝેપલિનનો ખ્યાલ ટિકિટની નીચલી આડી પટ્ટીમાં આપ્યો છે. (૩) 'હાઇટી'ની ૫૦ સેન્ટની ટિકિટ પર ચાલુ એરોપ્લેન. બીજી હાર–ડાબી બાજુથી : (૧) બેલ્જિયમની ૧।।। ફ્રાંકની ટિકિટ પર, ઊંચામાં ઊંચા અંતરીક્ષમાં ઊડી આવેલું પિકાર્ડનું વિખ્યાત બલૂન; (૨) બેલ્જિયમની ૫ ફ્રાંકની ટિકિટ પર એ દેશની રાજધાની બ્રસેલ્સ શહેર પર ઊડતું એરોપ્લેન; (૩) દક્ષિણ અમેરિકાના 'ચીલી' રાજ્યના પાર્વતીય પ્રદેશ પર ઊડતું જંગી એરોપ્લેન દર્શાવતી ત્યાંની ૫૦ સેન્ટની ટિકિટ; (૪) ૪૦ ફેનિંગની જર્મન ટિકિટ પર જર્મન મોનોપ્લેન; ત્રીજી હાર–(૧) ઇન્ડો ચાઈનાની ૩૬ સેન્ટની ટિકિટ પર એરોપ્લેન; (૨) ચેકોસ્લોવાકિયાની ટિકિટ પર એરોપ્લેન; (૩) પનામા કૅનાલ ઉપર ઊડતું એરોપ્લેન–એ પ્રદેશની ૨૦ સેન્ટની ટિકિટ પર. (શ્રી હરિલાલ બૅંકર-વઢવાણ કૅમ્પ-ના સંગ્રહમાંથી)





ફોટોગ્રાફી હરીફાઈનું પરિણામ

ઉપર : 'સૂર્યાસ્ત' મઝહર માસ્તર (પાલણપુર): પહેલું ઈનામ; નીચે : 'ઘર ભણી'–ચીમન મેવાડા (કલોલ): ત્રીજું ઈનામ. (વિ. અંદર પૃ. ૨૩૫)